સુવિચાર

મૈત્રીભાવ કેળવવા માટે સમય કાઢો, કેમ કે મિત્રતા એ સુખી થવા માટેનો રાજમાર્ગ છે...

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૦-૭-૨૦૨૪, બુધવાર
વર્ષઃ ૧૩, અંકઃ ૧૦૫

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા


Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


## રાજકોમાં બે ઈંચ વરસાદઃ સિઝનનો કુલ ૯ ઈંચ

(વાંચો છેલ્લા પાને)



ભારત – રશિયા વચ્ચેનો વેપાર ૬ વર્ષમાં ૧૦૦ બિલિયન ડોલરે પહોંચાડવાનો લક્ષ્યાંક



લોકોના કોલ અને મેસેજ ઉપર લગામ રાખી પાક.માં આઈએસઆઈ લોકશાહીનું ગળું ટુંપશે



મહિલામાંથી પુરુષ બનતી ભારતની પ્રથમ મહિલા અધિકારી



૭૬૦ જિલ્લામાં બાળકોની દત્તક પ્રક્રિયા ૩૦ ઓગસ્ટ સુધીમાં નિયમિત નહીં થાય તો કોર્ટના તિરસ્કારનો કેસ દાખલ થશે

# સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘરાજાએ કાચું સોનું વરસાવ્યુંઃ પાંચ ઈંચ સુધી વરસાદ

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૨ તાલુકામાં મેઘ મહેરઃ આઠ તાલુકામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ ખાબક્યોઃ સૌથી વધુ રાજકોટના લોધિકામાં સાડા પાંચ ઈંચ વરસાદ જ્યારે ગીર સોમનાથના વેરાવળમાં સાડા ચાર ઈંચ વરસાદ

**અબતક, રાજકોટ**

જુલાઈના પ્રારંભમાં જ સૌરાષ્ટ્ર-કચ્છમાં સારા વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં જાણે કાચું સોનુ વરસ્યુ હોય તેમ ખેડૂતોએ વાવણી પણ કરી દીધી છે.વાવણી લાયક વરસાદ થતા ખેડૂતો ખુશ થઇ ગયા છે. આગોતરું વાવેતર કરનારને ફાયદો થયો છે. તેમજ વાવણી બાકી છે તે ખેડૂતો હવે વાવેતર કરશે. સારા વરસાદના કારણે ખેડૂતો હવે વાવણી શરૂકરશે અને જે ખેડૂતે અગાઉ વાવણી કરેલી છે, તેના માટે હાલ આ વરસાદ આશીર્વાદ સમાન સાબિત થયો છે. ખાસ કરીને કઠોળ, કપાસ અને અમુક વિસ્તારોમાં મગફળીનું વાવેતર કરવામાં આવશે.



તસવીરઃ પ્રદીપ ઠાકર, અમરેલી

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં સારો વરસાદ પડ્યો છે. રાજ્યમાં મંગળવારે સવારે ૬ વાગ્યાથી આજે સવારના ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૬૨ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. રાજકોટના લોધિકામાં આઠ ઈંચ, ગીર સોમનાથના વેરાવળમાં ચાર ઈંચ, બનાસકાંઠાના ભાભરમાં ચાર ઈંચ, સાબરકાંઠાના પ્રાંતિજમાં સાડા ત્રણ ઈંચ, રાજકોટના ધોરાજીમાં સાડા ત્રણ ઈંચ, માતરમાં અઢી ઈંચ તેમજ જૂનાગઢના વંથલી, માણાવદર અને માળીયા હાટીનામાં ચાર ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અમરેલી જિલ્લામાં પણ સતત વરસાદ વરસી રહ્યો હતો. લાઠીમાં સાડા ત્રણ ઈંચ, બગસરામાં અઢી ઈંચ, કચ્છના નખત્રાણામાં અઢી ઈંચ,

(અનુ. આઠમા પાને)

**સિઝનનો કુલ વરસાદ**

| | |
|---|---|
| કચ્છ | ૩૭.૮૫% |
| ઉ.ગુજરાત | ૧૭.૭૫% |
| પૂર્વ ગુજરાત | ૧૬.૩૨% |
| સૌરાષ્ટ્ર | ૩૪.૯૪% |
| દ.ગુજરાત | ૨૭.૨૧% |
| કુલ | ૨૫.૩૦% |

**ક્યા કેટલો વરસાદ?**

| જિલ્લો | તાલુકા | વરસાદ |
|---|---|---|
| રાજકોટ | લોધિકા | ૧૩૦ મીમી |
| ગીર સોમનાથ | વેરાવળ | ૧૨૨ મીમી |
| જુનાગઢ | વંથલી | ૧૧૪ મીમી |
| જુનાગઢ | માણાવદર | ૧૧૦ મીમી |
| જુનાગઢ | મા.હાટીના | ૧૦૧ મીમી |
| ગીર સોમનાથ | તાલાલા | ૮૯ મીમી |
| જુનાગઢ | કેશોદ | ૮૭ મીમી |
| જુનાગઢ | મેંદરડા | ૮૭ મીમી |
| અમરેલી | લાઠી | ૮૭ મીમી |
| રાજકોટ | ધોરાજી | ૮૫ મીમી |

# લાખો આંતરિક ખાતાઓ ખોલી બેંકો જ બેંકને ધૂંબા મારી રહી છે

## બેંકો દ્વારા આંતરિક ખાતાઓ ખોલી તેનો દુરૂપયોગઃ આવા બિનજરૂરી ખાતાઓ બંધ કરવા રિઝર્વ બેંકની ચેતવણી

**અબતક, નવી દિલ્હી**

લાખો આંતરિક ખાતાઓ ખોલી બેંકો જ બેંકોને ધૂંબા મારી રહી છે. બેંકો દ્વારા આંતરિક ખાતાઓ ખોલી તેનો દૂરઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આવા બિનજરૂરી ખાતાઓ બંધ કરવા રિઝર્વ બેંકે ચેતવણી જાહેર કરી છે.

ભારતીય રિઝર્વ બેંકે કેટલીક બેંકોમાં 'આંતરિક' ખાતાના દુરુપયોગ અંગે ફરી ચિંતા વ્યક્ત કરી છે. આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જેએ જણાવ્યું હતું કે



આરબીઆઈની તપાસમાં જાણવા મળ્યું છે કે કેટલાક આંતરિક ખાતા, જેનો ઉપયોગ બેંક તેની કામગીરી માટે કરે છે, તેનો ઉપયોગ છેતરપિંડી અને લોનની ચુકવણીની અવધિ લંબાવવા માટે કરવામાં આવી રહ્યો છે. ભારતીય રિઝર્વ બેંકએ બેંકોને આંતરિક ખાતાના દુરુપયોગ સામે ચેતવણી આપી છે. રિઝર્વ બેંકને જાણવા મળ્યું છે કે કેટલીક બેંકો પાસે કોઈ યોગ્ય કારણ વગર ઘણા

(અનુ. આઠમા પાને)

### લોન મંજુર થયાથી નહિ ધિરાણ આપ્યાથી જ વ્યાજ વસુલવું પડશે

ભારતીય રિઝર્વ બેન્કએ લોન જ્યારે આપવામાં આવે તે તારીખથી જ લોન પર વ્યાજ વસૂલવાનો નિર્દેશ આપ્યો છે. જો કે અગાઉ લોન મંજુર થતી ત્યારથી વ્યાજ લાગવાનું શરૂ થઈ જતું હતું. આ નિયમથી બેન્કો અને નોન-બેંકિંગ ફાઈનાન્સિંગ કંપનીઓ જૂન ક્વાર્ટરમાં તેમના નફામાં ઘટાડો નોંધાવે તેવી શક્યતા છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે ધિરાણકર્તાઓ સામાન્ય રીતે ગ્રાહકને ચેક મેળવે તે પહેલાં જ વ્યાજ વસૂલ કરીને સેંકડો કરોડ રૂપિયા કમાય છે. જો કે, ૨૯ એપ્રિલના રોજ, બેંકિંગ રેગ્યુલેટરે તમામ ધિરાણકર્તાઓને તેના વાર્ષિક નિરીક્ષણમાં ધિરાણકર્તાઓ દ્વારા વ્યાજ વસૂલવામાં અન્યાયી પ્રથાઓના કિસ્સાઓ બહાર આવ્યા પછી ગ્રાહક પાસેથી ભંડોળના વાસ્તવિક વિતરણની તારીખથી વ્યાજ વસૂલવા નિર્દેશ આપ્યો હતો. ''અગાઉ, ધિરાણકર્તાઓને લોન કરાર પૂર્ણ કરવામાં લગભગ (અનુ. આઠમા પાને)

# માર્ગદર્શિકા વિરૂધ્ધ અડધો અડધ સરકારી તબીબો દવાઓ લખી રહ્યા છે

## સંશોધકોએ દેશભરના કરાયેલા ૪,૮૩૮ પ્રિસ્ક્રિપ્શનોનું વિશ્લેષણ કર્યું

**અબતક, નવીદિલ્હી**

ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે એઈમ્સ અને સફદરજંગ સહિતની ટોચની સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરો દ્વારા આપવામાં આવતી દર બે પ્રિસ્ક્રિપ્શનમાંથી એક પ્રમાણભૂત સારવાર માર્ગદર્શિકાથી વિચલિત થાય છે. જયારે મોટાભાગના પ્રિસ્ક્રીપસન'સ્વીકાર્ય છે કારણ કે તેઓ દર્દીના જીવન માટે કોઈ ખતરો નથી, અભ્યાસ દર્શાવે છે કે

(અનુ. આઠમા પાને)



### બાર્કોડ ન દર્શાવતી દવા કંપનીઓ ઉપર તંત્ર તૂટી પડશે

ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા એવી ફાર્મા કંપનીઓ સામે પગલાં લેશે જે ટોચની 300 દવાની બ્રાન્ડ્સ પર બારકોડ અથવા ક્યુંઆર કોડ લાગુ કરવામાં નિષ્ફળ રહી છે. ડ્રગ રેગ્યુલેટર દેશમાં નકલી અને ભેળસેળયુક્ત દવાઓના જોખમ સામે લડવા માટે એક સંયુક્ત ટાસ્ક ફોર્સની સ્થાપના કરવાનું પણ વિચારી રહ્યું છે. તાજેતરની એક મીટિંગમાં, ડ્રગ રેગ્યુલેટરે રાજ્યોને બારકોડના ''કડક અમલ'' માટે કહ્યું છે. નકલી દવાઓને દૂર કરવા માટે, રેગ્યુલેટરે કંપનીઓ માટે તેમના લેબલ પર બારકોડ રાખવાનું ફરજિયાત બનાવ્યું હતું જેથી જ્યારે સ્કેન કરવામાં આવે ત્યારે મેન્યુફેક્ચરિંગ લાઇસન્સ અને બેચ નંબર જેવી માહિતી મેળવી શકાય. દવાઓની ટોચની 300 બ્રાન્ડ્સમાં વ્યાપકપણે (અનુ. આઠમા પાને)

# લખનઉ-આગ્રા એક્સપ્રેસ વે પર ગોઝારો અકસ્માતઃ ૧૮ લોકોના મોત

## ટેન્કરે બસને ઠોકર મારતા 30 લોકો ઘાયલઃ ૧૭ ગંભીર હાલતમાં

**અબતક, નવીદિલ્હી**

લખનૌ આગ્રા એક્સપ્રેસ વે પર બુધવારની સવારે ભીષણ અકસ્માતમાં સ્લીપર બસમાં સવાર ૧૮ લોકોના મોત થઈ ગયા છે, જ્યારે 30 લોકો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત એ સમયે થયો જ્યારે સ્લીપર બસ મુસાફરોને લઈને દિલ્હી જઈ રહી હતી. અકસ્માત બાદ બંને ત્યાં એક્સપ્રેસ હાઈવે પર જ પલટી ગયા. બધાની સારવાર સામૂહિક આરોગ્ય કેન્દ્ર બાંગરમઉમાં ચાલી રહી છે. દર્દનાક અકસ્માત બાદ પોલીસ ટીમ રેસ્ક્યુ ઓપરેશ કરી રહી છે.

બિહારના મોતિહારી જિલ્લામાં પિપરા કોઠીથી મજૂરોને લઈને દિલ્હીના ભજનપુર માટે બસ મંગળવારે સાંજે ૫:૦૦ વાગ્યે મજૂરોને લઈને રવાના થઈ હતી. બુધવારની સવારે ૫ સ્લીપર બસ બહટા મુજાવર પોલીસ સ્ટેશન ક્ષેત્રમાં આગ્રા લખનૌ એક્સપ્રેસવે પર ૨૪૭ કિમી દૂર ગઢા ગામ નજીક પહોંચી તો પાછળથી આવી રહેલા ટેન્કરે ટક્કર મારી દીધી. ગોઝારા અકસ્માત બાદ બસ ભારે ક્ષતિગ્રસ્ત થઈને પલટી ગઈ. અકસ્માત બાદ હાહાકાર મચી ગયો. મુસાફરો કોઈક રીતે પોતાનો જીવ બચાવીને બહાર નીકળ્યા. (અનુ. આઠમા પાને)






# મિલકતો વેચાણ અને ડિવિડન્ડ આવક દ્વારા આગામી બજેટમાં રાજકોષીય ખાધ ઘટાડાશે

## મિલકતોના વેચાણથી, રોકાણો છુટા કરી અને ડિવિડન્ડથી રૂ.૧ લાખ કરોડના આવક કરવાનો અંદાજ બજેટમાં યથાવત રખાશે તેવી શકયતા

**અબતક, નવી દિલ્હી**

સરકાર મિલ્કતો વેચી અને ડિવિડન્ડ મેળવી ૨૦૨૪-૨૫ના બજેટમાં રાજકોશિય ખાધને અંકુશમાં રાખશેમ મિલકતોના વેચાણથી, રોકાણો છુટા કરી અને ડિવિડન્ડથી રૂ. ૧ લાખ કરોડના આવક કરવાનો અંદાજ બજેટમાં યથાવત રખાશે તેવી શકયતા સેવાઈ રહી છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણ ડિસઈન્વેસ્ટમેન્ટ, એસેટ મોનેટાઈઝેશન અને ડિવિડન્ડ દ્વારા રૂ. ૧ લાખ કરોડના લક્ષ્યાંકમાં ફેરફાર કરે તેવી અપેક્ષા નથી. આ વર્ષે ૧ ફેબ્રુઆરીએ રજૂ કરાયેલ વચગાળાના બજેટમાં



સરકારે બિન-નાણાકીય કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસોમાં ડિસઈન્વેસ્ટમેન્ટ, એસેટ મોનેટાઈઝેશન અને ડિવિડન્ડ માટે રૂ. ૧ લાખ કરોડનો લક્ષ્યાંક રાખ્યો હતો.

૧ ફેબ્રુઆરીના રોજ રજૂ કરાયેલા વચગાળાના બજેટમાં, સરકારના ડિસઈન્વેસ્ટમેન્ટ અને એસેટ મોનેટાઈઝેશનના લક્ષ્યાંકોને બદલે 'મિસેલેનિયસ કેપિટલ રિસિપ્ટ્સ' હેઠળ અલગથી રિપોર્ટ કરવામાં આવ્યા હતા. સામાન્ય રીતે આવું થતું નથી. આ નાણાકીય વર્ષ માટે એકંદર અંદાજ રૂ. ૫૦,૦૦૦ કરોડ હતો, જ્યારે નાણાકીય વર્ષ ૨૪ માટે સુધારેલ અંદાજ રૂ. ૩૦,૦૦૦ કરોડ હતો. આ સિવાય નોન-ફાઈનાન્શિયલ સીપીએસઇ પાસેથી ડિવિડન્ડ માટે રૂ. ૪૮,૦૦૦ કરોડનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. તેમાં એવી સરકારી કંપનીઓ

(અનુ. આઠમા પાને)

# વિશ્વના સૌથી ઊંચા પ્રાણી જિરાફની જીભ ૧૮ ઈંચ અને ડોક ૮ ફૂટ લાંબી !

**જિરાફને કુદરતી વાતાવરણમાં જોવા હોય તો કેન્યા, ઝામ્બિયા, ટાન્ઝાનિયા જેવા દેશોની મુલાકાત લેવી પડેઃ અરેબિક શબ્દ ઝરાફા પરથી જિરાફ નામ પડેલ જેનો અર્થ 'સૌથી ઝડપથી દોડનાર' પ્રાણી થાય છે**

## હિંસક પ્રાણીઓમાં માત્ર સિંહ જ તેનો શિકાર કરી શકે : તેના પાછલા પગની એક થપાટ શિકારીનું મોત લાવે છે : આફ્રિકાના સવાના ના જંગલોમાં જ જિરાફ સૌથી વધુ જોવા મળે છે


દુનિયામાં ચિત્ર-વિચિત્ર પ્રાણીઓ વચ્ચે જંગલમાં રહેતા શાકાહારી પ્રાણી જિરાફ હરહમેશ ચર્ચામાં રહે છે. તેની મુખ્ય વિશિષ્ટતામાં તેની લાંબી ડોક, લાંબા પગ, નાના શીંગ-કાન અને ટુંકી પૂછ સાથે શરીર પરનાં આકર્ષક ધબ્બા સાથે બે વચ્ચેની જગ્યામાં સફેદ લાઈન આકર્ષણ જમાવે છે. હાલ તેની વિશ્વમાં ચાર મુખ્ય પ્રજાતિઓમાં નોર્ધન જિરાફ, રેટિક્યુલેટેડ જિરાફ, સધર્ન જિરાફ અને મસાઈ જિરાફ જોવા મળે છે. માદા જિરાફ બચ્ચાને ઉભા ઉભા જ જન્મ આપે છે.

જિરાફ એ આફ્રિકાના જંગલોમાં રહેનારૂ પ્રાણી છે. તેની ઊંચાઇને કારણે વૃક્ષો ઉપરથી તે આસાનાથી ખોરાક ખાય શકે છે. જિરાફની વિવિધ પ્રજાતિઓ છે, પણ અત્યારે આઠ પ્રજાતિ વિશેષ રૂપથી જોવા મળે છે. વિવિધ શોધ સંશોધનથી ખબર પડી કે તેની સાત પ્રજાતિ લુપ્ત થઈ ગઈ છે. તે દક્ષિણ આફ્રિકા પૂર્વમાં નાઈઝીરીયાથી સોમાલીયા સુધી ફેલાયેલા જોવા મળે છે. તે ખાસ કરીને સવાના અને વુડલેડસના જંગલોમાં નિવાસ કરતાં જોવા મળે છે.

તેમનો મુખ્ય ખોરાક શાકાહારી હોય છે, જેમાં ઝાડના પાન, ફળ, નાનકડા છોડના ફુલ મુખ્યત્વે હોય છે. તેનો શિકાર સિંહ, વાંદરાઓ, ચટ્ટાપટ્ટાવાળા હાઈના અને જંગલી કૂતરાઓ કરે છે. માદા જિરાફ તેના સંતાનો સાથે કુંવારા જિરાફના ઝુંડ સાથે રહે છે. જે મોટા છે તે મોટાના જુથમાં જોવા મળે છે. બે નર વચ્ચે થતી લડાઇના અંતે વિજયી જિરાફનો માદા ઉપર હક બને છે.

તેના આગળ-પાછળના લાંબા પાતળા પગ લગભગ સરખી ઉંચાઈના હોય છે તે ખુબ જ ઝડપથી દોડી શકે છે. તેના પાછલા પગની તાકાત ખુબ જ હોવાથી શિકારીને તેનો ડર હંમેશા રહે છે. ઘણી વાર તેના પગની થપાટથી સિંહનું મૃત્યુ થયું હોય તેવું પણ જાણવા મળ્યું છે. તે લડાઈમાં તેની લાંબી ડોકનો સરસ ઉપયોગ કરે છે. તેના અજીબો ગરીબ દેખાવને કારણે તે ચિત્રો, પુસ્તકો, કાર્ટુનમાં વધુ જોવા મળી રહ્યા છે. છેલ્લી ગણતરી પ્રમાણે વિશ્વમાં એકાદ લાખની તેની સંખ્યા સાથે બે હજાર જેટલા પ્રાણી ઘરમાં જોવા મળે છે.

અત્યારનાં જિરાફને મુળરૂપમાં ૧૭૫૮ માં કાર્લ લિનિયસ દ્વારા એક પ્રજાતિ તરીકે વર્ગિકૃત કરવામાં આવેલ હતું , તેને આનું નામ સેવર્સ કૈમલોપાર્ડાલિસ આપ્યું હતું. બાદમાં મોર્ટન થ્રેન બ્રુનિચે વર્ગીકૃત કરીને ૧૭૭૨માં જિરાફ નામ આપવામાં આવ્યું હતું. માદા જિરાફ ઉભા ઉભા જ બચ્ચાને જન્મ આપે છે ત્યારે તે બચ્ચુ આઠ ફટ ઉપરથી જમીન ઉપર પડે છે અને થોડીવાર માં જ પોતે પોતાની રીતે ઉભુ થઇને ચાલવા માંડે છે. દુનિયામાં જિરાફ એક જ આટલે ઊંચેથી બાળ જિરાફને જન્મ આપે છે.



પૂર્ણ વિકસિત જિરાફ અંદાજે ૧૫ ફુટ ઊંચુ હોય છે જેમાં નર માદાથી વધારે લાંબો હોય છે. એક રેકોર્ડ મુજબ ૧૯.૩ ફટનું જિરાફ દુનિયામાં સૌથી ઊંચા પ્રાણી તરીકે આફ્રિકાના જંગલોમાં જોવા મળેલ હતું. તેનું અંદાજે વજન ૧૨૦૦ કિલો જોવા મળે છે તેની લાંબી ડોક હોવા છતાં તેનું શરીર અપેક્ષા કરતા નાનું હોય છે. માથાના બન્ને સાઈડ મોટી આંખ હોય છે જે તે ઉંચાઈથી બધુ જોવામાં સરળતા કરે છે. તે ઉપરથી ચારે બાજુ નજર કરી શકે છે ને શિકારીથી બચવા પણ કાર્યમાં લે છે તેની સાંભળવાની અને સુંઘવાની શકિત ખુબ જ તેજ હોય છે. નાના કિડી જેવા જીવાતોથી બચવા તે માંશપેશીઓને બંધ કરી શકે છે.

તેની જીભ ૧૮ ઇંચ લાંબી હોય છે. તે રીંગણી કલરની હોય છે. પાંદડામાં કાંટાથી બચવા ઉપરના હોઠ અને વાળમાં તે કવર થઇ જાય તેવી કુદરતી કરામત આ જાનવરમાં છે, જેથી જીભ અને મોઢું ઢંકાઈ જાય ને નુકશાન ન થાય. તેના શરીર ઉપર કાળા પેચ હોય છે. બચ્ચાને તેની માતાના પેર્ટન પ્રમાણે કેટલાક સ્પોટ વિરાસતમાં મળે છે.તેની ૩ ફુટથી મોટી પુછડી ઘાટા રંગના

**૧૭૫૮માં કાર્લ લિનિયસ દ્વારા એક પ્રજાતિ તરીકે પ્રથમવાર વર્ગીકૃત કરેલ અને ૧૭૭૨ માં તેને જિરાફ નામ આપવામાં આવ્યું : માદા જિરાફ ઉભા ઉભા જ બચ્ચાને જન્મ આપે છે**

ગુચ્છામાં ઢંકાયેલી હોય છે. જે તેને કીડોથી બચાવે છે. તે ૪ થી ૬ કલાક ઊંઘ લે છે. પાણી પીવા માટે આગળના પગ ફેલાવીને ગોઠણથી વાળીને નીચે નમે છે. તેને લાંબા પગ હોવાથી પાણીમાં તરવાની મુશ્કેલી પડે છે. તેની ડોક ૭ થી ૮ ફુટ લાંબી હોય છે.

તેની લાંબી ડોક તેને લડાઈમાં માદા સાથે પ્રેમાલાપમાં ઘણી જ કામ આવે છે. અન્ય પ્રાણીઓની તુલનામાં તેના શરીરનાં આકારને કારણે સંવનન કાળમાં તેને અનુરુપ તે પ્રક્રિયા કરે છે. શિકારી પણ તેના પગની સામે આવવાની હિંમત કયારેય કરતાં નથી, કારણ કે તેમાં ઘણી તાકાત ઝડપથી હોવાથી તેની થપાટ માત્રથી શિકારીનું મોત થઇ શકે એમ હોય તે ચિવટ રાખે છે. દુનિયાનાં સૌથી ઊંચા પ્રાણી જિરાફ સ્વભાવે શાંત હોય છે, પ્રાણી ઘરોમાં તેને જોવાની બાળકોને ખુબ જ મઝા પડે છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

---

# બીજાને છેતરવા માટે કરવામાં આવતો દેખાડો એટલે દંભ

## પોતાની જાતને છેતરવી, એ કોઈ પણ પ્રકારના પ્રપંચમાં સૌથી ખરાબ અને પહેલા નંબરનો પ્રપંચ છે

દંભ શબ્દનો અર્થ રોમન સામ્રાજયમાંથી ઉદ્ભવ્યો છે.જયારે કલાકારો નાટ્ય પ્રદર્શનમાં ભાગ લેતી વખતે વિવિધ પ્રકારના માસ્કનો ઉપયોગ કરતા હતા.આનાથી પાત્રની ભાવનાત્મક સ્થિતિ પ્રદર્શિત થતી.હંમેશા ઘટનાની નિંદા જ થવી જોઈએ નહીં.દરેક વ્યક્તિના જીવનમાં એક એવી પરિસ્થિતિ હતી,જેમાં તેણે વાર્તાલાપ કરનારથી સત્ય છૂપાવવું પડતું,જૂઠું બોલવું પડતું.અને કડવા સત્યને બદલે મીઠા જૂઠાણાંનો ઉપયોગ કરવો પડતો.

નાટ્ય પ્રદર્શનમાં કલાકારો માટે તો પાત્રને તાદ્રુશ કરવા માટે માસ્ક પહેરવું જરૂરી બનતું હતું,પરંતુ વર્તમાન સમયમાં લોકો પોતાના વર્તન વ્યવહાર અને વાસ્તવિકતાને છૂપાવવા માટે માસ્ક પહેર્યા વગર ચહેરા ઉપર કૃત્રિમ ભાવ લાવીને પ્રદર્શિત થતાં જોવા મળે છે !

જે ગુણ,સાધના,કલા કે કૌશલ્ય આપણામાં ન હોય તેવા દેખાડવા કરવા પડતા ડોળને દંભ કહેવામાં આવે છે.તેનાથી ઊલટું જે દોષ કે ખામી આપણામાં હોય તેને યોગ્ય જગ્યાએ ઢાંકી રાખવી તે કપટ કહેવાય છે.દંભ અને કપટ આમ જોવા જઈએ એકબીજાના પૂરક છે અને એકબીજાને મદદરૂપ થનાર છે.આ બંનેનો આશ્રય લઈને અજ્ઞાની અને ભોળા માણસોને પોતાની જાળમાં ફસાવીને શીશામાં ઉતારીને પોતાની મુરાદો પૂરી કરવી તે દંભ કે કપટ કરવાનો હેતુ હોય છે.કોઈને છેતરીને પોતાનો સ્વાર્થ સાધવો તે પાપ કહેવાય છે.નબળી મુરાદ વાળાએ દંભી કપટીની જાળમાં ફસાઈને છેતરાવું એ પાપ તો નથી પણ મૂર્ખતા તો જરૂર ગણાય.આપણે એવા મૂર્ખ ના બનીએ એ વાતની જાગૃતિ જરૂર રાખવી જોઈએ.

ભક્તિ કરવામાં પણ બીજા ભક્તો સાથે ઈર્ષા કરવી અથવા લોકોને દેખાડવા માટે દંભ કરવો તેમાં પણ પોતાની અંદરની નબળાઈ અને મલીનતા જ પ્રદર્શિત થાય છે.ભક્તિમાં દંભ કરનારાઓ પ્રત્યે પરમાત્મા રાજી થતા નથી.પરમાત્માનો રાજીપો અંતરના શુભ ઈરાદા વાળા લોકો ઉપર થાય છે.ક્રિયાના અતિરેકથી કે દેખાડાથી નહીં.ઈર્ષા કરીને કરવામાં આવતી ભકિતથી ભગવાન રાજી થતા નથી,કારણ કે આવા ભક્તિ કરનારા ભક્તનો છૂપો ઈરાદો શુદ્ધ હોતો નથી.લોકો મને સારો કહે અથવા લોકો આગળ હું શ્રેષ્ઠ દેખાઉ એવી લોકચાહના માટે કે પોતાની શક્તિથી પણ અતિરેક થઈને કરવામાં આવતી ભક્તિ કે સત્સંગથી ભગવાન રાજી થતા નથી.

વિવિધ ધર્મમાં દંભને વખોડવામાં આવ્યો છે.ખ્રિસ્તી ધર્મમાં દંભ એક પાપ છે.એક માનસિક બીમારી છે.જે કબુલાત દ્વારા મટાડવી જોઈએ.એટલે કે ભગવાન પાસેથી ઉપચાર મેળવવો જોઈએ. ઈસ્લામવાદીઓ ભારપૂર્વક જણાવે છે કે દંભી વ્યક્તિ ફક્ત પોતાને આસ્તિક બતાવે છે. વાસ્તવમાં તે એવી નથી.આ ધર્મમાં ભગવાનમાં અવિશ્વાસ કરતા પણ દંભને વધુ ખરાબ પાપ ગણવામાં આવે છે.યહૂદી ધર્મ પણ આવા વર્તન અને દંભની નિંદા કરે છે.દંભી લોકો પાસે વાણી અને હૃદય અલગ હોય છે,જ્યારે એક આસ્તિક વ્યક્તિના આત્મામાં અને તેના અવાજમાં સત્ય હોય છે.

**ચિંતનની પાંખે**



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

દંભનો ખ્યાલ સત્યને છૂપાવવા પર આધારિત છે.અર્થાત દંભી લોકો અન્ય માટે રમત રમે છે.તે દર્શાવે છે તેવું ખરેખર અનુભવતા નથી.તદ્દનુસાર પરિસ્થિતિ પ્રત્યેની તેમની ધારણા તેઓ જે બતાવવા માંગે છે તેનાથી અલગ હોય છે.જેનો અર્થ એ છે કે આવી વ્યક્તિનું વર્તન પણ તેના મૂલ્યો અને વલણની વિરુદ્ધ હોય છે.

જે પાણી ખારું હોય છે તે વધારે શીતળ હોય છે.જે વધુ પડતો વિવેક બતાવતો હોય છે તે દંભી હોય છે.જે વધુ પડતું મીઠું બોલતો હોય છે કે ધૂર્ત હોય છે.કોઈ બાબતમાં અતિરેક જોવા મળે કે અનુભવાય ત્યારે એની વિશ્વસનીયતા અંગે શંકા જાગે.એમાં કેટલી સચ્ચાઈ હશે તે સવાલ પણ થાય.જેમાં સહજતા નથી તે દંભ છે.જેવા હોય તેવા દેખાવું તે રીતે વ્યક્ત થવું એમાં પ્રમાણિકતા છે.પોતે ન હોય તેવા દેખાવા મથામણ કરવી તે દંભ છે.સહજતા પ્રાકૃતિક હોય છે.એના માટે કશા પ્રયત્ન કરવા પડતા નથી.એમાં નીતર્યાં નીર જેવી પારદર્શકતા હોય છે.સહજતા કુદરતી છે.એમાં મનુષ્યત્વનો રંગ અને સુગંધ હોય છે.સહજ ન દેખાવું તે અપાકૃતિક છે.કાગળના ફલ જેવું.કાગળના ફ્લોને બનાવટી રંગ હોય છે એને સુગંધ તો બિલકુલ હોતી જ નથી.એને વૃક્ષોનો પરિચય નથી હોતો.વૃક્ષો ફૂલોના જનક હોય છે,ને જે જનક છે તે ઈશ્વર છે.દંભને ઈશ્વર સાથે સંબંધ નથી.પ્લાસ્ટર ઉખડી ગયેલી દીવાલને રંગ રોગાન કરવાથી એની જીર્ણ હાલતને છૂપાવી શકાતી નથી.

સૌંદર્ય પ્રસાધનોથી ચેહરાની કુરૂપતા છાની રહેતી નથી.કેટલાક માણસો ગમે ત્યારે ગમે તેની સામે હાથ જોડી નમ્રતા દેખાડવાના દેખાવ કરતા હોય છે.હાથ જોડવા - ઝૂકી જવું એની સાથે પ્રેમ અને આદર્શ જોડાયેલા હોય છે.તે યંત્રવત હાથ જોડવામાં કે ઝૂકી જવામાં ક્યાંય દેખાતા નથી.કોઈકે કહ્યું છે, 'નમન નમન મેં ફેર હૈ,બહોત નમે દામન.' નમવાની - હાથ જોડવાની ક્રિયામાં સમર્પણ હોય.વારંવાર નમન કરતા માણસમાં આવા સમર્પણનો અભાવ દેખાઈ આવે છે.આ પ્રકારના દંભી માણસો દેવસ્થાનમાં પણ સાચા હૃદયથી ન જઈ શકે.ત્યાં પણ અહંકાર નડે છે.એ પોતાની જાતને છેતરે છે.પોતાની જાતને છેતરવી એટલે પોતાના આત્માને છેતરવો.આત્માને છેતરવો એટલે પરમાત્માને પણ છેતરવો.'આત્મા સો પરમાત્મા.' જે પોતાની જાતને છેતરે છે તે પોતાનામાં પણ શ્રદ્ધા ધરાવતો નથી.જેને પોતાનામાં શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી એને આત્મા સાથે - ઈશ્વર સાથે શું સંબંધ હોય ? એ સૌથી મોટો નાસ્તિક છે.બેઈલીનું એક અવતરણ છેઃ 'The First and the Worst of all frauds to cheat oneself.All sins are easy after that.' (પોતાની જાતને છેતરવી,એ કોઈ પણ પ્રકારના પ્રપંચમાં સૌથી ખરાબ અને પહેલા નંબરનો પ્રપંચ છે.)

હાથ જોડાય કે ન જોડાય,માથું ઝૂકે કે ના ઝૂકે તો પણ માણસ નમ્રતા પ્રગટ કરી શકે છે.સાચા હૃદયથી મૌન રહીને પણ આદર અને પ્રેમ પ્રગટ કરી શકે છે.ચોખ્ખું હૃદય માણસના ચહેરાનું બિંબ આત્માના સરોવરમાં ડહોળાઈ જવા દેતું નથી. હૃદયની નિર્મળતા સત્યની ધાર તીક્ષ્ણ બનાવે છે.માણસમાં દંભ પ્રગટાવવાની શક્યતાઓને ભૂંસી નાખે છે.માણસને સો ટચના શુદ્ધ સોના જેવો બનાવે છે અને સોનાને કદી કાટ લાગતો નથી.

દંભ જેવા વ્યક્તિત્વના લક્ષણને બાયપાસ કરવા માટે જીવનના નિયમો અને સિદ્ધાંતોની વિશ્વસનીય પ્રણાલીનું નિર્માણ કરવું જરૂરી છે.જે વર્તન મૂલ્યોના આધારે બાંધવામાં આવે છે,તો આવી વ્યક્તિ તેની વાણી અને ક્રિયાઓ પર વધુ નિયંત્રણ રાખશે. અસત્ય અને નબળાઈને ટાળશે. 'મૂર્ખ લોકોમાં એક ચોક્કસ સંપ્રદાય છે જેને દંભી કહેવામાં આવે છે,જેઓ સતત પોતાને અને બીજાઓને છેતરવાનું શીખે છે,પરંતુ વાસ્તવમાં તેઓ અન્ય કરતા પોતાની જાતને વધુ છેતરે છે.'

**- લીઓનાર્ડો દા વિન્સી**

---

# ઓખા-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ટ્રેનના માટે સમયપત્રક બદલાયો

અબતક, રાજકોટ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ચલાવવામાં આવતી ઓખા-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ ટ્રેનના અજમેરથી રેવાડી સુધીના સ્ટેશનો ના ટાઈમ ટેબલ માં તાત્કાલિક અસરથી ફેરફાર કરવામાં આવ્યો છે.

ઓખા-દિલ્હી સરાય રોહિલા સ્પેશિયલ અજમેર સ્ટેશને ૦૨.૧૦ કલાકે, કિશનગઢ ૦૨.૩૮ કલાકે, જયપુર ૦૪.૦૫ કલાકે, ગાંધીનગર જયપુર ૦૪.૨૬ કલાકે, દૌસા ૦૫.૦૫ કલાકે, બાંદીકુઈ ૦૫.૨૯ કલાકે, અલવર ૦૬.૧૫ કલાકે, ખૈરથલ ૦૬.૩૮ કલાકે અને રેવાડી ૦૮.૨૫ કલાકે પહોંચશે.

આ ટ્રેન ના અજમેર થી લઈને રેવાડી સુધીના સ્ટેશનો સિવાય અન્ય કોઈ સ્ટેશનના ટાઈમ ટેબલમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ટ્રેનોના સ્ટોપેજના સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail. gov.in ની મુલાકાત લઈ શકે છે.

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૦૭-૨૦૨૪ બુધવાર**

૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી(શુભ યાત્રા)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દળ-ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (સુજોગ થેરાપી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (સિધ્ધાતો ચાણક્ય)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ઈમ્યુનિટી સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ઘર ઘર ની વાત)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૭-૨૦૨૪ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

## અબતક પંચાગ

**તા.૧૧-૭-૨૦૨૪ ગુરૂવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | અષાઢ શુદ્ર પાંચમ સ્કંદ પંચમી |
| નક્ષત્ર | પૂર્વાફાલ્ગુની |
| યોગ | વરિયાન **કરણઃ** કૌલવ |
| સુર્યોદય | ૬.૧૧ **સુર્યાસ્તઃ** ૭.૩૪ |
| ચંદ્ર રાશી | સિંહ રાત્રે ૭.૫૧ થી કન્યા |
| રાશિ અક્ષર | મ.ટ/પ.ઠ.ણ |
| દિશાશૂળ | દક્ષિણ દિશાતરફ |
| રાહુકાળ | બપોરે ૧.૩૦ થી ૩ |
| દિવસનાચોઘડીયા | શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ |
| રાત્રીનાચોઘડીયા | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૫ થી ૧.૧૮ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | | | | ૧ | | ૨ |
| | ૭ | | | | ૪ | ૯ | | |
| | ૬ | ૧ | | ૨ | | ૮ | ૪ | |
| | ૯ | | ૫ | | | | | |
| | | | | ૪ | ૧ | | | ૬ |
| | ૫ | | | | ૭ | ૪ | | ૧ |
| ૨ | | | ૬ | | | | | |
| | | | | ૫ | ૨ | | | |
| | | | ૧ | ૭ | ૯ | | | |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૭ | ૬ | ૫ | ૨ | ૮ | ૩ | ૪ |
| ૬ | ૨ | ૩ | ૮ | ૪ | ૭ | ૫ | ૯ | ૧ |
| ૮ | ૫ | ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૨ |
| ૪ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૧ | ૨ | ૬ |
| ૭ | ૬ | ૨ | ૯ | ૧ | ૮ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૩ | ૫ | ૪ | ૨ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૩ | ૬ | ૫ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૮ | ૩ | ૯ | ૧ | ૭ |
| ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૧ | ૨ | ૪ | ૮ |

## આજનું રાશિફળ

**તા.૧૦.૭.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦ અષાઢ સુદ ચોથ, મઘા નક્ષત્ર, વ્યતિપાત યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** વિચારોનું આદાન પ્રદાન કરી શકો, મનોમંથન કરી શકો, કાર્ય માટે નવી યોજના બનાવી શકો.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, ધાર્યા કામ પર પડી શકો, નાના યાત્રા પ્રવાસ કરી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ધીમે ધીમે પરિસ્થતિ તરફેણમાં આવે, મિત્રોની મદદ મળી રહે, વિચારોમાં પરિવર્તન જોવા મળે.

**કર્ક (ડ,હ) :** સંયુક્ત સાહસો માં સારું રહે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, શુભ દિન.

**સિંહ (મ,ટ) :** તમને વારંવાર દુઃખ હશે, અમુક સંબંધોમાં યોગ્ય પ્રતિભાવ ના મળે, નકારાત્મક વિચારો દૂર કરી આગળ વધશો તો લાભ થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો ને આગળ સારું રહે, વિદેશ બાબત વિચારી શકો,મધ્યમ દિવસ.

**તુલા (ર,ત) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ,પ્રગતિ થાય, નવી વસ્તુ વસાવી શકો , લાભ દાયકદિવસ.

**વૃશ્ચિક (ન,ય) :** ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ થી કાર્ય સિદ્ધ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક કૌટુંબિક કાર્ય કરી શકો,તમારા વિચારોની સરાહના થાય,દિવસ શુભ રહે.

**મકર (ખ,જ) :** તમારી જાતને સમજવાની તક મળે,એકાંત થી લાભ થાય,મનોમંથન કરવું જરૂરી બને.

**કુંભ (ગ,સ,શ) :** વાણી વર્તનમાં વિશેષ કાળજી રાખવી પડે, કોઈને તમારાથી દુઃખના થાય તે કાળજી રાખજો, દિવસ મધ્યમ રહે.

**મીન (દ,ચ,ઝ,થ) :** મિત્રો સાથે હળવાશની પળો વિતાવી શકો, અણધાર્યા લાભ થઈ શકે, ખુશીનો માહોલ રહે, આનંદદાયક દિવસ.

# સ્માર્ટ સિટીના નગરજનો ટ્રાફિકજામના ચક્રવ્યુહમાં ફસાયા



તસવીરઃ શૈલેષ વાડોલિયા

## અનરાધાર હેત વરસાવ્યા બાદ મેઘરાજાએ વિરામ લેતા શહેરમાં ઠેર-ઠેર ટ્રાફિકજામના દ્રશ્ય સર્જાયા

રાજકોટનો વિસ્તાર અને વસ્તી રાજાની કુંવરીની માફક દિન પ્રતિદિન સતત વધી રહ્યા છે.સ્માર્ટ સિટી બનવા તરફ જેટ ગતિએ આગળ વધી રહેલું રાજકોટ મ્યુનસિપલ કોર્પોરેશન વાસ્તવમાં શહેરીજનોને સ્માર્ટ સુવિધા આપવામાં સદંતર નિષ્ફળ રહ્યું છે.ગઈકાલે શહેરમાં વરસેલા અનરાધાર બે ઈંચ જેટલા વરસાદ બાદ મેઘરાજાએ વિરામ લેતાની સાથે જ સ્માર્ટ સિટીના નગરજનો ટ્રાફિકના ચક્રવ્યુહમાં ફસાય ગયા હતા. કોર્પોરેશનના અણઘડ આયોજનના કારણે ન તો વરસાદી પાણીનો નિકાલ વ્યવસ્થિત થતો હતો કે ન તો ટ્રાફિક જામમાં ફસાયેલા વાહન ચાલકો સરળતાથી પોતાનું વાહન લઈ નીકળી શકતા હતા.શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ, કાલાવડ રોડ યુનિવર્સિટી રોડ અને રેસકોર્સ રીંગ રોડ સહિતના રાજમાર્ગો પર ચીક્કાર ટ્રાફિક જામ થયું હતું.વરસાદના કારણે ટ્રાફિક બ્રિગેડના જવાનું પણ હાજર ન હોવાના કારણે ટ્રાફિક વ્યવસ્થા રીતસર પડી ભાંગી હતી. ટ્રાફિક જામનો એવો તે ચક્રવ્યુહ રચાયો હતો કે લોકોને આ ચક્રવ્યુહને વીંધીને પોતાના ઘરે કે મંજિલ પહોંચતા મોઢે ફીણ આવી ગયા હતા.

## રાજકોટ એરપોર્ટથી જ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સમાં સવાર થઈ વિદેશ જવાનું સૌરાષ્ટ્રવાસીઓનું સપનું ચકનાચૂર

# હીરાસર ~~ઈન્ટરનેશનલ~~ ડોમેસ્ટિક એરપોર્ટ

### વિદેશની ફ્લાઈટ શરૂ થવામાં હજુ વર્ષો લાગી જશે



## રાજકોટ એરપોર્ટ પર ઈમીગ્રેશન સહીતની કોઈ વ્યવસ્થા ઉભી કરાઈ નથી, એકપણ એરલાઈન્સે ઈન્ટરનેશનલ ઓપરેશન શરૂ કરવાની તૈયારી પણ નથી દાખવી, ઈન્ટરનેશનલ ફ્લાઈટ માટે અલગ ટર્મિનલ બનાવવાનું કામ પણ હજુ બાકી

### હજુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવાની પર્યાપ્ત સુવિધાઓ પણ નથી

#### ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટેના નવા ટર્મિનલમાં સમય લાગી શકે

અત્યારે રાજકોટના આ એરપોર્ટ પર એક ટેમ્પરરી ટર્મિનલ પણ ઊભું કરાયું છે. જોકે આ માત્ર કાર્ગો મૂવમેન્ટની જ દેખરેખ રાખે છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની મીટિંગમાં જાણવા મળ્યું કે હવે અત્યારે જે બિલ્ડિંગ છે એમાં ઈન્ટરનેશનલ ઓપરેશન્સ મેનેજ કરવા ઘણા મુશ્કેલ બની જશે. કારણ કે આ બિલ્ડિંગમાં કસ્ટમ્સ, ઈમિગ્રેશન, એરલાઈન ઓફિસ, પેસેન્જર ફેસેલિટીઝ સહિતનું ધ્યાન રાખવું પડે એમ છે. અત્યારે અહીં એટલી સુવિધાઓ નથી કે આ તમામ ફેક્ટર્સ ક્લિક થઈ જાય અને એક ઝાટકે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સનું સંચાલન શરૂ થઈ જાય. જેથી કરીને આ ન્યૂ બિલ્ડિંગ માત્ર અત્યારે ડોમેસ્ટિક ફ્લાઈટ્સનું જ સંચાલન કરશે.

### ઈન્ટરનેશનલ ફ્લાઈટ માટે નવા ટર્મિનલના બાંધકામ માટેનું પ્રપોઝલ હજુ પ્લાનિંગ સ્ટેજમાં



એરપોર્ટ ડિરેક્ટર ડિગંત બોરાહ જણાવે છે કે અત્યારે અમે અહીં ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે નવા ટર્મિનલના બાંધકામ માટેનું પ્રપોઝલ રજૂ કર્યું છે, જે હજુ પ્લાનિંગ સ્ટેજમાં છે. સૂત્રોએ તો એવું પણ જણાવ્યું છે કે હજુ રાજકોટના નવા એરપોર્ટ પરથી એકપણ એરલાઈન તેની ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ ચાલુ કરવા માટે તૈયારી પણ નથી દાખવી રહી. તેમને હજુ સુધી એવી કોઈ સાઈન પણ નથી આપી કે અમે અહીંથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ ચાલુ કરીશું. જોકે તેમ છતા સિવિલ એવિએશન મિનિસ્ટ્રે આગ્રહ કર્યો કે અહીંથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને પણ હેન્ડલ કરો તો પછી બેકઅપમાં જે ટેમ્પરરી બિલ્ડિંગ છે ત્યાંથી આનું સંચાલન કરી શકાશે.

**અબતક, રાજકોટ**

જેને આપણે હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ કહીએ છીએ, વાસ્તવમાં તે ડોમેસ્ટિક એરપોર્ટ જ છે. અહીં એકેય ઈન્ટરનેશનલ ફ્લાઈટ હજુ ૨થી ૩ વર્ષમાં ઉડાન ભરે તેવી શક્યતાઓ દેખાઈ રહી નથી. વધુમાં હજુ એકેય એરલાઈન્સે ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ કરવાની તૈયારી પણ દર્શાવી નથી. ફ્લાઈટ્સનું સંચાલન કરવામાં આવશે એવી વિગતો સામે આવી રહી છે. બીજી બાજુ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ પણ આને લઈને મિટિંગ્સ શરૂ કરી દીધી છે અને ભવિષ્યમાં એક નવા જ ટર્મિનલના નિર્માણ કરીને ત્યાં બધી સુવિધા એડઓન કરીને પછી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ શરૂ કરાય એવો પ્લાન રજૂ આવ્યું છે, જેમાં ટર્મિનલ ૨૩ હજાર ચોરસ મીટરનો વિસ્તાર આવરી લે છે. આ સમયે હવે સૌરાષ્ટ્રના લોકોનું રાજકોટ એરપોર્ટથી જ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સમાં સવાર થઈ વિદેશ જવાનું સપનું ટેક ઓફ થતા પહેલા જ તૂટી ગયું છે. અહેવાલ પ્રમાણે હિરાસર ખાતે આવેલા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અત્યારે હજુ માત્ર ડોમેસ્ટિક ફ્લાઈટ્સનું જ સંચાલન કરાશે. અહીં ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ હજુ સુધી ઊડાન નહીં ભરી શકે. જોકે આ મોટા નિર્ણય પાછળના કેટલાક સંભવિત કારણો પણ સામે આવ્યા છે.

રાજકોટના આ નવા એરપોર્ટમાં હજુ એક ટર્મિનલનું બાંધકામ ચાલી રહ્યું છે. જેના કારણે સંપૂર્ણપણે જ્યાં સુધી તે પૂરુ નહીં થાય ત્યાં સુધી ઈન્ટરનેશનલ ફલાઈટ્સ રાજકોટથી ટેકઓફ નહીં થઈ શકે એ નિર્ણય લેવાયો છે. આ મુદ્દે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જણાવ્યું કે નવું ટર્મિનલ જે બની રહ્યું છે તે માત્ર ઈન્ટરનેશનલ ઓપરેશન્સ માટે જ જો હેન્ડલિંગ કરવા રખાય તો ઘણું સારુ રહેશે. આની બાજુમાં જે બીજુ ટર્મિનલ બની રહ્યું છે તેનું બાંધકામ ૧૫ ઓગસ્ટ સુધીમાં પૂરૂ થવાની ધારણા કરાઈ રહી છે. જે માત્ર ડોમેસ્ટિક ફ્લાઈટ્સનું જ હેન્ડલિંગ કરશે.

પહેલા એવું પ્લાનિંગ કરાયું હતું કે આ નવું ટર્મિનલ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક એમ બંને ફ્લાઈટ્સનું સંચાલન કરશે. બાદમાં નિર્ણય લેવાયો છે કે હવે આને બે ભાગમાં વિભાજિત કરીને એકમાં ઈન્ટરનેશનલ તો બીજામાં ડોમેસ્ટિક એમ જો હેન્ડલિંગ કરાય તો વધારે યોગ્ય રીતે કામકાજ ચાલી શકશે. આનાથી પેસેન્જર મૂવમેન્ટ પણ કાબુમાં રહેશે અને વધારે પડતું કંજસ્ટેડ પણ નહીં થાય.



કરાયો

રાજકોટના હિરાસર ખાતે આવેલા નવા એરપોર્ટ પરથી હજુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ ઊડાન નહીં ભરે. એટલું જ નહીં સૂત્રોએ વધુમાં ઉમેર્યું કે હજુ સુધી રાજકોટ એરપોર્ટ પરથી એકપણ એરલાઈન્સે ઈન્ટરનેશનલ ઓપરેશન શરૂ કરવાની તૈયારી પણ નથી દાખવી. આ કારણોસર હજુ સુધી અહીંથી માત્ર ડોમેસ્ટિક છે.

સૌરાષ્ટ્રના સૌથી લોકપ્રિય શહેરમાંથી એક રાજકોટમાં નવું ઈન્ટરનેશનલ એરપોર્ટ હિરાસર ખાતે બની ગયું છે. જેનું ઈનોગ્રેશન પણ વર્ષ ૨૦૨૩ના જુલાઈ મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. રાજકોટના આ નવા એરપોર્ટને ૧૦૪૫ હેક્ટર જમીન પર વિકસાવવામાં

### સરકારની જાહેરાત પ્રમાણે એરપોર્ટનું કામ પુરૂ કરવામાં પણ વિલંબ થયો હતો

ડિસેમ્બર ૨૦૧૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી હતી તેનાથી બે મહિના અગાઉ ઓક્ટોબર ૨૦૧૭માં નરેન્દ્ર મોદી દ્વારા હીરાસર એરપોર્ટનું શીલારોપણ કરવામાં આવ્યું. તે સમયે એવી વાતો કરવામાં આવી હતી કે પાંચ વર્ષની અંદર એટલે કે ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં એરપોર્ટ સંપૂર્ણપણે ઓપરેશનલ થઈ જશે. પરંતુ એવું થયું ન હતું. એરપોર્ટને જુલાઈ ૨૦૨૩માં ખુલ્લું મુકવામાં આવ્યું હતું. હજુ પણ લોકો એવો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે શહેરની દૂર લઈ જઈને જો ડોમેસ્ટિક જ એરપોર્ટ બનાવવું હતું તો જુના એરપોર્ટમાં શુ વાંધો હતો?

# રાજુ એન્જિનિયરિંગ દ્વારા હાઈ પરફોર્મન્સ બ્રોન્ડ ફિલ્મ લાઈન સીરીઝ પ્રો-એક્સનું કરાયું લોન્ચિંગ





## ‘રાજુ એન્જિનિયરિંગ’ આયોજિત દૃષ્ટિકોણ વિચાર ગોસ્ટીમાં રિલાયન્સ, બાલાજી વેફર, સીંકર ગ્રુપ, હાઈટેક ઈન્ક લિમિટેડ સહિતના ટોચના ઉદ્યોગપતિ-સીઈઓ જોડાયા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં દાયકાઓથી એન્જિનિયરિંગ ક્ષેત્રે એક આગવી ઓળખ ઊભી કરી મશીનરી ઉત્પાદનમાં રાજકોટનું નામ દુનિયાભરમાં રોશન કરનાર રાજુ એન્જિનિયરિંગ હંમેશા સમય સાથે પરિવર્તન રહી એડવાન્સ ટેકનોલોજી નો ઉપયોગ કરીને એન્જિનિયરિંગ મશીનરી ક્ષેત્રે નિત નવું આપવામાં અગ્રેસર છે.

તાજેતરમાં જ રાજુ એન્જિનિયરિંગ એ હાઈ પર્ફોર્મન્સ બ્રોન ફિલ્મ લાઈન પ્રિન્ટિંગ મશીનરીની પ્રો એક્સ સીરીઝ નું લોન્ચિંગ અને બે દિવસ ઈવેન્ટમાં અલગ અલગ ક્ષેત્ર ના નિષ્ણાતો ની વિચાર ગોષ્ઠી આયોજન કરાયું હતું

રાજુ એન્જિનિયરિંગ દ્વારા તારીખ ૪ અને ૫ જુલાઈના બે દિવસથી કાર્યક્રમના પ્રથમ દિવસે ચોથી તારીખે હોટલ લીજેન્સી લગન માં કલ્ચરલ કાર્યક્રમ નું આયોજન કર્યું હતું જેમાં ગીત સંગીત ના માહોલમાં પ્રોસેસર ઈનોવેટર અને ફ્લેક્સિબલ પેકેજીંગ ઉદ્યોગના માધાતાઓ મહેમાન બન્યા હતા આ કાર્યક્રમમાં ‘‘દ્રષ્ટિકોણ‘‘ શીર્ષક હેઠળ ફ્લેક્સિબલ પેકેજીંગ ઉદ્યોગ ના માર્કેટિંગ અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો.

રાજુ એન્જિનિયરિંગ લિમિટેડ ના એક્ઝિક્યુટ ડાયરેક્ટર પ્રેસિડેન્ટ સુનિલભાઈ જૈન ની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ના સીઓઓ ઉમેશભાઈ નાયક, બાલાજી વેફરસ ના ચેરમેન ચંદ્રકાંતભાઈ વિરાણી,રાજુ એન્જિનિયરિંગ લિમિટેડના ચેરમેન રાજેશભાઈ દોશી, બાલાજી મલ્ટિપ્લેક્સ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર પ્રણવભાઈ ભાલારા, . સિંકોએસઆરએલ ગ્રુપના પ્રેસિડેન્ટ સીઈઓ ગ્રેબિયલ કેશીયા હાઇટેક પ્રાઈવેટ લિમિટેડના બીપીનભાઇ ચૌધરી સહિતના નિષ્ણાતો એ સાંપ્રત સમયમાં ફ્લેક્સિબલ પેકેજીંગ ઉધોગની સ્થિતી અને ભવિષ્યના આયોજનો પર ચર્ચા કરી હતી

(અનુ. આઠમા પાને)

# ભગવાન મહાવીર સ્વામીના સિધ્ધાંતો પર આધારિત ભારતનું પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રઃ આચાર્ય લોકેશજી



ઉતરાખંડમાં ભગવાન મહાવીરના ૨૫૫૦માં નિર્વાણ વર્ષ અને અહિંસા વિશ્વ ભારતી સંસ્થાના સ્થાપના દિને યોજાયો કાર્યક્રમ


**અબતક, રાજકોટ**

ભગવાન મહાવીરના નિર્વાણના ૨૫૫૦માં વર્ષ અને ‘અહિંસા વિશ્વ ભારતી’ સંસ્થાના સ્થાપના દિવસ નિમિત્તે ઉત્તરાખંડ રાજભવન ખાતે ’ભારતીય સંસ્કૃતિ અને મહાવીર ફિલસૂફીમાં વૈશ્વિક સમસ્યાઓનું નિરાકરણ’ આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. જેમાં ઉત્તરાખંડના ગવર્નર લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહજી, જૈન આચાર્ય લોકેશજી, અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક પૂજ્ય આચાર્ય બાલ કૃષ્ણજી, પતંજલિ યોગપીઠના સહ-સ્થાપક, બૌદ્ધ સાંસ્કૃતિક ફાઉન્ડેશનના અધ્યક્ષ દીપાંકર સુમેધજી, યુએસ પ્રમુખ અજય ભુતોરિયાજી, અમેરિકામાં ભારતીય સમુદાયના નેતા રશ્મિકાંત કામદારજી, વીર ચક્ર વિજેતા કર્નલ ટી.પી. સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી.

રાજયપાલ ગુરમીત સિંહજીએ સમગ્ર જૈન સમુદાય અને ‘અહિંસા વિશ્વ ભારતી’ના કાર્યકરોને અભિનંદન આપતાં કહ્યું કે, ભગવાન મહાવીરના ઉપદેશો પહેલાનાં સમયમાં ઉપયોગી હતા તેના કરતાં વર્તમાન સમયમાં વધુ પ્રાસંગિક છે. અહિંસા, એકતા અને અહંકારની તેમની

(અનુ. આઠમા પાને)

# રાજકોટ જૈન સંઘોના આગેવાનોએ કલકતા ચાતુર્માસ પ્રવેશમાં હાજરી આપી






**અબતક, રાજકોટ**

કમાણી જૈન ભવન કલકતા ખાતે પૂ. ધીરગુરુદેવની નેત્રાનંદકારી નિશ્રામાં ભવનના ઉદઘાટન અને ચાતુર્માસ પ્રવેશોત્સવ પ્રસંગે સર્વ હરેશ વોરા, દિનેશ દોશી, કમલેશ મોદી, સતીશ બાટવીયા, તારક વોરા, જગદીશ કોઠારી (શ્રમજીવી), સુભાષ રવાણી, દિપક પટેલ, મહેશ મહેતા, મયુર શાહ, કપીલ દેસાઇ, મીત પટેલ, મુકેશ દોશી, પલ્લવી દોશી વગેરેએ હાજર રહીને શાસનની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. કુ. સ્તુતિ નિલેશ અવલાણી કુ. હિયા માલાણીએ ઈગ્લીશમાં ઉપાશ્રયની મહત્તા સમજાવી હતી.

# જીવનરૂપી રથ સરળતાથી ચલાવવા માટે સત્સંગ જરૂરીઃ મહંત સ્વામી





## ભક્તોને ભક્તિરસમાં તરબોળ કરી ૨૫ દિવસના રોકાણ બાદ પ.પૂ.મહંતસ્વામી મહારાજએ લીધી વિદાય

**અબતક, રાજકોટ**

બી.એ.પી.એસ. સંસ્થાના વર્તમાન ગુરુ પ.પૂ.મહંતસ્વામી મહારાજ છેલ્લા ૨૬ દિવસથી રાજકોટ શહેરનાભક્તોને આધ્યાત્મિક ભક્તિરસમાં તરબોળ કરીને આજે સવારે ૧૦:૩૦ વાગ્યે રાજકોટથી વિદાય થયા હતા. રાજકોટ મંદિરના તમામ સંતો અને પુરુષ મહિલા કાર્યકરો તેમજ ભક્તોએ તેઓને ભાવભીની વિદાય આપી હતી. રાજકોટથી હવે તેઓનું વિચરણ આવનાર ૭ દિવસ એટલે કે તા.૧૮ જુલાઈ, ગુરુવાર સુધી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાન ભાદરા ખાતે રહેશે. ત્યારબાદ તેઓ બોચાસણ મુકામે બિરાજી સંતો ભક્તોને દર્શન અને આશીર્વચનનો લાભ આપશે. ગુરુપૂર્ણિમાનો પવિત્ર ઉત્સવ પણ તેઓની ઉપસ્થિતિમાં બોચાસણ મુકામે યોજાશે.

રાજકોટ શહેરમાં ૨૬ દિવસના રોકાણ દરમિયાન પ.પૂ.મહંતસ્વામી મહારાજે સંતો અને ભક્તોને આશીર્વચન દ્વારા સત્સંગનું અમુલ્ય ભાથુ બાંધી આપ્યું હતું. તેઓના રાજકોટ રોકાણ દરમિયાન આશીર્વચન સાથે જણાવ્યું હતું કે કોઈ કાર્યમાં પ્રયત્નો કર્યા પછી પણ નિષ્ફળતા મળે તો ભગવાન પર વિશ્વાસ, મહિમા અને શ્રધ્ધા રાખવા અને પ્રયત્નો ચાલુ રાખવા. ભગવાન પર છોડી દેવું. ભગવાન જે કરે છે તે બરાબર કરે છે. સ્વભાવ સહેલાઈથી ટળે નહિ તેના માટે મહેનત કરવી પડે, તેનો ઉપાય એ છે કે જે કાર્ય કરીએ છીએ તેમાં શ્રધ્ધા રાખીને મંડી પડવુંઅને ભગવાનમાં વિશ્વાસ રાખવો. સત્સંગમાં બધાએ સાથે હળી મળીને રહેવું. કોઈ સાથે વેર ઝેર રાખવું નહીં. પોતાના અવગુણની સામે જોવું કે મારે ક્યાં ક્યાં ભૂલો થાય છે. કોઈના અભાવ અવગુણ ન લઈએ તો અંતરમાં આનંદના ફુવારા છૂટ્યા કરે. સત્સંગ મળ્યો છે તો સમજણ રાખવી જેથી બધા પ્રશ્નો હલ થઈ જાય. કોઈ અપમાન કરે

(અનુ. આઠમા પાને)

# ગાંધીજીની કલ્પનાનું ગ્રામ રાજ્ય સાકાર કરવા વિકાસલક્ષી યોજનાઓ બનશે આશિર્વાદરૂપ

## ગામડાઓના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવા બદલ સરકારનો આભાર માનતા ભાજપ અગ્રણીઓ



**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ રાજ્યના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનો રાજકોટ જિલ્લાના વિવિધ ગામોમાં વિકાસ કાર્યો માટે માતબર રકમની ગ્રાન્ટની ફાળવણી કરવા બદલ જાહેર આભાર વ્યક્ત કરતા જણાવેલ હતું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા સર્વ સમાવેશક અને સર્વવ્યાપી વિકાસ થયો

(અનુ. આઠમા પાને)

## જી.ટી.યુ.ના એસોસીએટ ડીન

# ડો.તેજલ ગાંધી ફેલોશીપ એવોર્ડ મેળવનાર ગુજરાતનાં પ્રથમ મહિલા બન્યાં

## જી.ટી.યુ.ના કુલપતિ ડો.રાજુલ ગજ્જર સહિતના મહાનુભાવોએ અભિનંદન પાઠવ્યાં



**અબતક, રાજકોટ**

ગુજરાત ટેકનોલોજીકલયુનિવર્સિટી સંલગ્ન અને શ્રી રામકૃષ્ણ સેવા મંડળ,આણંદ દ્વારા સંચાલિત આણંદ ફાર્મસી કોલેજના પ્રિન્સીપાલ ડો.તેજલ આર.ગાંધીને હૈદ્રાબાદમાં આયોજિત ૭૩મી ફાર્માસ્યુટિકલ કોંગ્રેસમાં પ્રતિષ્ઠિત આઈ.પી.એ.(IPA) ફેલોશિપ એવોર્ડ-૨૦૨૪ એનાયત કરવામાં આવ્યો છે.આ ઐતિહાસિક સિદ્ધિ ફાર્માસ્યુટિકલ સાયન્સક્ષેત્રમાં તેઓનાં નોંધપાત્ર યોગદાનને પ્રકાશિત કરે છે એટલું જ નહીં પરંતુ એ એકસીમાચિહ્નરૂપ પણ છે કારણકે વર્ષ ૧૯૯૪થી અપાતો આએવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ અને એકમાત્ર ગુજરાતી મહિલા છે. ડો.તેજલ ગાંધીની કારકિર્દી ૩૧વર્ષથી પણ વધુ લાંબી છે.આ લાંબી કારકિર્દી દરમિયાન ડો.ગાંધીએ એકેડેમી,ફાર્માસ્યુટિકલ સંશોધન અને વહીવટી નેતૃત્વમાંઅભૂતપૂર્વ યોગદાન આપ્યું છે.તેઓના બહોળા અનુભવ અને સમર્પણના પરિણામે તેઓએ ૩૩ પ્રતિષ્ઠિત પુરસ્કારો મેળવ્યા છે.જે ફાર્માસ્યુટિકલ સંશોધન અનેશિક્ષણમાં તેમનાં વૈવિધ્યપૂર્ણ યોગદાનની સાક્ષી પુરે છે. ઉત્તમ માર્ગદર્શક તરીકે ડો.ગાંધીએફાર્માસ્યુટિકલ વિજ્ઞાનના ૧૫૦ અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને ૧૨ ડોક્ટરલ ફેલોને માર્ગદર્શન આપ્યું છે. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીયસ્તરે માન્યતાપ્રાપ્ત જર્નલમાં તેઓનાં ૧૯૦થી વધુસંશોધનપત્રો પ્રકાશિત થયેલા છે.જે તેઓની વ્યાપકતા, સંશોધન કુશળતા તથા ફાર્માસ્યુટિકલ જ્ઞાનની પ્રતિબદ્ધતા પ્રકાશિત કરેછે. ડો.તેજલ ગાંધી તેમની વિદ્વતાપૂર્ણસિદ્ધિઓ માટે જ નહીં પણ એક શિક્ષક અને વકતા તરીકેના તેમના યોગદાન માટે પણપ્રખ્યાત

(અનુ. આઠમા પાને)

# શક્તિ એગ્રી એક્સપોર્ટના વેપારી પાસે ૨૧ હજાર કિલો ચણાની ખરીદી કરી રૂ.૯.૭૧ લાખની છેતરપિંડી

## મહેસાણાના બ્રોકર હસ્તક સિધ્ધપુર અને કરજણની પેઢી માટે રૂ.૧૨.૭૧ લાખના ૨૧ હજાર કિલો ચણાનો જથ્થો મોકલ્યો'તો : ફક્ત રૂ.૩ લાખનું પેમેન્ટ કરી ફોન સ્વીચ ઓફ કરી દીધો

**અબતક, રાજકોટ**

જસદણમાં શક્તિ એગ્રી એક્સપોર્ટના નામે ધંધો કરતાં વેપારી સાથે એક બ્રોકર અને બે અલગ અલગ પેઢીએ રૂ.૧૨.૭૧ લાખના ૨૧ હજાર કિલો ચણાનો જથ્થો ખરીદી બાદમાં ફક્ત રૂ.૩ લાખ પરત કરી ગઠિયાઓએ રૂ.૯.૭૧ લાખની છેતરપિંડી આચરતાં ફરીયાદ નોંધાઈ હતી. બનાવ અંગે જસદણ પોલીસે છેતરપિંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે જસદણમાં ગંગાભુવન ખોડિયારનગરની બાજુમાં રહેતાં નરેશભાઈ ગોરધનભાઈ પોલરા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જયેશ તિરૂપતિ બ્રોકર મહેસાણા, શ્રી મારૂતિ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ સિધ્ધપુર અને નીલકંઠ એન્ટરપ્રાઈઝ કરજણનું નામ આપતાં જસદણ પોલીસે છેતરપિંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જસદણ આટકોટ રોડ પર જસદણ ધ્રુવ કોટનની બાજુમાં શક્તિ એગ્રી એક્સપોર્ટ એલ.એલ.પી.નામે ધંધો કરે છે. જેમાં અનાજ કઠોળની જણશી ખેડુતો/યાર્ડમાથી ખરીદી કરી માલ કલીનીંગ કરી શોર્ટેક્ષ કરી વેચાણ કરવામાં આવે છે. ગઈ તા.૨૫/03/૨૦૨૪ ના તેમની સાથે કામ કરતા રવિભાઈ છાયાણી ખાનપર રોડ ખાતે ઓફીસે હોય ત્યારે તેઓને તીરૂપતી બ્રોકર મહેસાણા વાળા જયેશભાઈનો ફોન આવેલ અને ચણાની ખરીદી બાબતે વાત કરેલ હતી અને રવિએ અમારી પાસે રહેલ ચણાનો વિડીયો મોકલતા રૂ.૬૧ ના કિ.ગ્રા. લેખે વેચાણની વાત થયેલ અને તેઓએ પોતે દલાલ હોવાનું જણાવેલ અને આ માલ શ્રી મારૂતી એગ્રો ઈન્ડ. સીધ્ધપુરને આપવાનો છે તેવી વાત કરેલ હતી.

તેઓએ ૧૦૦ કી.ગ્રા. એ ૧૦ રૂ. કમીશનની વાત થયેલ હતી જેથી તેઓએ આ મારૂતી એગ્રો ઈન્ડસ્ટ્રીઝનો ૧૦,૦૨૦ કિલોનો પર્ચસ ઓર્ડર મોકલેલ હતો. માલ મળી જાય બાદ બીજા દિવસે તેનું પેમેન્ટ કરવાનું નક્કી થયું હતું. જેથી ટ્રકમાં તા. ૨૫/03/૨૦૨૪ ના ચણા ભરી રવાના કરેલ જે ચણા લેનાર પાર્ટી વાળાને તા.૨૬/03/૨૦૨૪ ના રોજ ચણાનો માલ મળેલ હતો. જેનું પેમેન્ટ રૂ.૬.૧૧ લાખ થતુ હતુ. તે બીજા દીવસે આપવાનું હતું. બાદમાં બાકી નીકળતી રકમ પૈકી રૂ.૩ લાખ તા.૨૭/03/૨૦૨૪ ના આપેલ હતા. બાદ બાકી નીકળતુ પેમેન્ટ સમયસર ના આવતા અવારનવાર સંપર્ક કરતા તેઓ આપી દેશુ તેવો જવાબ આપતા હતા. બાદમાં ફોન ઉપાડવાનું બંધ કરી દીધેલ હતુ.

તેમજ તા. ૨૭/03/૨૦૨૪ ના દલાલનો ફોન આવેલ અને ચણાની ખરીદી બાબતે વાત કરેલ હતી અને આ માલ શ્રી નીલકંઠ એન્ટરપ્રાઈઝ કરજણ ને આપવાનો છે તેવી વાત કરેલ અને રૂ.૬૧ ના કિ .ગ્રા. લેખે વેચાણની વાત થયેલ હતી. તેઓએ નીલકંઠ એન્ટરપ્રાઈઝ કરજણનો ૧૦ હજાર કિલો ચણાનો પર્ચેજ ઓર્ડર મોકલેલ હતો. તેનું પેમેન્ટ માલ મળી જાય એટલે બીજા દીવસે મોકલવાનું હતુ.બાદમાં તેઓએ ટલીફોનીક એક ટન વધારે ચણા મોકલવા કહેતા તા. ૨૭/03/૨૦૨૪ ના ટ્રકમાં ચણા ૧૦૯૮૦ કિ.ગ્રા રવાના કરેલ હતા. ચણા લેનાર પાર્ટીને તા.૨૮/03/૨૦૨૪ ના માલ મળેલ અને જેનું પેમેન્ટ રૂ.૬.૬૯ લાખ થતુ હતુ તે પેમેન્ટ સમયસર ના આવતા અવારનવાર સંપર્ક કરતા રૂ.૧૦ હજાર તા. ૨૯/૦૫/૨૦૨૪ ના આપેલ હતા.ત્યારબાદ અવારનવાર બાકી રકમ બાબતે સંપર્ક કરતા તેઓ આપી દેશુ તેવો જવાબ આપતા બાદમાં ફોન ઉપાડવાનું બંધ કરી દીધેલ હતુ. ત્યારબાદ તેઓના બીજા મોબાઈલ નંબર પર સંપર્ક કરેલ હતો પરંતુ બાકી નીકળતી રકમ રૂ.૬,૫૯,૭૮૦ આપેલ નથી. બન્ને પાર્ટી તથા દલાલનો અવારનવાર સંપર્ક કરતા પૈસા નહી આપતા બન્ને પાર્ટીને બે વખત લીગલ નોટીસ મોકલેલ હતી. તેમ છતા પૈસા ન મોકલતાં કુલ રૂ. ૯.૭૧ લાખની છેતરપિંડી થયાની ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# રામવન પાસે મેલડીમાંના મંદિરે વૃદ્ધે ફાંસો ખાઈ જીવન ટુકાવ્યું

## જાગૃત નાગરિકે પોલીસને જાણ કરી,આપઘાતનું કારણ જાણવા પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

શહેરના હુડકો ચોકડી નજીક રણુજાનગર શેરી નંબર ૩ માં રહેતા વૃદ્ધે અકળ કારણોસર રામવન પાસે મેલડીમાંના મંદિર નજીક છાપરાવાળી બેસવાની જગ્યાએ લોખંડની આડસ સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પોલીસે બનાવ અંગેનું કારણ જાણવા વધુ તપાસ હાથધરી છે.શહેરના હુડકો ચોકડી નજીક રણુજાનગર શેરી નંબર ૩માં રહેતા મધુભાઈ સુખાભાઈ વેદાણીયા નામના ૬૨ વર્ષીય વૃદ્ધે અગમ્ય કારણોસર રામવન પાસે મેલડીમાંના મંદિરની નજીક છાપરાવાળી બેઠકની જગ્યાએ લોખંડની આડસ સાથે હુકમાં દોરડું બાંધીને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા મોત નિપજ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મધુભાઈ વેદાણીયાએ ક્યાં કારણોસર પગલું ભર્યું તે અંગે પરિવારને જાણ ન હોવાથી બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.મધુભાઈ વેદાણીયાએ રામવન પાસે આવેલા મેલડીમાંના મંદિર નજીક છાપરાવાળી જગ્યાએ ફાંસો ખાઈ લેતા ત્યાંથી પસાર થતા કોઈ જાગૃત નાગરિકને જાણ થતાં તેણે ૧૦૮ ને જાણ કરી,૧૦૮ એમ્બ્યુલન્સના તબીબે વૃદ્ધને જોઈ તપાસી મૃત જાહેર કરતા આજીડેમ પોલીસના પી.એસ.આઈ.એચ.જે. સોલંકી અને હેડ કોન્સ્ટેબલ ધરજીયા સહિતના સ્ટાફે સ્થળે પહોંચી જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે.મૃતક વૃદ્ધને સંતાનમાં બે પુત્રો અને એક પુત્રી છે.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.


# પાંચ માસ પૂર્વે પ્રભુતામાં પગલાં પાડનાર નવોઢાનો આપઘાત

## ગૃહ કંકાશથી કંટાળીને પરિણીતાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરના દૂધસાગર રોડ નજીક રિદ્ધિ સિદ્ધિ હાઉસિંગ બોર્ડ શેરી નંબર ૧૫ માં રહેતી પરણીતાએ ગૃહ કંકાસથી કંટાળીને જ્યારે મોરબી રોડ, સેટેલાઈટ ચોક નજીક રહેતી નવોઢાએ અકળ કારણોસર ગળાફાંસો ખાઇ લેતા પોલીસે બનાવ અંગે કારણ જાણવા વધુ તપાસ હાથધરી છે.

રાજકોટ શહેરના દૂધસાગર રોડ રિદ્ધિ સિદ્ધિ હાઉસિંગ બોર્ડ,શેરી નંબર ૧૫માં રહેતા ફરજાનબેન રિઝવાન ભાઈ કાદરી નામના ૩૫ વર્ષીય પરણીતાએ ગત રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પોતે પોતાના ઘરે હતા ત્યારે દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લેતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા,જ્યાં સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજતાં પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ફરજાનબેન બીમાર હોય,જેથી થોડા સમયથી જંગલેશ્વરમાં માવતરના ઘરે ગયા હોય,પરંતુ પતિ ગત રવિવારના રોજ તેને તેના માવતરના ઘરેથી તેડી આવતા, બંને દંપતી વચ્ચે તે મુદ્દે ચડભળ થતાં પતિના વેણનું માઠું લાગતા પરિણીતાએ પગલું ભર્યું હતું.બનાવ અંગે



હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસની જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કરી ધોરણસરની તપાસ હાથ ધરી છે.વધુમાં પ્રાપ્ત વિગત અનુસાર ફરજાનબેનના ૧૪ વર્ષ પૂર્વે રિઝવાનભાઈ કાદરી સાથે લગ્ન થયા હતા.દંપતીને સંતાનમાં એક પુત્ર છે.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

આપઘાતના અન્ય બનાવવામાં પ્રાપ્ત વિગત મુજબ શહેરના મોરબી રોડ, સેટેલાઈટ ચોક, આસ્થા વેંટીલા સોસાયટીમાં રહેતા ચાંદનીબેન જયદીપભાઈ વાજા નામના ૨૫ વર્ષીય પરણીતાએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ લેતા તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં,જ્યાં સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે. ચાંદનીબેને ક્યાં કારણોસર પગલું ભર્યું તે અંગે પરિવારને જાણ ન હોવાથી પોલીસે બનાવની વધુ તપાસ હાથધરી છે.પરિણીતાના લગ્ન પાંચ માસ પૂર્વે ખાનગી કંપનીમાં નોકરી કરતાં જયદીપ વાજા સાથે થયા હતા.મૃતક ત્રણ બહેનો બે ભાઈમાં મોટાં છે.બનાવથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# ચેક પરત ફરવાના કેસમાં બેંગ્લોરના વેપારીને દોઢ વર્ષની જેલ

## રૂ. ૬.૬૬ લાખનું વળતર બે માસમાં ન ચૂક્યો તો હતું છ માસની કેદની સજા

**અબતક ,રાજકોટ**

શહેર ના સામાકાંઠા વિસ્તારમાં ચાંદીના વ્યવસાય કરતા વેપારી પાસેથી ખરીદ કરેલા ચાંદીના ઘરેણા ની રકમ ચૂકવવા આપેલા રૂપિયા ૬.૬૬ લાખની ચેક રિટર્નનો કેસ ચાલી જતાં અદાલતે બેંગલોર ના વેપારીને દોઢ વર્ષની સજા અને ૬.૬૬ લાખ નું વળતર બે માસમાં ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કુવાડવા રોડ પર રહેતા અને શ્રી હરી સિલ્વર નામે ચાંદીના ઘરેણા બનાવવાનો વ્યવસાય કરતા જીજ્ઞેશ પરષોત્તમભાઈ ભોગાયતા નામના વેપારી પાસેથી બેંગલોર સ્થિત રિદ્ધિ સિદ્ધિ સિલ્વરના વ્યવસાય કરતા મનીષ ગાંધી નામના વેપારીએ ચાંદીના ઘરેણાંની ખરીદી કરી હતી. જે રકમ ચૂકવવા આપેલો રૂપિયા ૬.૬૬ લાખનો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા જે અંગે કાયદાકીય જોગવાઈ પ્રમાણે નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફોજદારી ફરિયાદ કરવામાં આવી હતી. જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદીના એડવોકેટ સુરેશ ફળદુ ધ્વારા એવી રજુઆતો કરવામા આવેલ કે ફરીયાદીના માલ પેટેના કાયદેસરના લેણા અન્વયે ચેક ઈશ્યુ કરી આપેલ છે, પુરાવો રેકર્ડ પર લાવવામાં આરોપી પક્ષ નિષ્ફળ નિવડેલ છે. બચાવ પુરવાર કરવા જાતે કે સાહેદો મારફત કે દસ્તાવેજી પુરાવાથી હકીકતો સાબિત કરી ફરીયાદીના પુરાવાનું ખંડન કરી શકેલ નથી, ફરીયાદપક્ષે જયારે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ હોય, વિગેરે લંબાણ પુર્વકની દલીલો કરવામાં આવી અને રેકર્ડ પરના રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને સમગ્રપણે ધ્યાને લેતા ફરીયાદ પક્ષની હકીકતોને સોગંદ પરના પુરાવાથી દસ્તાવેજી પુરાવાને સંપૂર્ણપણે સમર્થન મળે છે, આરોપીઓએ ફરીયાદીનુ માલ પેટેનુ કાયદેસરનુ લેણુ પરત કરવા ચેક ઈશ્યુ કરી આપેલ ની હકીકત ને સમર્થન મળે છે. ફરીયાદ પક્ષે રજુ કરેલ દસ્તાવેજો સબંધે કોઈ તકરાર લેવામા આવેલી નથી ફરીયાદીનો કેસ પુરવાર માની આરોપીને દોઢ વર્ષની સજા અને ચેકની રકમ બે માસમા ફરીયાદીને ચુકવવા અને તેમા કસુર ઠરે તો વધુ છ માસની સજા નો હુકમ કર્યો છે. ફરીયાદી જીજ્ઞેશ ભોગાયતા વતી રાજકોટ ના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી,કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, જય પીઠવા તથા મદદમા યુવરાજ વેકરીયા,નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, અભય સભાયા તથા જસ્મીન દુધાગરા રોકાયેલ હતા.

# પરિણીતાનો અકળ કારણસર આપઘાત

## આંબેડકરનગરના યુવાને નશાની હાલતમાં એસિડ પીધું

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના મોટી લાખાવાડ ગામની પરિણીતાએ અકળ કારણોસર વાડીમાં ઝેર પી આપઘાત કરી લેતા વીંછિયા પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે.જ્યારે શહેરના ગોંડલ રોડ,એસટી વર્કશોપ નજીક આંબેડકર નગરમાં રહેતા યુવાને નશાની હાલતમાં ભૂલથી એસિડ પી લેતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર,જસદણ તાલુકાના મોટી લાખાવાડ ગામે રહેતા તેજલબેન બળવંતભાઈ વાલાણી નામના ૨૮ વર્ષીય પરિણીતાએ પોતે પોતાની વાડીએ હતા ત્યારે, ઝેરી દવા પી લેતા તેને પ્રાથમિક સારવાર માટે નજીકના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં,જ્યાં ચાલુ સારવારમાં મોત નીપજતાં પરિવારમાં ઘેરો શોક છવાયો છે. બનાવ અંગે વિછીયા પોલીસને જાણ થતાં પીએસઆઈ જીજ્ઞેશભાઈ સરવૈયા સહિતનો સ્ટાફ સ્થળે પહોંચી જરૂરી કાગળો કરી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.પરિણીતાના આપઘાત કરવાના કારણ અંગે પરિવારને જાણ ન હોવાથી પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે.બનાવથી પરિવારમાં શોક છવાયો છે.જ્યારે અન્ય બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર શહેરના ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર શેરી નંબર ૧૫માં રહેતા દિલીપભાઈ કેશુભાઈ પરમાર નામના ૨૩ વર્ષીય યુવકે ગત રાત્રીના અગિયારેક વાગ્યાના અરસામાં નશાની હાલતમાં એસિડ પી લેતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.યુવક કશું કામ કરતો નહોતો અને તે બે ભાઈમાં નાનો છે.યુવકને નશો કરવાની ટેવ હોવાથી ભૂલમાં એસિડ પી લીધું હોવાનું પોલીસ તપાસમાં જણાવ્યું છે.

# વાહન અકસ્માતના ૧૩ બનાવમાં રૂ.૭૦ લાખનું વળતર મંજુર

## ૧ વર્ષના ગાળાના કેસોમાં મેગા લોક અદાલતમાં સમાધાન

**અબતક, રાજકોટ**

રાજકોટ ઉપરાંત ભાવનગર, અમરેલી, સુરેનૂદ્રનગર, લીંબડી, જૂનાગઢ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, કોડીનાર જેવા જિલ્લામાં બનેલા જુદા - જુદા ૧૩ વાહન અકસ્માતના માત્ર એક વર્ષ સુધીના ટૂંકા ગાળાના કેસોમાં મેગા લોક અદાલતમાં સમાધાન સધાતા કુલ રૂપિયા ૭૦ લાખના વળતરના હુકમો થયા હતા.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટ અને અન્ય જિલ્લાની ટ્રિબ્યુનલ તરફથી લોક અદાલતમાં વાહન અકસ્માતમાં ઈજા પામનારાઓને જરૂરી વળતર મળે અને સરળતાથી કેસોનો નિકાલ થાય તે હેતુથી લોક અદાલતમાં કેસો મુકવામા આવતા હોય છે જે કેસો પૈકી રાજકોટના એડવોકેટ કરણ ડી. કારીયા (ગઢવી) અને અર્જુન ડી. કારીયા (ગઢવી) દ્વારા લોક અદાલતમાં માત્ર ને માત્ર એક વર્ષના ટુંકા ગાળાના જુદા - જુદા ૧૩ કેસો સમાધાનથી પુર્ણ કરી ઈજા પામનારાઓને કુલ રૂ. ૭૦ લાખનું વળતર મંજુર કરાવ્યું હતું. જે તમામ રકમ સામાવાળા વીમા કંપની તરફથી અરજદારોને ચુકવવામાં આવશે. આ કેસોમાં ઈજા પામનારના વકીલ તરીકે વકીલ કરણ ડી, કારીયા (ગઢવી) અને અર્જુન ડી. કારીયા (ગઢવી) રોકાયા હતા.

# અકસ્માતમાં કારખાનેદારનું મૃત્યુ નિપજતા પરિવારને ૯૫ લાખનું વળતર ચુકવવા હુકમ

## ભુજ નજીક ટ્રકે કારને ઠોકરે લેતા ચાલકનું મૃત્યુ નિપજતાં કલેઈમ કેસ કર્યો તો

**અબતક, રાજકોટ**

ભુજના સામતરા ગામ પાસે હાઈવે ઉપર ટ્રકે સેન્ટ્રો કારને હડફેટે લેતા કારચાલક રાજકોટના કારખાનેદારનું મૃત્યુ અંગેના છ વર્ષ પહેલાના ક્લેઈમ કેસમાં રાજકોટ એકસીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલે મૃતકના વારસદારોને રૂપિયા ૯૫ લાખ વળતર ચૂકવવા ટ્રકની વીમા કંપનીને હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ ગઈ તારીખ ૯/ ૧૧/ ૨૦૧૮ના રોજ ભુજના સામતરા ગામ પાસે હાઈવે ઉપર સહયોગ હોટલ પાસે નં. જીજે ૧૨ એઝેડ ૮૪ ૩૩ નંબરના પુરઝડપે દોડતા ટ્રકે જીજે ૦૩ ઈમેલ ૧૯૦૩ નંબરની સેન્ટ્રો કારને રહેતા સર્જાયેલા અકસ્માતમાં કારચાલક રાજકોટના કારખાનેદાર પ્રવીણ નાથાભાઈ વેકરીયાનું મૃત્યુ થયું હતું. જેમાં ગુજરનાર પ્રવીણ નાથાભાઈ વેકરીયાના વારસોએ રાજકોટ એકસીડન્ટ કલેઈમ ટ્રિબ્યુનલ સમક્ષ પોતાના વકીલ મારફત અકસ્માતનું વળતર મેળવવા અરજી કરી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા ટ્રકની વીમા કું. દ્વારા દલીલો કરવામાં આવેલ કે વાહનો સામ-સામે ભટકાણા હોય કારના ચાલકની પણ સરખા હિસ્સે બેદરકારી ગણાય. ગુજરનારે પોતાની આવક પુરવાર કરેલ નથી, જેથી વળતર ચુકવવાની જવાબદારી નથી તે મતલબની દલીલો કરવામાં આવી હતી. પરંતુ ગુજરનારના વારસદારોના વકીલ દ્વારા કરવામાં આવેલ ધારદાર દલીલો તથા અરજદારના પક્ષમાં રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ તથા દલીલો ધ્યાને લઈ કોર્ટે સંપુર્ણ બનાવમાં ૧૦૦% બેદરકારી ટ્રકના ચાલકની ગણી અને અકસ્માત વળતર તરીકે વ્યાજ સહીત રકમ રૂા. ૯૫ લાખના વળતરની રકમ ચુકવી આપવા કલેઈમ ટ્રિબ્યુનલના જજ વી.કે ભટ્ટની કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યું છે.આ કેસમાં અરજદારો તરફે સિનિયર એડવોકેટ રાજેશ આર. મહેતા, જયેશભાઈ બોધરા, રૂદ્ર એ. ભટ્ટ રોકાયા હતા.

# ચેક બાઉન્સમાં એસ.આર.પી. જવાનને ૧૮ માસની સજા

## મિત્રતાના દાવે આપેલ રકમ ૨૧ લાખ ચુકવવા આપેલો ચેક રિટર્ન થયો તો

**અબતક, રાજકોટ**

મીત્રતાના નાતે કટકે કટકે લીધેલા રૂા.૨૧ લાખની ચુકવણી પેટે આપેલો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે એસ.આર.પી. જવાનને દોઢ વર્ષની સજા અને રૂા.૨૧ લાખ ફરીયાદીને વળતર પેટે ચુકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ ફરીયાદી જાહિદભાઈ જાહગીર મનસુરીએ મીત્રતાના નાતે એસ.આર.પી. જવાન નરેન્દ્રસીંહ ક્રીપાલસીંહ ચૌહાણે અનેક વખત નાણાની જરૂરીયાત ઉભી થતા હાથઉછીના નાણા લીધા હતા. જે કુલ રૂ.૨૧ લાખ ફરીયાદી જાહિદભાઈ મનસુરીએ પરત માંગતા આરોપી એસ.આર.પી. જવાન નરેન્દ્રસીંહ ચૌહાણે નાણાં પરત નહી આપતા ફરીયાદીએ પ્રનગર પોલીસ મથકમાં અરજી કરી હતી. જેથી એસ.આર.પી. જવાન નરેન્દ્રસીંહ ચૌહાણે તે રકમની ચુકવણી પેટે રૂ.૨૧ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક પરત ફરતા ફરીયાદીએ આરોપીને કાયદાની જોગવાઈ મુજબ વકીલ મારફત પાઠવેલી નોટીસ બજી જવા છતા રકમની ચુકવણી નહિ કરતા ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલી જતા બંને પક્ષોનાં વકિલોની દલીલોના આધારે રાજકોટનાં મહે. એડી. ચીફ જયુડી. મેજી. બી. કે. દસોંદીએ આરોપી નરેન્દ્રસીંહ ક્રીપાલીંહ ચૌહાણને એક વર્ષ અને છ માસની સજા અને રૂ.૨૧ લાખ ફરીયાદીને વળતર પેટે ચુકવવા હુકમ કર્યો છે. આ કેસમાં ફરીયાદી વતી શેઠ એસોસીએટસના એડવોકેટ ધર્મેશ નાનાલાલ શેઠ, હિત ધર્મેશ શેઠ અને અંકુર ધર્મેશ શેઠ રોકાયા હતા.

**Change of name**

I Darshan Pareshkumar Shah, S/o, Pareshkumar Nandlal Shah, R/o, Near Ram Mandir, Hawai Chowk, Jamnagar, Gujarat. Have Change my name is Darshan Pareshkuamr Shah to Darshan Pareshkumar Shah.

**-:: જાહેર નોટીસ કમ ચેતવણી ::-**

હું આથી નીચે સહી કરનાર ભરાડ કૌશિકભાઈ જયંતિલાલ, રહે. ''માતૃ આશિષ'', નારાયણનગર-૪, સદભાવના સ્કુલ પાછળ, રાજકોટ આથી જાહેર નોટીસ કમ ચેતવણીથી જણાવીએ છીએ કે, મારો પુત્ર કુલદિપ કૌશિકભાઈ ભરાડ, ઉ.વ.આ.૨૫ એ અમોની મરજી વિરૂધ્ધ અન્ય જ્ઞાતિની સ્ત્રી સાથે પ્રેમલગ્ન કરેલ છે અને હાલમાં તે અમારાથી અલગ રહે છે અને અમોને પુત્ર અમોના કહ્યામાં નથી. જેથી અમોના પુત્ર સાથે અમોને તથા અમારા પરિવારજનોને કાંઈ લેવા દેવા નથી તેમજ અમોના પુત્ર સાથે કોઈપણ વ્યક્તિએ કે પેઢીએ કે સંસ્થા કે સગા-વ્હાલાઓએ અમોના નામે કોઈપણ જાતની લેતી-દેતી તેમજ કોઈપણ પ્રકારે વ્યવહાર કરવો નહી, આમ છતાં અમોના પુત્ર સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરવામાં આવે તો તે અંગે અમો તથા અમોના પરિવારની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી તેમજ આજ પછીથી અમોના પુત્રને કાંઈપણ થશે તો તેની કોઈપણ જાતની જવાબદારી અમોની તથા અમોના પરીવારની રહેશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ
તા.૧૦-૦૭-૨૦૨૪

ભરાડ કૌશિકભાઈ જયંતિલાલ

**જાહેર નોટિસ**

**પરચૂરણ અરજી નં.૩૧૫/૨૦૨૪**
**શ્રીઅજયભાઈ મનસુખભાઈ મકવાણા**
**રહે. અક્ષરદીપ સે હાઉસ, ગોપાલ નગર સામે, વેડ રોડ, સુરત તા.જિ.સુરત ..........અરજદાર**
**વિરૂધ્ધ**
**સબ રજીસ્ટ્રારશ્રી**
**જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, વિંછીયા તા.વિંછીયા ..........સામાવાળા**
**વિષયઃ- મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પિતા મનસુખભાઈ છગનભાઈ મકવાણાનું મરણ વિંછીયા તાલુકાના વિંછીયા મુકામે તા.૦૪-૦૪-૨૦૦૧ના મૃત્યુ થતાં તેના મરણની નોંધ જે-તે સમયે સામાવાળાના મરણ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૮/૦૭/૨૦૨૪ના રોજ બપોરના ૩:૦૦ વાગ્યે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહુ કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૮/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો

ગ્રિષ્મા બી. રાઠવા
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
જસદણ

## ॥ દુઃખદ અવસાન / બેસણું ॥



**સ્વ. મનહરલાલ નંદલાલ દવે**

રાજકોટ : સૌકા નિવાસી હાલ રાજકોટ મનહરલાલ નંદલાલ દવે (ફૂલછાબ) (ઉ.વ.૮૩), તે સ્વ.નરેન્દ્રભાઈ દવે, મુકેશભાઈ દવેના ભાઈ, ચેતન દવે (અબતક, જયહિન્દ), હિમાંશુ દવે (અબતક, કાઠીયાવાડ પોસ્ટ)ના પિતાશ્રી તથા રિદ્ધી તપનકુમાર ઠાકર, વંદન, અંશુલના દાદાનું તા.૮ના અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૧ને ગુરૂવારના સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન દિપક કોમ્યુનિટી હોલ, રૈયા રોડ, કનૈયા ચોક પાસે, દિપક સોસાયટી રાજકોટ ખાતે રાખેલ છે.

લી.

ચેતન મનહરલાલ દવે (મો.નં.૯૪૨૮૬૦૬૦૪૨)
હિમાંશુ મનહરલાલ દવે (મો.નં.૯૩૨૭૭૮૦૭૦૦)
વંદન ચેતનભાઈ દવે
અંશુલ હિમાંશુભાઈ દવે

## તંત્રી લેખ

# મેળાવડાઓ ઉપર નિયંત્રણ સાથે ચોક્કસ ગાઈડલાઈનની જરૂર

ઉત્તર પ્રદેશના હાથરસ મોટો અકસ્માત થયો હતો. ભોલે બાબાના સત્સંગ દરમિયાન ભાગદોડ મચી ગઈ હતી. આ નાસભાગ દરમિયાન મહિલાઓ અને બાળકો સહિત ૧૨૪ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ ઈવેન્ટના આયોજકો પર ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. હવે પોલીસે મુખ્ય સેવાદાર દેવપ્રકાશ મધુકર અને સત્સંગ કાર્યક્રમના અન્ય આયોજકો વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. એફઆઈઆરથી એવું બહાર આવ્યું છે કે આયોજકોએ 'સત્સંગ'માં આવનારા ભક્તોની વાસ્તવિક સંખ્યા છુપાવી હતી. આ સાથે આયોજકો દ્વારા ટ્રાફિક વ્યવસ્થા માટે પણ કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી.

જોકે, મોટી ઘટનાઓમાં આ પ્રકારની આ પહેલી ઘટના નથી. ગયા વર્ષે માર્ચમાં, ઈન્દોર શહેરના એક મંદિરમાં રામ નવમીના અવસર પર આયોજિત હવન કાર્યક્રમ દરમિયાન એક પ્રાચીન સ્ટેપવેલ પર બનેલો સ્લેબ તૂટી પડતાં ઓછામાં ઓછા ૩૬ લોકોનાં મોત થયાં હતાં. તે જ સમયે, જાન્યુઆરી ૨૦૨૨ માં, જમ્મુ અને કાશ્મીરના પ્રખ્યાત માતા વૈષ્ણો દેવી મંદિરમાં ભક્તોની ભારે ભીડને કારણે નાસભાગમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા અને એક ડઝનથી વધુ ઘાયલ થયા હતા.

ધાર્મિક સ્થળો, રેલ્વે સ્ટેશનો, રમતગમત/સામાજિક/રાજકીય કાર્યક્રમો વગેરે સહિતના સામૂહિક મેળાવડાના સ્થળોએ વારંવાર નાસભાગ એ આજે ખૂબ જ ચિંતાનો વિષય છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી માને છે કે વસ્તી વિસ્ફોટ, શહેરીકરણ, મોટી સંખ્યામાં લોકો ધાર્મિક મેળાવડા, મોલ્સ વગેરેમાં જવાના કારણે આવી ઘટનાઓમાં વધારો થવાની સંભાવના છે. તેને જાહેર સ્થળોએ ભીડ અને આપત્તિ વ્યવસ્થાપન માટે 'ક્રાઉડ મેનેજમેન્ટ' નામના દસ્તાવેજમાં કેટલીક માર્ગદર્શિકા જારી કરી છે. સંસ્થા માને છે કે ભીડ-સ્રોત આપત્તિઓ સામાન્ય રીતે માનવસર્જિત આપત્તિઓ હોય છે, જેને સારી રીતે પ્રશિક્ષિત કર્મચારીઓ દ્વારા સક્રિય આયોજન દ્વારા સંપૂર્ણપણે અટકાવી શકાય છે. આ દિશાનિર્દેશો સામૂહિક મેળાવડાના સ્થળો પર અસરકારક ભીડ વ્યવસ્થાપન માટે આયોજકો, વહીવટકર્તાઓ અને અન્ય હિતધારકોને માર્ગદર્શન આપવાના હેતુથી છે. જો કે આનું ક્યાંય પણ અનુકરણ કરવામાં આવતું નથી. રાજ્ય કક્ષાએથી પણ હવે મેળાવડાઓ માટે ખાસ ગાઈડલાઈનની જરૂર છે.

ભીડ એક ક્ષણમાં નાસભાગમાં ફેરવાઈ શકે છે અને પરિણામે જાનહાનિ થઈ શકે છે. એકવાર ભડકી ગયા પછી, લોકોની આ અસ્થિર ભીડને નિયંત્રિત કરવી ખૂબ મુશ્કેલ છે. તેથી, આ પંડાલ અને ફંક્શનના આયોજકો સલામતી સુનિશ્ચિત કરવા માટે સરળ સાવચેતી રાખે તે મહત્વપૂર્ણ છે.


ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ તેની માર્ગદર્શિકામાં જણાવ્યું છે કે પ્રથમ પગલું પંડાલ અને ઈવેન્ટના સ્થળોની આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકને નિયંત્રિત કરવાનું છે. પદયાત્રીઓ માટે, સ્થળ સુધી પહોંચવા માટે મહત્વપૂર્ણ બિંદુઓ પર રૂટ મેપ અને ઈમરજન્સી એક્ઝિટ રૂટ્સ પોસ્ટ કરવા જોઈએ. વધતી ભીડને નિયંત્રિત કરવા માટે કતારમાં લોકોની અવરજવર સુનિશ્ચિત કરવા માટે બેરિકેડિંગ મહત્વપૂર્ણ છે.

આયોજકોએ ટ્રાફિકની દેખરેખ રાખવા માટે સીસીટીવી કેમેરા લગાવવા જોઈએ અને સ્નેચિંગ અને અન્ય નાના ગુનાઓનું જોખમ ઘટાડવા માટે પોલીસની હાજરી જાળવવી જોઈએ. અનધિકૃત પાર્કિંગ અને રાહદારીઓની જગ્યા પર કબજો કરતા અસ્થાયી સ્ટોલ પર પણ ધ્યાન આપવાની જરૂર છે.

ઘટના સ્થળ પર તબીબી કટોકટી આવી શકે છે. કટોકટીની પરિસ્થિતિઓમાં, એમ્બ્યુલન્સ અને આરોગ્યસંભાળ વ્યાવસાયિકો જીવન બચાવી શકે છે. માર્ગદર્શિકા જણાવે છે કે આનંદ માણનારાઓ માટે, બહાર નીકળવાના માર્ગોથી પોતાને પરિચિત કરવા, શાંત રહેવા અને સૂચનાઓનું પાલન કરવાથી નાસભાગ જેવી પરિસ્થિતિને રોકવામાં મદદ મળશે.

# ગુપ્ત નવરાત્રિ નિમિતે રામચરિત માનસના પાઠનું આહવાન કરતું રણછોડદાસજી આશ્રમ

**અબતક, રાજકોટ**



સદ્‌ગુરૂ ભગવાન રણછોડદાસજીબાપુએ રામચરિતમાનસજીનાં પાઠનું ખુબ જ મહત્વ બતાવ્યું છે, તેઓ સર્વ ભક્તોને રામચરિતમાનસજી પાઠ કરવા આજ્ઞા કરતા અને કહેતા કે, શ્રી રામાયણજી(માનસજી) ધર્મગ્રંથ પઢતે હો તો આપકા કોઈ ત્રિકાલમેં ભી અનર્થ નહી કર સકતા,યહ ધ્રુવ હૈ.''

ગુરૂદેવનાં વચનોને સાર્થક કરીને સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ ખાતે ચારેય નવરાત્રિનાં પાઠ સમગ્ર સૃષ્ટિ માનવજાતનાં કલ્યાણ માટે કરવામાં આવે છે. જેમ આશ્રમ દ્વારા આસો માસ નવરાત્રિ, ચૈત્રમાસ નવરાત્રિ તથા (ગુપ્ત નવરાત્રિ), અષાઢ માસમાંથી રામચરિતમાનસજીપાઠ કરવામાં આવે છે, આ પાઠ કરવા ભારતભરમાંથી ૫૦૦ થી ૭૦૦ સંતોની પધરામણી થાય છે, આ પધારેલ સંત ભગવાનને દરરોજ બાલભોગ, બપોરે ભંડારો તથા સાંજે દૂધ સાથે રાત્રિનું ભોજન આપવામાં આવે છે. આપ સર્વ ધર્મપ્રેમીભાઈ-બહેનો આ ચારેય નવરાત્રિમાં અવશ્ય શ્રી રામચરિતમાનસજીનાં પાઠ કરવા સદ્‌ગુરૂ સદન ટ્રસ્ટ દ્વારા વિનંતી કરે છે.રામચરિતમાનસજીનાં પાઠ સદગુરૂદેવ ભગવાન રણછોડદાસજીબાપુને અતિશય પ્રિય હતા, તો રાજકોટનાં તમામ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને તથા ગુરૂભાઈઓ-બહેનોને આ રામચરિતમાનસજી પાઠ કરવા હાર્દિક અનુરોધ છે. સદ્‌ગુરૂદેવ ભગવાન રણછોડદાસજીબાપુએ રાજકોટને પોતાનું હ્ દ્ય કહ્યું છે, તેઓ કહેતા કે રાજકોટ તો મેરા હ્દ્ય હૈ,

રાજકોટ વાલે કો જો કહેતા હૂં, વહ કરકે નિભાતે હૈ, આમ તેમને રાજકોટ ઉપર અનહદ પ્રેમ હતો, તેમણે કહ્યું કે, રાજકોટ મેં મેને એક બાર ૧૦૮ રામચરિત માનસજી પાઠ કરને કો કહા થા, તો રાજકોટ વાલેને ૧૦૮ સે જયાદા રામચરિતમાનસજી કે પાઠ કીયે, ઈસલીયે રાજકોટ મુજે બહુત પ્રિય હૈ. આમ ગુરૂદેવને અતિશય પ્રિય એવા રામચરિતમાનસજીનાં પાઠ કરવા સૌને અનુરોધ છે.

ગુરૂદેવની આજ્ઞા અને આદેશ માનીને આપણે સૌએ શ્રી રામચરિતમાનસજીનાં પાઠ કરવા જોઈએ, આપણે આશ્રમ દ્વારા જ ચારેય નવરાત્રિમાં રામાયણજીનાં પાઠ કરવામાં આવે છે, અને આશ્રમમાં તો ગુરૂદેવ સદૈવ બિરાજમાન છે, માટે જો આશ્રમમાં શ્રી રામચરિતમાનસજીનાં પાઠ કરવામાં આવે અને ગુરૂદેવને સંભળાવામાં આવે તો તેઓ બહુજ પ્રસન્ન થાય,માટે શ્રી રામચરિતમાનસજીનાં પાઠ કરવા અવશ્ય આશ્રમમાં આવીએ અને પાઠ કરીએ, અત્યારે અષાઢ માસની ગુપ્ત નવરાત્રિમાં ૪૦૦ સંત ભગવાનની હાજરીમાં રામચરિતમાનસજીનાં પાઠ ચાલુ જ છે, તો અત્યારે પણ અચુક સમયનો સદ્‌ઉપયોગ કરીને આ રામચરિતમાનસજીનાં પાઠમાં જોડાઈએ.

# પાટીદાર સમાજના સંતાનો માટે લગ્ન સંબંધી માહિતી વિનામૂલ્ય મળશે

**અબતક, રાજકોટ**

પાટીદાર પટેલના સંતાનો માટે લગ્ન સંબંધી જરુરી માહીતી વિનામૂલ્યે મળશે. મિલન કાર્યક્રમમાં તા. ૧૦ થી ૨૧ જુલાઈ ૨૪ સુધી ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજ યુવક-યુવતિ ભાગ લઈ શકશે. સમય સવારે ૯ થી ૧૨ પટેલ સમાજ કાર્યાલય કોપર આર્કેટ, વિશ્વેશ્વર મંદિર સામે મવડી પ્લોટ મેઈન રોડ, રાજકોટ ખાતે યોજાશે વધુ માહીતી માટે મો. નં. ૯૯૨૪૦ ૧૩૩૪૪ પર સંપર્ક કરવો.

# બાલભવનમાં ત્રિદિવસીય શાસ્ત્રીય નૃત્ય તાલીમ શિબિર

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હેઠળની ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થીક સહયોગથી પરમ કથ્થક કેન્દ્ર, રાજકોટ તથા બાલભવન રાજકોટના સહયોગથી શાસ્ત્રી નૃત્યુ શિબિર કથ્થક કાર્યશાળા તા. ૧૨, ૧૩,૧૪ જુલાઈ ૨૦૨૪ના રોજ બાલભવન, રાજકોટ ખાતે યોજવામાં આવનાર છે. શાસ્ત્રીય નૃત્ય શિબિરમાં તજજ્ઞ ચેતન સરૈયા (નૃત્ય તપસ્યા કથ્થક સ્કુલ મુંબઈ) દ્વારા તાલીમ આપવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા કલાકારોએ પલ્લવીબેન વ્યાસ મો. નં. ૯૪૨૭૨ ૧૭૫૯૮ પર રજીસ્ટ્રેશન કરાવી ફોર્મ ભરવાનું રહેશે. તેમ જીલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

**આર્કિટેકચરના શિક્ષણનું નિયમન કરતી સંસ્થા**

# કાઉન્સીલ ઓફ આર્કિટેકચર દ્વારા બેચલર ઓફ આર્કિટેકચરમાં પ્રવેશ માટે નિયમો સરળ કર્યા

## વી.વી.પી. એન્જિનિયરીંગ દ્વારા હેલ્પ સેન્ટરની કરાઈ વ્યવસ્થા

**અબતક,રાજકોટ**

ભારતમાં આર્કિટેક્ચરના શિક્ષણનું નિયમન કરતી સંસ્થા કાઉન્સીલ ઓફ આર્કિટેક્ચર-નવી દિલ્હી દ્વારા બેચલર ઓફ આર્કિટેક્ચરમાં પ્રવેશ હેતુંના ધોરણ સરળ કરવામાં આવેલ છે તથા પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ ને સુવર્ણ તક આપવામાં આવેલ છેં, જે મુજબ ઉમેદવારે ધોરણ ૧૦+૨ અથવા સમકક્ષ પરીક્ષા ફીજિકસ અને ગણીત ફરજિયાત વિષયો સાથે તેમજ કેમિસ્ટ્રી અથવા બાયોલોજી અથવા ટેકનીકલ વોકેશ્નલ વિષય અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા ઈન્ફર્મેસન ટેકનોલોજી અથવા ઈન્ફોર્મેટીકસ પ્રેકટીસીઝ અથવા એન્જીનિયરીંગ ગ્રાફીકસ અથવા બિઝનેશ સ્ટડીઝમાં કોઈ પણ એકમાં એકંદરે ૪૫% માર્કસ સાથે પાસ થયેલ હોવા જોઈએ અથવા ૧૦+૩ ડીપ્લોમાં પરીક્ષામાં ગણીત ફરજિયાત વિષય સાથે એકંદરે ૪૫% માર્કસ સાથે પાસ થયેલ હોવા જોઈએ. (પ્રવેશ માટેની લાયકાતની પરીક્ષામાં મેળવેલા માર્કસની ટકાવારીમાં છુટ કેન્દ્ર સરકાર અથવા સબંધિત રાજ્ય સરકારોની અનામત નીતિ અનુસાર રહેશે)

વિશેષમાં જણાવવાનું કે એડમિશન કમિટી (એ.સી.પી.સી.) દ્વારા આર્કિટેક્ચરમાં પ્રવેશ માટેના ફોર્મ ભરવા માટેની પ્રક્રિયા ચાલુ છે, જે વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા ઈચ્છતા હોય તેઓએ તા.૨૨-૦૭-૨૪ સુધીમા એ.સી.પી.સી. ની વેબસાઈટ માં પોતાની જાતે ભરી શકશે અથવા ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચરમાં હેલ્પ સેન્ટર પર આવી રૂબરૂ ભરી શકાશે.

બેચલર ઓફ આર્કિટેક્ચરમાં પ્રવેશ સંદર્ભે ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર ખાતે સુવિધાસભર હેલ્પ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે, તે હેતું વી.વી.પી.સંચાલીત ઈન્દુભાઈ પારેખ સ્કુલ ઓફ આર્કિટેક્ચર, વી.વી.પી. કેમ્પસ, મોટેલ ધ વિલેજ સામે, વાજડી-વિરડા, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૯૧૦૪૬ ૯૨૩૨૨, ૯૧૦૪૫ ૨૩૫૨૨, ૯૫૧૦૪ ૩૭૫૨૦ માં સવારે ૦૯-૦૦ થી સાંજે ૦૫-૦૦ દરમ્યાન અથવા ૯૪૨૮૨ ૦૦૬૯૮ (વહીવટી અધિકારી-રજનીભાઈ રૂપારેલીયા)માં સંપર્ક સાધી એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ દ્વારા નિર્ધારિત પ્રવેશ પ્રક્રિયા અંગેનું માર્ગદર્શન મેળવી શકાશે.

# અમદાવાદ હાઈવેને રીપેર કરવા ચેમ્બરની રજુઆત

## બામણબોર-બગોદરા ટોલનાકા વચ્ચેનો રસ્તો બિસ્માર તત્કાલ રીપેરની ચેમ્બરના પ્રમુખ વી.પી.વૈષ્ણવની માંગ

**અબતક, રાજકોટ**

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય રાજકોટથી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને મુંબઈ તથા અન્ય શહેરોને જોડતો રોડ છે અને વ્યાપારી, ઈન્ડસ્ટ્રીયલ, રાજકિય, મેડીકલ, ટુરીઝમ જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલ લોકો અમદાવાદ તથા અન્ય શહેરોમાં દિવસ-રાત અવર-જવર કરતા હોય છે.

ત્યારે રાજકોટથી અમદાવાદ જતા બામણબોર તથા બગોદરા ટોલનાકાની વચ્ચેના ફોર લાઈનના રસ્તાઓ તુટી જવાથી ખુબ જ બિસ્માર હાલતમાં થઈ ગયા છે અને મોટા ખાડાઓ પડી ગયેલ છે. જેના કારણે રાહદારીઓને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. તેમજ મુસાફરી દરમ્યાન આ બન્ને ટોલનાકાની વચ્ચેથી પસાર થવામાં આશરે ૧ કલાકથી વધુનો સમય લાગે છે. સાથો સાથ ઈંધણનો પણ વ્યય થાય છે અને પર્યાવરણને પણ નુકશાન થતું હોય છે. હાલ ચોમાસાની સિઝન શરૂ થયેલ છે ત્યારે આ રસ્તાઓ ઉપર મોટા ખાડાઓને કારણે પાણી ભરાતા ગંભીર અકસ્માતો થવાનો પણ ભય રહે છે. તેથી રાજકોટથી અમદાવાદ જતા બામણબોર તથા બગોદરા ટોલનાકાની વચ્ચેના ફોર લાઈનના રસ્તાઓ તાત્કાલીક ધોરણે રીપેર કરવા તેમજ હાલ રાજકોટ-અમદાવાદ ૬ લેનની કામગીરી ચાલી રહી છે ત્યાં કુવાડવા રોડ પર ઓવરબ્રીજ બનતો હોવાથી તેની નીચેના બન્ને સર્વિસ રોડ પર ખરાબ થઈ ગયેલ છે તો તે પણ તાત્કાલીક રીપેર કરી આ બન્ને સર્વિસ રોડ પહોળા કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રી નિતિનભાઈ ગડકરી, ગુજરાત રાજ્યના ટ્રાન્સપોર્ટ મંત્રી હર્ષભાઈ સંઘવી તથા નેશનલ હાઈવેના પ્રોજેકટ ડાયરેકટર હરમેન્દ્રસિંઘ રોટ્રવાલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

# સૌરાષ્ટ્ર યુનિ.ને કાયમી કુલપતિ આપવા સૌરાષ્ટ્ર વિદ્યાર્થી ઉત્કર્ષ સમાજની રજૂઆત

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર વિદ્યાથી ઉત્કર્ષ સમાજનાં સ્થાપક ટ્રસ્ટી અને માનદ ચેરમેન યશવંતભાઈ જનાણીએ રાજ્યનાં મુખ્યમંત્રી અને ઉચ્ચ શિક્ષણમંત્રીને અનુરોધ કરતા જણાવેલ કે જો તમે શિક્ષણ ક્ષેત્રે પારદર્શક વહીવટનો દાવો કરતા હોય તો સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને કાયમી કુલપતિ કેમ આપતા નથી? આ યુનિવર્સીટીમાં છેલ્લા બે વર્ષથી ઈન્ચાર્જ કુલપતિનો વહીવટ ચાલે છે. ત્રણ-ત્રણ ઈન્ચાર્જ કુલપતિ બદલ્યા પરંતુ કાયમી કુલપતિને મળતા નથી. સૌરાષ્ટ્રનાં શિક્ષણ જગતને આ યુનિવર્સીટી માટે કાયમી કુલપતિ જોઈએ છે. તે અંગે તાકીદે નિર્ણય લેશો અને માનો કે એક સર્ચ કમિટીની રચના રદ કરી હોય તો બીજી સર્ચ કમિટીની ઉપરાઉપરી બેઠક બોલાવી ગુજરાત સરકાર માટે કાયમી કુલપતિનું પદ ભરવા ક્ષમતા છે. તેમ અમે માનીએ છીએ. ગુજરાત સરકાર સીન્ડીકેટ અને એકેડમીક કાઉન્સિલને વિખેરી શકની હોય તો આ પદ ભરવા કોની રાહ જુએ છે?

આ ઉપરાંત યશવંત જનાણીએ જણાવ્યું હતું કે નવી શિક્ષણનીતિમાં સીન્ડીકેટ અથવા એજ્યુકેટીવ કાઉન્સિલની રચના કરવા ચૂંટણી ન થાય તેવો કોઈ નિર્દેશ નથી. નવા નેતૃત્વનાં નિર્માણ માટે વર્ષો પહેલા કોલેજ યુનિયન અને યુનિવર્સીટી વિદ્યાર્થી યુનિયનની ચુંટણી દ્વારા રચના કરવામાં આવતી હતી તે રદ કરવામાં આવેલ અને હવે તમામ સરકારી બિન સરકારી યુનિવર્સીટીમાં સીન્ડીકેટ અને એકેડમિક કાઉન્સિલની ચૂંટણી રદ કરવામાં આવેલ છે. જેના કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સીટી હોય કે અન્ય યુનિવર્સીટી હોય તેમાં તમામ પદ નિયુક્તિથી ભરવામાં આવતા હોય જેના કારણે કોઈ અનુભવી અને નિષ્ણાંત તથા વ્યકિત વિશેષ પ્રાધ્યાપકોને સ્થાન મળતું નથી

જે શિક્ષણ જગતની ખૂબ જ ખરાબ પરિસ્થિતિ દર્શાવે છે. આથી રાજ્ય સરકારે તેનો નિર્ણય બદલી સીન્ડીકેટની હોય કે એજ્યુકેટીવ કાઉન્સિલ હોય તેની ચુંટણી તાત્કાલિક જાહેર કરવી જોઈએ.

# ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાલે દંત યજ્ઞ અને બત્રીસી કેમ્પ

**અબતક, રાજકોટ**

જલારામ મંદિર ગ્રીનફર્ડ લેડન યુ.કે. અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુકત ઉપક્રમે તા. ૧૧-૭ ને ગુરુવારે નિઃશુલ્ક દંત યજ્ઞ અને દાંતની બત્રીસીની કેમ્પનું આયોજન સવારે ૧૦ થી ૧ દરમિયાન કરેલ છે. આ કેમ્પ જલારામ મંદિર, મુખ્ય બજાર ચરખડી ગોંડલ ખાતે રાખેલ છે. આ કેમ્પ કાછેલા અમૃતલાલ દેવચંદની પુણ્ય સ્મૃતિમાં કાછેલા પરિવારના સહયોગથી યોજાનાર છે.

# પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગંગાસ્વરૂપ બહેનોને રાશનકીટનું વિતરણ



**અબતક,રાજકોટ**

પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતાઓના સાથ સહકારથી ગંગાસ્વરૂપ માતાઓને વિનામૂલ્યે બે કિલો લોટ, બે કિલો કાચી ખીચડી, ગંગા સ્વરુપ માતાઓને નિશૂલ્ક સાડી વિતરણ અને જરુરિયાતમંદ વિધાર્થીઓને ફુલસ્કેપ ચોપડા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ, આ પ્રસંગે પૂર્વ ડેપ્યુટી મેયર માવજીભાઈ ડોડીયા, પરફેક્ટ સૌરાષ્ટ્ર દૈનિકના ઓનર્સ, હિરેનભાઈ હાપલીયા, પરફેક્ટ સૌરાષ્ટ્ર દૈનિકના વિપુલભાઈ રાઠોડ, સોફટકોમવાળા મહેશભાઈ તન્ના, રાઠોડ મશીન ટુલ્સવાળા અશોકભાઈ રાઠોડ, સીવિલ હોસ્પિટલવાળા રાજુભાઈ ઉમરાણીયા, પંકજભાઈ તાવીયા, દિલીપભાઈ દવે વગેરે મહેમાનોના વરદ હસ્તે વિતરણ કરવામાં આવેલ.

# યુવા ભાજપ વોર્ડ પ્રમુખ શુભમ લાડવાનો જન્મદિવસ

**અબતક, રાજકોટ**



ગુર્જર ક્ષત્રીય કડીયા સમાજના રાજકોટ શહેરના વતની શુભમભાઈ લાડવાનો આજરોજ જન્મ દિવસ છે. તેઓ જીવનના ૨૩ વર્ષ પુર્ણ કરી ૨૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. તેઓ વ્યવસાયે વોકસ ફેશન કલબના માલીક છે. તથા રાજકોટ શહેર ભાજપના યુવા મોરચાના વોર્ડ નં.૧૭ ના પ્રમુખ તથાન સતાધાર યુવા ગ્રુપ રાજકોટના ઉપપ્રમુખ તરીકેની જવાબદારીઓ નિભાવી રહ્યા છે. તેમના સગા-સંબંધીઓ તથા મિત્ર વર્તુળ તેમના મો. નં. ૮૮૪૯૪ ૫૧૩૭૫ ઉપર શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# સદગુરૂ લાલબાપાના ૧૦૦માં જન્મદિવસે કાલે બાળકોને ફુટ પેકેટ વિતરણ કરાશે

**અબતક, રાજકોટ**



લાલગેબી અમરજયોત સતગુરુ સાહેબ દરબાર પ્રથમ મુળ ગુરુગાદીપતિ કસ્તુરબા થોરાળા વિસ્તાર રાજકોટ ખાતે સતગુરુ લાલાબાપાનો આશરે ૮૦ વર્ષ જુનો ગુરુ દરબાર નીર્માણ નવું બને છે ૩ માળનું દુવારો છે અને આજે વૈશાખ સુદ ૧૫ (પુનમ) ને તા. ૨૩-૫ ના રોજ લાલજી મહારાજ ગુરુ લાલબાપાના સાનિધ્યમાં લાલજી મહારાજના હસ્તક મંદિરનું નવનિર્માણનું કાર્ય થઈ રહ્યું છે. જેનું અમે સમગ્ર થોરાળા લાલ પરિવાર ખુબ જ આનંદ અનુભવીએ છીએ આજે આ દુવારો કુલ ૩ માળનો તૈયાર કરવામાં આવે છે.

તેમજ આ મંદિરમાં સતગુરુ લાલબાપાનો ૧૦૦મો જન્મ દિવસ કાલે અષાઢ સુદ પાંચમને ગુરુવારના રોજ સમગ્ર લાલ પરિવાર કસ્તુરબા થોરાળા ખાતે ખુબ જ ધામધુમથી પુજય બાપારામનો જન્મ દિવસ ઉજવવામાં આવશે. જેમાં બાળકોને શીંગ, દાળીયા, પેંડા, ચોકલેટ, બીસ્કીટ, ડ્રાયફ્રુટ સુકામેવા વગેરેની લ્હાણીના પેકેટનું બાળકોને વિતરણ કરવામાં આવશે જેની દરેક લાલપરિવારે નોંધ લેવી.

જેની યાદી મંદિરના રૂડારામ બાપા તેમજ કોટવાર મોહનબાપાના જણાવ્યું હતું.

# તાજીયા કમિટીની રચના:પ્રમુખ તરીકે ૧૨મી વખત આસીફ સલોતની વરણી

## મહોર્રમ પર્વની અલગ અલગ કમિટીઓની જવાબદારી સોંપાય

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર તાજીયા કમીટીની મીટીંગ રામનાથ પરા હુશેની ચોક, ગામડીયા સુન્ની મુસ્લીમ સિપાહી જમાત ખાતે તા. ૭ ને રવિવારે રાત્રે ૧૦ કલાકે રાખેલ હતી. રાજકોટ શહેર વિસ્તારમાં ફરતા તાજીયાઓના સંચાલકો સબીલ કમીટી, ધમાલ કમીટી, રોશની કમીટી, ન્યાઝ કમીટી અને મુસ્લીમ આગેવાનોની એક મીટીંગ મળેલ હતી સર્વે સહમતીથી રાજકોટ શહેર તાજીયા કમીટીની વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે આસીફભાઈ સલોતને આવતા વર્ષની કામગીરી બદલ અગીયારમી વખત રીપીટ કરવામાં આવેલ. તાજીયા કમીટીમાં મહામંત્રી રજાકભાઈ જામનગરી, મકબુલભાઈ દાઉદાણી, હારુનભાઈ શાહમદાર, વાહીદભાઈ સમા, મજીદભાઈ સમા, અબ્દુલભાઈ ખુરશીવાળા, હારુનભાઈ ગામેતી, સમીરભાઈ જશરાયા, અફઝલભાઈ રાઉમા, ઉપપ્રમુખ મહેબુબભાઈ રાઉમા, અફજલભાઈ રાઉમા, મોહસીનભાઈ ભાવર, વાહીદભાઈ રાઉમા, રાજુભાઈ દલવાણી, ઈર્શાદ લાસાણી, તારીકભાઈ હીંગરોજા, એઝાઝભાઈ મેણ, બીલાલ પઠાણ, મહેબુબભાઈ પરમાર, અફઝલભાઈ દાઉદાણી, રફીકભાઈ દાઉદાણી, હનીફભાઈ માડકીયા, બાદલભાઈ બેલીમ, તોફીકભાઈ સમા, મુર્તુજાભાઈ માજોઠી, મંત્રી એહઝાદભાઈ શેખ, રમઝાનભાઈ રાઉમા, એજાજભાઈ માજોઠી, ઈસ્તાજભાઈ બાવાણી, હસનભાઈ ખટુબરા, ફારુકભાઈ કટારીયા, ઈસુબભાઈ જે.કે. યાકુબખાન પઠાણ, રાજકોટ શહેર તાજીયા કમીટી નિમણુંક કરવામાં આવેલ જે યા હુસેનના નારા સાથે વધાવી હતી.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૫૩૮મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



અતુલભાઈ ઈન્દ્રવદન ચોવટીયાનું અવસાન થતાં તેમની પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે.

જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી આ અંગદાન, ત્વચાદાન, ચક્ષુદાન, દેહદાન, જાગૃતિ અભિયાનમાં કુલ ૫૩૮ મું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન સંજયભાઈ ઉદાણીના સહયોગથી થયેલ છે.સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો.નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગીરગંગા ટ્રસ્ટ દ્વારા શુક્રવારે હાલારમાં પાંજરાપોળના સંચાલકોનું સંમેલન

## મોંઘવારીના લીધે દૈનિક સબસીડી રૂ.૧૦૦ કરવા રાજય સરકારને રજૂઆત કરાશે

**અબતક,રાજકોટ**

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ રાજકોટ દ્વારા તા. ૧૨ મી જૂલાઈ શુક્રવારે જામનગરમાં ખંભાળિયા હાઈવે પર આરાધના ધામ, ખાતે રિલાયન્સની બાજુમાં સવારે ૧૦:૦૦ કલાકે જામનગર-દેવભૂમિ દ્વારકા જીલ્લાની તમામ ગૌશાળા - પાંજરાપોળોના સંચાલકોના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.આ સંમેલનમાં જામનગર આણંદાબાવા સેવા સંસ્થાના સંતશ્રી દેવપ્રસાદજી મહારાજ અને જામનગરના અગ્રણી ઉધ્યોગપતિ શ્રી આર. કે. શાહ ખાસ ઉપસ્થિત આશીર્વચનો પાઠવશે.

ગૌધન બચાવવા ની સાથે પ્રકૃતિ અને સમગ્ર સૃષ્ટિના રક્ષણ માટે ગુજરાત સરકાર કટિબધ્ધ છે, પરંતુ છેલ્લાં કેટલાક સમયથી ગૌધનના પાલનપોષણનો ખર્ચ ગૌશાળાના સંચાલકો અને પાંજરાપોળને વધી ગયો છે , હાલ દૈનિક રૂ.૩૦ ગૌ દીઠ સબસિડી આપવામાં આવે છે તેના બદલે ઓછામાં ઓછી રૂ.૧૦૦ સબસિડી કરી આપવા સમગ્ર રાજ્યના દરેક જિલ્લામાંથી માંગ ઉઠી છે.

સમગ્ર સૃષ્ટિના જીવરક્ષા માટે ખેતિ સાથે પ્રકૃતિ બચાવવા માટે ગૌ ધન બચાવવા માટે ગુજરાત સરકાર તરફથી પશુ દીઠ, દૈનિક રૂ. ૩૦ સબસિડી આપવામાં આવે છે, ગૌવંશને બચાવવા માટે ગૌપ્રેમી સરકાર દ્વારા લેવાયેવા પગલાં ખુબ સરાહનીય છે. પરંતુ પ્રવર્તમાન મોંઘવારીમાં તે ખૂબ જ ઓછા છે. સામાન્ય રીતે ગૌ ધનને બચાવવા માટે મિનિમમ રૂ. ૧૦૦ નો ખર્ચ થાય છે. તમામ ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોને ઉપસ્થિત રહેવા ગીર ગંગા પરિવારના દિલીપભાઈ સખીયા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જેમાં ગૌશાળા - પાંજરાપોળોને સ્પર્શતા અન્ય પ્રશ્નોની ચર્ચા પણ કરવામાં આવશે અને તેના નિરાકરણ માટે પણ યથા યોગ્ય મદદ કરાશે.

આ સંમેલન માટે સમસ્ત મહાજનના ડો.ગિરીશ શાહ, કરુણા ફોઉન્ડેશનના મિતલ ખેતાણી, સદભાવના વૃધ્ધાશ્રમના વિજયભાઈ ડોબરિયાનો સહયોગ પ્રાપ્ત થયો છે , જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાની ગૌશાળા - પાંજરાપોળોના સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. વધુ વિગત માટે મો. ૯૪૨૭૨ ૦૭૮૬૮ નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# કચ્છમાં અદાણી પાસેથી ગૌચરની જમીન પરત લેવા સામે સુપ્રીમનો સ્ટે

## હાઈકોર્ટે સરકારને ગૌચરની જમીન અદાણી પાસેથી પરત લઈ લેવા આપ્યો હતો આદેશ : અદાણીએ સુપ્રીમના દ્વાર ખખડાવતા મળી રાહત

**અબતક, નવી દિલ્હી**

ગુજરાત સરકારને ૧૦૮ હેક્ટર ગૌચરની જમીન અદાણી પાસેથી લઈ લેવા મુદ્દે હાઈકોર્ટે આદેશ આપ્યા બાદ અદાણીએ સુપ્રિમના દ્વાર ખખડાવ્યા હતા. આ અરજી પર સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટ સંમત થઈ છે. અદાણી પોર્ટ્સ પાસેથી ૧૦૮ હેક્ટર જમીન પાછી ખેંચી લેવાના ગુજરાત હાઈકોર્ટના આદેશ પર કોર્ટે સ્ટે આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે ગુજરાત સરકારને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો છે.

કચ્છમાં અદાણી પોર્ટ્સને ૧૦૮ હેક્ટર જમીન ફાળવવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે એક પીઆઈએલની સુનાવણી કરી હતી જેમાં જમીનની ફાળવણીને પડકારવામાં આવી હતી. પીઆઈએલમાં આ જમીન ગૌચરની હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૨૦ વર્ષ પહેલા અદાણી ગ્રૂપને ફાળવવામાં આવેલી જમીનની ફાળવણી રદ કરવા સૂચના આપવામાં આવી હતી.

વાસ્તવમાં, ગુજરાત સરકારે શુક્રવારે હાઈકોર્ટને જાણ કરી હતી કે તે આશરે ૧૦૮ હેક્ટર ગૌચર જમીન પાછી લેશે, જે ૨૦૦૫માં રાજ્યના કચ્છ જિલ્લામાં મુંદ્રા બંદર નજીક અદાણી જૂથના એકમને આપવામાં આવી હતી. અદાણી પોર્ટ્સ અને એસઈઝેડ લિમિટેડને ગૌચરની ૨૩૧ એકર જમીન ફાળવવાના નિર્ણય સામે નવીનાલ ગામના રહેવાસીઓએ હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કર્યાના ૧૩ વર્ષ બાદ સરકારનો આ નિર્ણય આવ્યો હતો.

રાજ્યના મહેસૂલ વિભાગે ૨૦૦૫માં ફાળવણી કરી હોવા છતાં, ૨૦૧૦માં જ્યારે એપીએસઈઝેડએ ગૌચર જમીન પર ફેન્સિંગ કરવાનું શરૂ કર્યું ત્યારે ગ્રામજનોને તેની જાણ થઈ. રહેવાસીઓના જણાવ્યા મુજબ, એપીએસઈઝેડને ૨૭૬ એકરમાંથી ૨૩૧ એકર જમીન ફાળવ્યા પછી, ગામમાં માત્ર ૪૫ એકર ગોચરની જમીન બચી છે. તેમણે એવી પણ દલીલ કરી હતી કે આ પગલું ગેરકાયદેસર હતું કારણ કે ગામમાં પહેલેથી જ ગોચરની જમીન ઓછી હતી. વધુમાં, તેમણે દાવો કર્યો હતો કે આ જમીન જાહેર અને સામુદાયિક સંપત્તિ છે.ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૪માં પીઆઈએલનો નિકાલ કર્યો હતો. ત્યારે રાજ્ય સરકારે તેના સોગંદનામામાં કહ્યું હતું કે ડેપ્યુટી કમિશનરે ૩૮૭ હેક્ટર વધારાની સરકારી જમીન ગોચર માટે આપવાનો આદેશ પસાર કર્યો હતો. જ્યારે આવું ન થયું ત્યારે હાઈકોર્ટમાં તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે ૨૦૧૫માં કોર્ટમાં રિવ્યુ પિટિશન દાખલ કરીને દલીલ કરી હતી કે પંચાયતને ફાળવણી માટે ઉપલબ્ધ જમીન માત્ર ૧૭ હેક્ટર છે. ત્યારે રાજ્ય સરકારે લગભગ ૭ કિલોમીટર દૂર બાકીની જમીન ફાળવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જે ગામલોકોને સ્વીકાર્ય ન હતો કારણ કે તેઓએ કહ્યું હતું કે પશુઓ માટે આટલું લાંબુ અંતર કાપવું શક્ય નથી.

એપ્રિલ ૨૦૨૪માં ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેંચે રેવન્યુ ડિપાર્ટમેન્ટના એડિશનલ ચીફ સેક્રેટરીને ઉકેલ શોધવા માટે નિર્દેશ આપ્યો હતો. શુક્રવારે, એસીએસએ એફિડેવિટ દ્વારા બેંચને જણાવ્યું હતું કે રાજ્ય સરકારે લગભગ ૧૦૮ હેક્ટર અથવા ૨૬૬ એકર ગૌચર જમીન પાછી લેવાનો નિર્ણય કર્યો છે, જે અગાઉ એપીએસઈઝેડને ફાળવવામાં આવી હતી.

# સેન્સેક્સ અને નિફ્ટી ઓલટાઈમ હાઈએ પહોંચ્યા બાદ ધડામ

## સેન્સેક્સ ૮૦,૪૮૧ અને નિફ્ટી ૨૪,૪૫૯ના સ્તરને સ્પર્શ્યો હતો, બાદમાં માર્કેટ રેડઝોનમાં ગરક થયા બાદ સેન્સેક્સ ૭૯૪૩૫ અને નિફ્ટી ૨૪૧૪૧ ઉપર સરકયા

**અબતક, નવી દિલ્હી**

શેરબજારમાં આજે ભારે વોલેટાલીટી જોવા મળી રહી છે. આજે સતત બીજા દિવસે બજાર ઓલ ટાઈમ હાઈ પર રહ્યું હતું. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૮૦,૪૮૧ના સ્તરને સ્પર્શ્યો હતો અને નિફ્ટી ૨૪,૪૫૯ના સ્તરને સ્પર્શ્યો હતો. જો કે બાદમાં માર્કેટ ગગળ્યું હતું અને મોટો કડાકો બોલ્યો હતો.

હાલ બપોરે ૩ કલાકે સેન્સેક્સ ૭૯૪૩૫ અને નિફ્ટી ૨૪૧૪૧ ઉપર ટ્રેડ કરી રહ્યો છે. મેટલ, ઓટો અને આઈટી શેરમાં આજે ઘટાડો જોવા મળી રહ્યો છે. અગાઉ ગઈકાલે એટલે કે ૯મી જુલાઈએ બજાર ઓલ ટાઈમ હાઈ પર હતું. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સે ૮૦,૩૯૭ અને નિફ્ટીએ ૨૪,૪૪૩ની હાઈ સપાટી બનાવી હતી. આ પછી નિફ્ટી ૧૧૨ પોઈન્ટના વધારા સાથે ૨૪,૪૩૩ના સ્તરે બંધ થયો હતો. જ્યારે સેન્સેક્સ ૩૯૧ પોઈન્ટ ઉછળ્યો હતો. ૮૦,૩૫૧ના સ્તરે બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૮માં તેજી અને ૧૨ શેરોમાં વધારો જોવા મળ્યો હતો.

એશિયાઈ બજારોમાં આજે મિશ્ર કારોબાર જોવા મળી રહ્યો છે. જાપાનનો નિક્કી ૦.૧૩% ઉપર છે. તેમજ, હોંગકોંગનો હેંગસેંગ ૦.૩૨% વધીને કારોબાર કરી રહ્યો છે. જોકે, શાંઘાઈ કમ્પોઝિટ ૦.૪૩% ડાઉન છે. બુધવારે અમેરિકન માર્કેટમાં મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. ડાઓ જોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજ ૫૨.૮૨ (૦.૧૩%) પોઈન્ટ ઘટીને ૩૯,૨૯૧ પર બંધ થયો હતો. જ્યારે નસદાક ૨૫.૫૫ (૦.૧૪%) પોઈન્ટ વધીને ૧૮,૪૨૯ પર બંધ થયો હતો.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો એ મંગળવારે (૯ જુલાઈ) ના રોજ રૂ.૩૧૪.૪૬ કરોડના શેર ખરીદ્યા હતા. આ દરમિયાન, ડોમેસ્ટિક ઈન્સ્ટિટ્યુશનલ ઈન્વેસ્ટર્સએ રૂ.૧,૪૧૬.૪૬ કરોડના શેર ખરીદ્યા હતા.

શેરબજારમાં અચાનક આવેલા આ મોટા ઘટાડાને કારણે બીએસઈ પર લિસ્ટેડ ૩૦માંથી ૨૯ કંપનીઓના શેર લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. જે પાંચ શેરોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો, તેમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જે લાર્જ કેપ કંપનીઓમાં સામેલ છે, તેનો શેર લગભગ ૭ ટકા ઘટીને રૂ. ૨૭૨૦ થયો હતો. મિડ કેપ કંપનીઓમાં, સેઈલ શેર ૪.૨૭% ઘટીને ટ્રેડ થઈ રહ્યો હતો અને એસજેવીએન સ્ટોક ૩.૭૫% ડાઉન ટ્રેડ થઈ રહ્યો હતો. સ્મોલ કેપ કંપનીઓમાં, ટીએઆરસી શેર ૭% અને એનએફએલ શેર ૬% ઘટ્યો.સૌથી વધુ ઘટેલા ૫ શેરો સિવાય જે શેરોમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. તેમાં એચસીએલ ટેક શેર ૩%, ટાટા સ્ટીલ શેર ૨%, ટાટા મોટર્સ શેર ૧.૮૦%, અલ્ટ્રાટેક સિમેન્ટ શેર ૧.૫૦% અને મુકેશ અંબાણીના રિલાયન્સ શેર ૧.૫૦% ની આસપાસ ટ્રેડ થઈ રહ્યા હતા.

# પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરતા વધુ ૪૯ આસામીઓ પકડાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્રણેય ઝોનમાંથી કુલ ૪૯ આસામીઓ પાસેથી ૬.૧૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૪૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૫ આસામીઓ પાસેથી ૩.૦૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ



૬૦૦૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૧૫૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૧ આસામીઓ પાસેથી ૦.૩ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# મવડીમાં મકાનમાં ચાલતી ઘોડીપાસની કલબ ઝડપાય

## રૂ. ૩૭ હજારનલ રોકડ સાથે નવ શખ્સ ઝડપાયા

**અબતક, રાજકોટ**

શહેરમાં મવડી વિસ્તારમાં આવેલા વિશ્વેસર મહાદેવ મંદિર પાછળ આવેલા મારૂતિનગર-૨ માં મકાનમાં ચાલતી ઘોડીપાસાની કલબ પર માલવીયા નગર પોલીસે દરોડો પાડ રૂ. ૩૭ હજારની રોકડ સાથે નવ શખ્સોને ઝડપી લીધા છે.



પોલીસ સૂત્રો પાસેથી મળતી માહીતી મુજબ મવડી વિસ્તારમાં આવેલા મારુનીનગર-૨ માં રહેતો અલ્પેશ ઉર્ફે બાબો રમણીકલાલ ગોટેચા નામનો શખ્સ તેના મકાનમાં ઘોડીપાસાની કલબ ચલાવી રહ્યો હોવાની બાતમી માલવીયા નગર પોલીસને મળી હતી.

માલવીયાનગર પોલીસે મારુતિ નગરમાં મકાનમાં કલબ પર દરોડો પાડી અલ્પેશ ઉર્ફે બાબો રમણીકભાઈ ગોટેચા સહીતના ગોંડલ રોડ ઉદ્યોગનગર કોલોનીમાં ઈમ્તીયાઝ વલીમહમદ સોરા, લોહાનગરમાં મયુર ભરતભાઈ કુકાવા, આજી વસવાત પાસે ખોડીયાર પરાનો હાજી ઈસ્માઈલભાઈ જુણેજા, મેટોડા જીઆઈડીસીમાં રહેતો દિપક પોલાભાઈ ચુડાસમા, ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતો જાહીદ મોહમદભાઈ પારેખ, ધરમનગર આવાસ યોજના કવાર્ટરનો અમીન શીશાંગીયા, વિરમાયા સોસાયટી-૨ મોટી ટાંકી પાસે રહેતો પરેશ રમેશભાઈ ઝાલા અને આજી વસાવત પાસે ખોડીયાર પરાનો મોહમદ યુનુસભાઈ ઈલ્યાશભાઈ નામના શખ્સોને માલવીયા નગર પી.આઈ. જે.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ડી.એસ. ગજેરા હેડ કોન્સ્ટેબલ અજયભાઈ વિકમા, દિનેશભાઈ બગડા, જયદેવસિંહ પરમાર સહીતના સ્ટાફે ઝડપી લઈ રૂ. ૩૭ હજારની રોકડ કબ્જે કરી છે.

# પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા સહિતના ૧૨ લોકો દ્વારા હથિયાર લાયસન્સની માંગણી

## જિલ્લા કલેકટરે તમામ અરજદારો પાસેથી લાયસન્સ મેળવવા માટેનો હેતુ અને કારણો સાંભળ્યા

**અબતક, રાજકોટ**

પૂર્વ ધારાસભ્ય લલિત કગથરા સહિતના ૧૨ લોકો દ્વારા હથિયાર લાયસન્સની માંગણી કરવામાં આવી હતી. જેને પગલે જિલ્લા કલેક્ટરે તમામ અરજદારો પાસેથી લાયસન્સ મેળવવા માટેનો હેતુ અને કારણો સાંભળ્યા હોવાનું જાણવા મળે છે. સુરક્ષા અને પ્રશિક્ષણ સહિતના હેતુસર રાજકોટ જિલ્લાના વિસ્તારમાં જિલ્લા કલેકટર દ્વારા હથિયાર લાયસન્સ ઈસ્યુ કરવામાં આવે છે. જે અન્વયે અરજદારો સાથે કારણો જણાવીને હથિયાર લાયસન્સની અરજી કરવામાં આવે છે. તાજેતરમાં રાજકોટ જિલ્લાના રોહિતભાઈ




અશ્વિનભાઈ ભાલાળા, ધવલભાઈ કાનજીભાઈ કાકડીયા, ભાવેશભાઈ દેવશીભાઈ ચંદ્રવાડીયા, જયસુખભાઈ અતુલભાઈ ગોંડલીયા, અજયસિંહ વનરાજસિંહ જાડેજા, વિજયભાઈ અરજણભાઈ સોલંકી, શબ્બીરહુસેન સોકતહુસેન અજમેરી, મિહિરભાઈ રમેશભાઈ શુકલ, પરેશભાઈ છગનભાઈ ટીલાળા, પરાક્રમસિંહ રણજીતસિંહ ઝાલા, જીગ્નેશભાઈ ભીખાભાઈ મકવાણા અને ટંકારા - પડધરીના પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ કરમશીભાઈ કગથરા દ્વારા હથિયાર લાયસન્સ મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. આ અરજીના અનુસંધાને આજે તમામ ૧૨ અરજદારોને જિલ્લા કલેકટર દ્વારા સાંભળવામાં આવ્યા હતા. જેમાં હથિયાર રાખવાનો હેતુ અને કારણો સહિતના જવાબો અરજદારો પાસેથી માંગવામાં આવ્યા હતા. આ સુનાવણી બપોરે ૩:૩૦ વાગ્યે જિલ્લા કલેકટર કચેરી ખાતે રાખવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે છેલ્લા થોડા વર્ષો પૂર્વે એક પોલીસ કમિશનર ઉપર હથિયાર લાયસન્સમાં ભ્રષ્ટાચારના આક્ષેપો ઉઠયા હતા. ત્યારથી શહેરી વિસ્તારમાં હથિયાર લાયસન્સ ઈસ્યુ કરવાની કામગીરી ઢીલી મૂકી દેવામાં આવી હતી.

# અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસો. દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

## ૨૦૨૪નો લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ બીપીન મોદીને એનાયત

**અબતક, રાજકોટ**

તાજેતરમાં સતત ૩૩માં વર્ષે અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન દ્વારા એજીએમ, વિદ્યાર્થી સન્માન, સમારોહ, સીનીયર મેમ્બર લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ કાર્યક્રમ આયોજીત થયો. ગત વર્ષે ઉત્તીર્ણ થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સુંદર ગીફ્ટ હેમ્પરનું વિતરણ કરવામાં આવેલ. સંસ્થાના મંત્રી પ્રદિપભાઈ મહેતાએ જણાવેલ કે વર્ષ ૨૦૨૪નો લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ સીનીયર મેમ્બર બિપીનભાઈ મોદીને



એનાયત કરવામાં આવ્યો હતો. શાલ ઓઢાળી અજીતભાઈ શાહે તથા સંસ્થાના પ્રમુખ સમીરભાઈ શાહે મોમેન્ટો આપી તેઓનું સન્માન કરેલ હતું તથા ૩૩મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ હતું. ગુજરાત મિડીયા જગતની અગ્રણી સંસ્થા એએસીએ બિઝનેસ સંબંધિત કાર્યક્રમોની સાથે સાથે સમાજલક્ષી અને પરિવારલક્ષી કાર્યક્રમો પણ રજૂ કરે છે.

# સરદારનગરમાંથી કુખ્યાત બુટલેગર ઝડપાયો

## વિદેશી દારૂના ૨૮૬ ચપલા અને એકટીવા મળી રૂ. ૭૮ હજારનો મુદામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં આવેલા સરદારનગર-૪ પાસેથી એકટીવામાં વિદેશી દારૂના ૨૮૬ ચપલા સાથે કુખ્યાત બુટલેગર અતુલ ઉર્ફે મારાજ ગોરધનભાઈ વેકરીયાને માલવીયા નગર પોલીસે રૂ. ૭૮ હજારના મુદામાલ સાથે ઝડપી લીધો છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહીતી મુજબ માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન કાલાવડ રોડ પર આવેલા પ્રેમ મંદિર પાસે રવિ પાર્ક ૧ માં રહેતો અતુલ ઉર્ફે મારાજ ગોરધનભાઈ વેકરીયા નામનો કુખ્યાત બુટલેગર સરદારનગરમાં એકટીવા લઈને નીકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા તેની પાસેથી રૂ. ૨૮,૬૦૦ ની કિંમતના શરાબના ૨૮૬ ચપલા મળી આવતા એકટીવા અને શરાબ મળી રૂ. ૭૮,૬૦૦ નો મુદામાલ સાથે અતુલ ઉર્ફે મારાજને માલવીયા નગર પી.આઈ. જે.આર. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ. ગજેરા, હેડ કોન્સ્ટેબલ અજયભાઈ વિક્રમા, મયુદવાન ગઢવી અને જયદીપસિંહ ભટ્ટી સહીતના સ્ટાફે ધરપકડ કરી છે. ઝડપાયેલા બુટલેગર રાજકોટમાં આઠ પોલીસ મથકમાં અને માળીયા મીયાણા પોલીસ ચોપડે દારુના ગુનામાં ચોપડે ચડી ચુકયો છે.

# ૧૦ લાખનો ચેક પરત ફરવામાં વેપારીને બે વર્ષની કેદ

## ૧૨.૫૦ લાખ દંડ પેટે જમા કરાવવા તેમાંથી ૬ ટકા વ્યાજ અને ૧૦ લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક, રાજકોટ**

શહેરમાં વેપારીએ મિત્રતાના નાતે લીધેલા રૂપિયાની ચુકવણી માટે આપેલો રૂ.૧૦ લાખનો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે વેપારીને બે વર્ષની સાદી કેસની સજા અને રૂા.૧૨.૫૦ લાખ દંડ પેટે જમા કરાવવા તેમજ દંડ પેટે જમા કરાવેલ રકમમાંથી ૬ વ્યાજ વ્યાજ સહીત રૂ.૧૦ લાખ વળતર તરીકે ચુકવી આપવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટનાં બ્રહ્માણી હોલની પાછળ, કોઠારીયા રોડ ઉપર રહેતા વેપારી ભાવેશ ગોરધનભાઈ સરધારાએ વેપારી મિત્ર ધવલ રતિભાઈ તાળા (રહે. જલારામ-૪, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ)ને રૂા.૧૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. આરોપીએ ફરીયાદીની લેણી રકમ પરત કરવા રૂા.૧૦ લાખનો પતિ-પત્નિનાં સંયુકત ખાતાનો ચેક આપ્યો હતો. જે ચેક પરત ફરતા ફરીયાદી વેપારીએ આરોપી વિરૂધ્ધ રાજકોટની ફોજદારી કોર્ટમાં ચેક રીર્ટનની ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદી પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ન્યાયાધીશ એમ.એમ.શુકલે આરોપી ધવલભાઈ રતિભાઈ તાળાને બે વર્ષની સાદી કેસની સજા અને રૂા.૧૨.૫૦ લાખ દંડ પેટે જમા કરાવવા તેમજ દંડ પેટે જમા કરાવેલ રકમમાંથી ૬ વ્યાજ વ્યાજ સહીત રૂ.૧૦ લાખ વળતર તરીકે ચુકવી આપવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં ફરીયાદી તરફે વકીલ તરીકે કેતન એન. સિંધવા અને પંકજ આર. દોંગા રોકયા છે.

# સગીરાની હત્યા કેસમાં જનેતાના જામીન ફગાવ્યા

## લીવ ઈન રિલેશનશિપથી જન્મેલી પુત્રી સાથે છૂટા પડ્યા બાદ પણ અન્ય બે સાથે પણ સંબંધો જામ્યા ન હતા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં લીવ ઈન રિલેશનશિપના સંબંધોની સગીર પુત્રીને ઝેરી દવા પીવડાવી મોતને ઘાટ ઉતારી દેવાના ગુનામાં પકડાયેલી માતાની ચાર્જશીટ પછીની જામીન અરજી સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે.

આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના સોમનાથ સોસાયટી વિસ્તારના સગીર પુત્રી ખુશીની હત્યાના આ બનાવ અંગે આરોપી મહિલા સુધા વધેરા સાથે લીવ ઈન રિલેશનશિપમાં રહેલા બાદમાં છુટા પડેલા મુકેશ રાજ્યગુરુએ ફરિયાદ નોંધાવી હતી, જેમાં અગાઉ લીવ ઈન રિલેશનશિપના યુગલમાં સગીર પુત્રી સાથે લઈને છૂટા પડ્યા બાદ જુનાગઢ અને રાજકોટના અન્ય યુવાનો સાથેના સંબંધોમાં પણ અનુકૂળ નહિ આવતા જીવનથી કંટાળેલી માતાએ ચિંતામાં પોતાની સગીર દીકરીને ઝેરી દવા પીવડાવી મૃત્યુ નીપજાવ્યા અંગે પતિ મુકેશ રાજ્યગુરુએ તેની અગાઉ રિલેશન રાખનાર સુધા વધેરા સામે હત્યાના ગુનાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં આજીડેમ પોલીસ સ્ટેશન દ્વારા સુધા વગેરેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી અને વિશેષ તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ મૂક્યું હતું. આરોપી સુધા વધેરાએ પોતાની પુત્રીની હત્યાના કેસમાં રેગ્યુલર જામીન ઉપર છુટવા સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી, તેમાં સરકાર પક્ષે હાજર થયેલા મદદનીશ સરકારી વકીલ પરાગ એન શાહે જામીન અરજીનો વિરોધ કર્યો હતો, તેમાં સગી દીકરીની હત્યા પુરાવાનો નાશ કરવાનો પ્રથમદર્શી કેસ છે, ચાર્જશીટ બાદ સંજોગો બદલાયા નથી, આરોપી મહિલાની જામીન અરજી રદ કરવા દલીલો કરી હતી, જે ધ્યાને લઈને એડિશનલ સેશન્સ જજે આરોપી સુધાબેન ની ચાર્જશીટ બાદને અરજી નામંજૂર કરી છે. આ કેસમાં સરકાર તરફે એપીપી પરાગ એન. શાહ રોકાયા હતા.

# જસદણ : નર્સિંગની છાત્રાનો આપઘાતનો પ્રયાસ

## ખેતી કામ અંગે પરિવારે ઠપકો આપતાં માઠું લાગી જતા પગલું ભર્યું

**અબતક,રાજકોટ**

જસદણ તાલુકાના મદાવા ગામે રહેતી યુવતીએ ખેતી કામ કરતી વેળાએ પરિવારે ઠપકો આપતાં માઠું લાગી આવતા ઝેર પીધું.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભાડલા પોલીસને જાણ કરતા પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના મદાવા ગામે રહેતી ૧૮ વર્ષીય યુવતીએ પોતે પોતાની વાડીએ હતી ત્યારે, ઝેરી દવા પી લેતા તેને સારવાર અર્થે જસદણ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતીને ખેતી કામ કરતી વેળાએ,કામ બાબતે પરિવાર સાથે ચડભડ થઈ હોય જેથી પરિવારે ઠપકો આપતા તેનું હૈયે લાગી આવતા યુવતીએ પગલું ભર્યું હતું.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભાડલા પોલીસને જાણ કરતા પીએસઆઈ સરવૈયા સહિતના સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી છે.યુવતીએ રાજકોટમાં સ્નાતક પૂર્ણ કર્યું છે.આ ઉપરાંત શહેરમાં નર્સિંગનો અભ્યાસ કરતી હોવાનું પરિવારે પોલીસ તપાસમાં જણાવ્યું છે.યુવતી ચાર બહેન એક ભાઈમાં સૌથી નાની છે.

# જવાહર રોડ પર ઓપેરા ટાવરની ઓરડીમાં પરિણીતાનો આપઘાત

## નેપાળથી પેટિયું રળવા ૧૮ દિવસથી આવેલા પરિવારમા આભ ફાટ્યું જેવા દ્રશ્યો સર્જાયા

**અબતક,રાજકોટ**

શહેરના જવાહર રોડ ગેલેક્સી બિલ્ડીંગની સામે,ઓપેરા ટાવરમાં રહેતા અને કામ કરતા પરિણીતાનો અકળ કારણોસર ઓપેરા ટાવરની ઓરડીમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરપ્રાંતિય પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.મૂળ નેપાળનો આ પરિવાર ૧૮ દિ' પૂર્વે રાજકોટમાં પેટીયુ રડવા માટે આવ્યા છે.બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથધરી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.પ્રાપ્ત વિગત અનુસાર,શહેરના જવાહર રોડ ગેલેક્સી બિલ્ડિંગની સામે ઓપેરા ટાવરમાં રહેતા અને કામ કરતા મૂળ નેપાળના વતની નિશાબેન લોકેશભાઈ સોની નામના ૨૫ વર્ષીય પરિણીતાએ અગમ્ય કારણોસર પંખા સાથે લટકી દુપટ્ટા



વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.પોલીસની પ્રાથમિક તપાસમાં નિશાબેન સોની મૂળ નેપાળના વતની છે અને ૧૮ દી'થી પરિવાર સહિત પેટિયું રડવા માટે રાજકોટ આવેલા છે.પરિણીતાના પતિ ઓપેરા ટાવરમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરે છે.પરિણીતાએ ગત તા.૯ ના સાંજના સાતેક વાગ્યાના અરસામાં ઓપેરા ટાવરની ઓરડીમાં ગળાફાંસો ખાઈ લેતા,કામ પરથી ઘરે આવેલા પરિણીતાના દિયર હેમરાજએ ભાભીને લટકતી હાલતમાં જોઈ દેકારો કરતા,નજીકમાં જ રહેલા કોઈએ ૧૦૮ ને જાણ કરી,૧૦૮ એમ્બ્યુલન્સના તબીબે પરિણીતાને જોઈ તપાસી મૃત જાહેર કરતા પરપ્રાંતિય પરિવારમાં ઘેરો શોક છવાયો છે.બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથધરી ધોરણસરની કાર્યવાહી આદરી છે.વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર મૃતકને સંતાનમાં એક પુત્રી એક પુત્ર છે અને મૃતક પરિણીતા ત્રણ બહેનો અને એક ભાઈમાં વચેટ છે.

**(પહેલા પાનાનું ચાલું)**

**વરસાદ...**

રાજકોટના જામ કંડોરણામાં બે ઈંચ, આણંદના ધારાપુરમાં પોણા બે ઈંચ, જૂનાગઢના વિસાવદરમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે.

સૌરાષ્ટ્રમાં ફરી મેઘરાજા જમાવટ કરી રહ્યા છે. રાજકોટ શહેર સહિત જિલ્લાના વિવિધ વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. લોધિકામાં પાંચ ઈંચ, ધોરાજીમાં સાડા ત્રણ ઈંચ વરસાદ થતા ચોમેર પાણી-પાણી થઈ ગયું હતું. આ ઉપરાંત જામ જોધપુરના બુટાવદરમાં વિજળી પડતા એકનું મોત થયું હતું.

રાજ્યમાં મેઘ મહેરની વચ્ચે જામનગર જિલ્લામાં ત્રણ અલગ-અલગ સ્થળો પર વિજળી પડતાં ત્રણ લોકોના મોત નિપજ્યા હતા. રાજ્યમાં થોડા દિવસમાં મેઘ વિરામ બાદ ફરી મેઘ મહેર થતા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે. આજે સવારે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૬૨ તાલુકામાં વરસાદ વરસ્યો છે. વરસાદને પગલે ઠેર-ઠેર પાણી-પાણી થઈ ગયું છે. આજેપણ રાજ્યના ૨૦થી વધુ જિલ્લામાં વરસાદની શક્યતા છે.

**બેંકો...**

આંતરિક ખાતા છે અને તેનો ખોટા હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આરબીઆઈને તેના નિરીક્ષણમાં જાણવા મળ્યું છે કે કેટલીક બેંકોએ કોઈપણ માન્ય કારણ વગર લાખો આંતરિક ખાતા ખોલ્યા છે. હવે રિઝર્વ બેંકે આ બેંકોના સીએફઓને આવા બિનજરૂરી ખાતા બંધ કરવા કહ્યું છે. આરબીઆઈએ બેંકોને ફક્ત આવશ્યક ખાતાઓ જાળવવા કહ્યું છે અને એમ પણ કહ્યું છે કે બેંકોએ આ ખાતાઓ પર વધુ સારું નિયંત્રણ રાખવું જોઈએ. આ ખાતાઓની નિયમિત તપાસ કરો અને ઓડિટ અહેવાલ સમિતિને સબમિટ કરો. તેવી પણ સૂચના અપાઈ છે.

આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથન જેએ બેંકોને જણાવ્યું હતું કે "છેલ્લા કેટલાક વર્ષોમાં, આંતરિક ખાતાઓના નિયંત્રણ અને સંચાલન પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ સમય દરમિયાન, અમને કેટલીક બેંકો મળી કે જેનાં આંતરિક ખાતાં લાખોમાં છે અને તેમના અસ્તિત્વ માટે કોઈ સ્પષ્ટ કારણ નથી. તેમણે કહ્યું કે દુરુપયોગની સંભાવનાને કારણે આંતરિક ખાતાઓ ખૂબ જોખમી છે.

આરબીઆઈના ડેપ્યુટી ગવર્નરે બેંકોના ચીફ ફાયનાન્સિયલ ઓફિસર્સને આ ખાતાઓ ઘટાડવા અને ફક્ત આવશ્યક ખાતા રાખવાનો નિર્દેશ આપ્યો છે. આરબીઆઈએ બેંકો તેમજ નોન બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓને ચેતવણી આપી છે. વાસ્તવમાં, રિઝર્વ બેંક ચિંતિત છે કે કંપનીઓના આ નકલી એકાઉન્ટ્સનો ઉપયોગ ડિજિટલ છેતરપિંડી માટે કરવામાં આવી રહ્યો છે.

**વ્યાજ...**

૩૦-૪૫ દિવસ લાગતા હતા. આ દિવસોનું વ્યાજ વસૂલી લેવામાં આવતું હતું. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે આરબીઆઈના આ આદેશથી લોનની વૃદ્ધિ અને નીચા માર્જિનમાં વૃદ્ધિ થઈ શકે છે, ખાસ કરીને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ માટે. તમામ મોર્ટગેજ ધિરાણકર્તાઓ માટે એપ્રિલ સામાન્ય રીતે સૌથી નબળો મહિનો હોય છે, અને માત્ર ચેકની રસીદ પર વ્યાજની આવકની ઓળખ અંગેના આરબીઆઈના પરિપત્રે મોર્ટગેજ ધિરાણકર્તાઓને તેમના સોર્સિંગ મોડલ્સને ફરીથી વ્યૂહરચના બનાવવા માટે ડ્રોઈંગ બોર્ડમાં પાછા મોકલ્યા છે.

**દવાઓ...**

ઓછામાં ઓછા ૧૦% પ્રિસ્ક્રિપ્શનોમાં વિચલનો હતા જે 'અસ્વીકાર્ય' હતા કારણ કે તેઓ ડ્રગની ક્રિયાપ્રતિક્રિયાઓ, પ્રતિક્રિયાઓ, અછત તરફ દોરી શકે છે, વધારો કરી શકે છે.

ખર્ચ, અટકાવી શકાય તેવી પ્રતિકૂળ દવાની પ્રતિક્રિયાઓ અને અથવા એન્ટિમાઈક્રોબાયલ પ્રતિકાર. સંશોધકોએ દેશભરની તૃતીય સંભાળ હોસ્પિટલોના આઉટપેશન્ટ વિભાગોમાં પોસ્ટ કરાયેલા ડોકટરો દ્વારા જારી કરાયેલ ૪,૮૩૮ પ્રિસ્ક્રિપ્શનોનું વિશ્લેષણ કર્યું, જ્યાં ૧૩ ભારતીય તબીબી સંશોધન તર્કસંગત ઉપયોગ કેન્દ્રો સ્થિત છે. તમામ પ્રિસ્ક્રાઈબર્સ પોતપોતાના વિષયોમાં અનુસ્નાતક હતા અને સરેરાશ ચારથી ૧૮ વર્ષ સુધી પ્રેક્ટિસ કરતા હતા. સંશોધકોએ શોધી કાઢ્યું હતું કે સૌથી વધુ સંખ્યામાં ડાયવર્ઝન ધરાવતી ઓપીડી સમુદાયની દવા હતી, ત્યારબાદ ઈ.એન.ટી અને બાળરોગ ચિકિત્સા. સંભવ છે કે સામુદાયિક દવાઓમાં વિચલનો વધુ હોઈ શકે, કારણ કે આવી ઓપીડી જુનિયર ડોકટરો દ્વારા ચલાવવામાં આવે છે, અભ્યાસમાં જણાવાયું છે.

**અકસ્માત...**

પોલીસને ઘટનાની જાણકારી મળી તો ઘટનાસ્થળ પર રેસ્ક્યુ ઓપરેશન ચલાવ્યું. અત્યાર સુધી ૧૮ શબ્દ મોર્ચરી પર રાખવામાં આવ્યા છે. મૃતકોમાં ૧૪ પુરુષ, ૨ મહિલાઓ અને એક બાળક અને એક છોકરી સામેલ છે. અકસ્માત એટલો ગોઝારો હતો કે તેમાં સવાર ૧૭ લોકોની હાલત અત્યારે પણ ગંભીર છે. ઘણા લોકોને પ્રાથમિક સારવાર બાદ જિલ્લા હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. સ્થાનિક પ્રશાસને રેસ્કયૂમાં કર્યું.

**બાર્કોડ...**

ઉપયોગમાં લેવાતી પીડાનાશક દવાઓ, પીડા નિવારક દવાઓ, એન્ટિ-પ્લેટલેટ્સ, વિટામિન સપ્લિમેન્ટ્સ, બ્લડ સુગર ઘટાડતી દવાઓ અને ગર્ભનિરોધક ગોળીઓનો સમાવેશ થાય છે. દવાઓની અધિકૃતતા સુનિશ્ચિત કરવા અને ટ્રેસિંગને સક્ષમ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું હતું.

**બજેટ...**

પણ સામેલ છે, જેમાં સરકારનો હિસ્સો ૫૦ ટકાથી ઓછો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪માં ડિવિડન્ડ કલેક્શન અને તેના પહેલાના બે વર્ષ પ્રારંભિક અંદાજ કરતાં વધુ સારા હોવા છતાં, સરકારી અધિકારીઓ કહે છે કે તેઓ વચગાળાના બજેટ અંદાજમાં કોઈ ફેરફારની અપેક્ષા રાખતા નથી. એક અધિકારીએ કહ્યું કે આનું કારણ એ છે કે સરકાર કોઈ લક્ષ્ય નક્કી કરતી નથી જે હાંસલ થવાની શક્યતા ન હોય. જો કે, આ અંગે અંતિમ નિર્ણય ૨૩ જુલાઈએ બજેટ રજૂ થાય તે પહેલા જ લેવામાં આવી શકે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, સરકારને ડિસઈન્વેસ્ટમેન્ટમાંથી કુલ રૂ. ૧૬,૫૦૭ કરોડ મળ્યા હતા, જ્યારે આશરે રૂ. ૧૬,૦૦૦ કરોડ એસેટ મોનેટાઈઝેશનમાંથી આવ્યા હતા. બંને મળીને રૂ. ૩૦,૦૦૦ કરોડના સુધારેલા લક્ષ્ય કરતાં વધુ હતા. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટના ડેટા અનુસાર સીપીએસઈએસ અને અન્ય સરકારી કંપનીઓ પાસેથી ડિવિડન્ડ કલેક્શન નાણાકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૬૩,૭૪૯ કરોડની વિક્રમી ટોચે પહોંચ્યું હતું. આ રૂ. ૫૦,૦૦૦ કરોડના સુધારેલા અંદાજ કરતાં ૨૭.૫ ટકા વધુ છે. આ સરકારી કંપનીઓની શ્રેષ્ઠ કામગીરી દર્શાવે છે.

ડિસઈન્વેસ્ટમેન્ટ સેક્રેટરી તુહીન કાંતિ પાંડેએ અગાઉ જણાવ્યું હતું કે ડિસઈન્વેસ્ટમેન્ટ માટે વાર્ષિક ઊંચો લક્ષ્યાંક નક્કી કરવાથી અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે. આ સંબંધિત સીપીએસઈના મૂલ્ય નિર્માણ લક્ષ્યને અસર કરી શકે છે. તેથી, તેમણે ડિસઈન્વેસ્ટમેન્ટ અંગે માપેલી વ્યૂહરચના બનાવવાનો પ્રયાસ કરવા પર ભાર મૂક્યો હતો.

**(ચોથા પાનાનું ચાલું)**

**મહંત સ્વામી...**

દરેકનું જીવન રથયાત્રા જ છે. આ જીવનરૂપી રથયાત્રામાં સુખ દુઃખ, માન અપમાન બધું આવવાનું જ પણ તેમાં સત્સંગ આપણને સ્થિર રાખે. દેહ અને આત્મા જુદા માનવા એજ સાધના છે. ઘરસભાએ પ્રમુખસ્વામી મહારાજે આપેલ સંજીવની છે માટે ઘરના તમામ સભ્યોએ ભેગા બેસીને ઘરસભા અચૂક કરવી. સત્સંગની દ્રઢતા વધારવા સૌએ રવિસભાનો લાભ લેવો.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે દર રવિવારે સાંજે ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન બાળકો-બાલિકાઓ માટે બાળસભા, યુવકો-યુવતીઓ માટે યુવાસભા તેમજ વડીલ પુરુષ-મહિલાઓ માટે સત્સંગ સભા યોજાતી હોય છે. જેના દ્વારા ભક્તો એમના જીવનમાં આવતા વિવિધ પ્રશ્નો વચ્ચે સ્થિરતાપૂર્વક રહી સત્સંગના પાઠો દ્વારા જીવનમાં વ્યવહારિક અને આધ્યાત્મિક માર્ગે ઉત્તરોત્તર પ્રગતિ કરતા હોય છે.

**આચાર્ય લોકેશજી...**

ફિલસૂફીમાં ઘણી વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ જોવા મળે છે. મને આનંદ છે કે ભગવાન મહાવીરના બતાવેલા માર્ગ પર ચાલીને વિશ્વ શાંતિ દૂત આચાર્ય લોકેશજી તેમના ઉપદેશો અને ભારતીય સંસ્કૃતિને સમગ્ર વિશ્વમાં ફેલાવવાના સતત પ્રયાસો કરી રહ્યા છે. તે જ ક્રમમાં, આ વર્ષે, કેનેડા અને બ્રિટનની સંસદ અને કેલિફોર્નિયાની એસેમ્બલીમાં આચાર્ય લોકેશજીની હાજરીમાં ભગવાન મહાવીરના ૨૫૫૦માં નિર્વાણ વર્ષના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એ વાતનો પુરાવો છે કે વિશ્વમાં ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો અને જીવનશૈલી પ્રત્યે સ્વીકૃતિ વધી રહી છે.

આ પ્રસંગે રાજ્યપાલે વિશ્વ શાંતિ કેન્દ્રના પરિચય પુસ્તકનું વિમોચન કર્યું હતું અને આચાર્ય લોકશાજી, આચાર્ય બાલ કૃષ્ણજી, ભંતે દીપાંકર સુમેધો, અજય ભુટોડિયા, રશ્મિકાંત કામદારનું શાલ ઓઢાડીને અભિવાદન કર્યું હતું.

આચાર્ય બાલ કૃષ્ણજીએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિમાં તેમણે 'વસુધૈવ કુટુંબકમ' અને 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સંતુઃ નિરામય'નો સંદેશ સમગ્ર વિશ્વને આપ્યો હતો. કેટલાક લોકો માટે દેશ બજાર હોઈ શકે છે, પરંતુ ભારત માટે વિશ્વ એક પરિવાર છે. સમગ્ર વિશ્વને આજે ભારતના મહાપુરુષોએ આપેલા સંદેશની જરૂર છે, કારણ કે આપણે યુદ્ધ, હિંસા કે મતભેદ દ્વારા શાંતિપૂર્ણ અને સુખી જીવન જીવી શકતા નથી.

અમેરિકી રાષ્ટ્રપતિના સલાહકાર અજય ભુટોરિયાએ જણાવ્યું હતું કે, અહિંસા વિશ્વ ભારતી દ્વારા સ્થાપિત ભારતના પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રનું ઉદ્ઘાટન આ વર્ષે કરવામાં આવશે. વિશ્વ શાંતિ કેન્દ્રમાં ભારતીય સંસ્કૃતિ અને આધુનિક સુવિધાઓનો સંગમ થશે, ત્યાં શાંતિ શિક્ષણ અને તાલીમ, ધ્યાન અને યોગ દ્વારા વ્યક્તિત્વ નિર્માણ, મહિલા સશક્તિકરણ, બાળકો અને યુવાનોનું સંસ્કૃતિ નિર્માણ, પર્યાવરણ સંરક્ષણ વગેરે પર આધારિત કાર્યક્રમો યોજાશે. તે ભારતીય સંસ્કૃતિ અને જૈન જીવનશૈલી પર ઓપરેટ કરવામાં આવશે.

કાર્યક્રમના સંયોજકો સતીશ અગ્રવાલ અને સંજય મિત્તલે રાજ્યપાલનું શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોનું પણ સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન કર્નલ ટી.પી. ત્યાગી અને કેનુ અગ્રવાલે કર્યું હતું, આભારવિધિ તારકેશ્વરી મિશ્રા, અતુલ જૈન, પ્રેમ પ્રકાશ ગુપ્તા, વિનીત શર્માએ કરી હતી.

**બાલભવન...**

અસદઅલી રાઉમા પ્રથમ, સ્વરા કેસરીયા -દ્વિતિય, બ્રીજેશ જોષી-તૃતિય, શ્લોક મહેતા - ચતુર્થ, નીવ રાઠોડ - પાંચમાં કમાંકે, જ્યારે ટાર્ગેટ બોલ સ્પર્ધામાં, હેતાંશ લાખાણી પ્રથમ, બ્રીજેશ જોષી - દ્વિતિય, પંશુલ ચાવડા-તૃતિય, ક્રિપા પટેલ - ચતુર્થ, યાના રાઠોડ - પાંચમાં ક્રમાંકે વિજેતા થયેલ. જ્યારે ગૃપ- બી (૧૧ થી ૧૬ વર્ષ)ની પોટેટો રેસમાં મીત મર્થક - પ્રથમ, ભૂમિ ગઢીયા - દ્વિતીય અને વિવેક દસાણી - તૃતીય ક્રમાંકે જ્યારે પાસિંગ બોલ સ્પર્ધામાં મીસરી સેજપાલ - પ્રથમ, ભૂમિ ગઢીયા - દ્વિતીય, વિવેક દસાણી - તૃતીય અને બોમ્બ ફૂટચો સ્પર્ધામાં કશ્યપ કોંઢીયા -પ્રથમ, મીર પાબારી-દ્વિતિય અને ધ્યાન દાવડા - તૃતીય ક્રમાંક પ્રમાણે વિજેતા થયેલ. વિજેતા બાળકોને ઈનામ તથા સર્ટિફીકેટથી સન્માનિત કરવામાં આવેલ. વેકેશન બાદ આવા આયોજનો બાળકોના ભણતરનાં ભારને હળવો કરી નવી ઉર્જાનું સિંચન કરે છે, જે બદલ ભાગ લીધેલ બાળકોનાં વાલીઓએ ટ્રસ્ટી મનસુખભાઈ જોષી તથા ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કિરીટભાઈ વ્યાસ તથા બાલભવન પરિવારનો ખાસ આભાર માન્યો હતો. સ્પર્ધા - કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્ર પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

**રાજુ એન્જિનિયરિંગ...**

બીજા દિવસે બાલાજી મલ્ટિપ્લેક્સ પ્રાઈવેટ લિમિટેડ ખાતે એસ્ક્વીઝ યુ પ્રોડક્ટ પ્રીમિયર યોજાયું હતું જેમાં હાઈપરફોર્મન્સ બ્રોન ફિલ્મ ટેકનોલોજી ના લેટેસ્ટ પ્રો એક્સ સીરીઝ નું લોન્ચિંગ કરાયું હતું.

આ નવી સિરીઝ કોમર્શિયલ પ્રિન્ટિંગ લાઈનમાં હાઈટેક બની રહેશે ૯૦૦ કિલોગ્રામ પ્રતિ કલાક ૨૨ માઈક્રોન જાડાઈ અને ૨૮ પહોળાઈ પર બનાવાયેલી ફિલ્મ ઓછી સિયર હીટ ડિઝાઈન માટે રિલેક્સ ફોર પોઈન્ટ ઝીરો મા આદર્શ બની રહેશે આ ફિલ્મની જાડાઈ ૨૮૦૦ મીમી પ્લેયર ફ્લેટ અને ઓછા ગેજ વેરીએશનના કારણે ખૂબ જ અનુકૂળ રહેશે બાલાજી મલ્ટિપ્લેક્સ પ્રાઈવેટ લિમિટેડ ના ડાયરેક્ટર પ્રણવભાઈ ભાલારાએ મેક ઈન ઈન્ડિયા અને વોકલ ફોર લોકલ મુવમેન્ટને સમર્થન આપવા બદલ ગર્વ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે હું ઉપરોક્ત સીરીઝ અંગે આનંદ ની લાગણી અનુભવું છું રાજુ એન્જિનિયરિંગના આ ઉપહાર થી પ્લાસ્ટિક ઉદ્યોગ અને પ્રિન્ટિંગ ક્ષેત્રે એક નવી ક્રાંતિ આવશે રાજુ એન્જિનિયરિંગ લિમિટેડના મેનેજમેન્ટ ડિરેક્ટર ખુશ્બુબેન ચંદ્રકાંત દોશી એ કંપનીની આ પ્રોડક્ટ ખૂબ જ અસરકારક સફળ અને ઉપયોગી બનશે તેવો વિશ્વાસ વ્યક્તિ કર્યો હતો

**ભૂપત બોદર...**

છે. ખરા અર્થમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગાંધીજીની કલ્પનાનું 'ગ્રામરાજ્ય' અને પં.દીનદયાળજીની વિચારધારા 'છેવાડાના માનવી' માટે સર્વાંગિ વિકાસલક્ષી યોજનાઓ ઘડવામાં આવી છે. અને રાજ્યની ભાજપ સરકાર દ્વારા પણ કૃષિલક્ષી, ગરીબલક્ષી અને ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપતી લોકહીતકારી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

ત્યારે રાજ્યના કેબીનેટ મંત્રી અને રાજકોટ વિધાનસભા-૭૧ના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા દ્વારા રાજકોટ જિલ્લાના કસ્તુરબા ધામ જિલ્લા પંચાયત સીટના વિવિધ ગામોમાં વિકાસ કાર્યો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેમાં રાજકોટ જિલ્લાના કાળીપાટ ગામે એપ્રોચ રોડથી રામજી મંદિર ચોરા સુધી આર.સી.સી. રોડના કામ માટે રૂ.૪.૯૦ લાખ, કાથરોટા ગામે કોઝવે માટે રૂ.૪ લાખ, લોઠડા ગામે ઘટતી ભૂગર્ભ ગટર રૂ.૪ લાખ, વડાળી ગામે પેવરબ્લોક, સ્મશાનમાં ખૂટતા પેવરબ્લોકના કામ માટે રૂ.૪ લાખ, લોધીડા ગામે સુખનાથ સોસાયટીમાં પેવર બ્લોકના કામ માટે રૂ.૪ લાખ, ત્રંબા કસ્તુરબાધામ ગામે જુના પાદર હનુમાનજી મંદીર સુધી ઘટતા સી.સી. રોડના કામ માટે રૂ.૫ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

તેમજ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની ગ્રાન્ટમાંથી રાજકોટ જિલ્લાના સણોસરા, વાજડીગઢ પરાપીપળીયા, વેજાગામ, કુવાડવા, ફાડદંગ, માલીયાસણ હડમતીયા બેડી, મનહરપુરમાં પણ વિવિધ વિકાસકાર્યો માટે ગ્રાન્ટમાંથી માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે. જેનાથી રાજકોટ જિલ્લાના વિવિધ ગામોમાં વિકાસને વેગ મળશે. આમ રાજકોટ જિલ્લા પંચાયતમાં કસ્તુરબા ધામ જીલ્લા પંચાયત સીટ તેમજ રાજકોટ જિલ્લા પંચાયતમાં આવતા વિવિધ ગામોમાં વિકાસ કાર્યો માટે ગ્રાન્ટની ફાળવણી કરવા બદલ રાજ્યના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનો જાહેર આભાર વ્યકત કરતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ હતું.

**ડો. તેજલ ગાંધી...**

છે.તેઓએ અમેરિકા,કેનેડા, ડેન્માર્ક, જર્મની અને શ્રીલંકા તથા ભારતમાંઆંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાખ્યાનો આપ્યાં છે.વિવિધ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અનેઆંતરરાષ્ટ્રીય સામયિકો સમીક્ષક તરીકેની તેમની ભૂમિકા આ ક્ષેત્રમાંના તેઓનાપ્રભાવને વધુ રેખાંકિત કરે છે. ફાર્મસી વ્યવસાયમાં ડો.ગાંધીનાઉત્કૃષ્ટ યોગદાન અને ફાર્માસ્યુટિકલ સંશોધન બદલ આઇ.પી.એ. ફેલોશીપ સબ એવોર્ડ-૨૦૨૪ તેઓને એનાયત થયો છે.આ પુરસ્કાર મેળવનાર ગુજરાતની પ્રથમ અને એકમાત્રમહિલા તરીકેની તેમની સિદ્ધિ એ જ તેઓનાં વ્યવસાય પ્રત્યેની શ્રેષ્ઠ ભાવના અનેસમર્પણનો પુરાવો છે.જે ફાર્માસ્યુટિકલ સમુદાયમાં અસંખ્ય વ્યકિતઓને પ્રેરણા આપેછે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનાસમગ્ર પરિવારે ડો.તેજલ ગાંધીની આ સિદ્ધિ પરત્વે ગૌરવ અને આનંદની લાગણી અનુભવી છેઅને તે બદલ યુનિવર્સિટીના કુલપતિ ડો. રાજુલ કે.ગજ્જર અને કુલસચિવ ડો.કે.એન.ખેરડો.તેજલ ગાંધીને અભિનંદન પાઠવ્યા છે.

**(૧૧માં પાનાનું ચાલુ)**

## બુકિંગ પણ નહીં લેવાય....

અવંતીબાઈ લોધી કોમ્યુનિટી હોલ, જિલ્લા ગાર્ડનમાં ડો.આંબેડકર કોમ્યુનિટી હોલ, આમ્રપાલી પોલીસ ચોકી પાસે ગુરુ ગોવિંદસિંહજી કોમ્યુનિટી હોલ, આનંદનગર માં રણછોડદાસ બાપુ કોમ્યુનિટી હોલના બંને યુનિટ, બેકબોન શોપિંગ સેન્ટરમાં પ્રતાપભાઈ ડોડીયા કોમ્યુનિટી હોલ અને મનસુખભાઈ ઉધાડ કોમ્યુનિટી હોલ, ધર્મનગર આવાસ યોજના પાસે નાનજીભાઈ ચૌહાણ કોમ્યુનિટી હોલ અને નવલસિંહ ભટ્ટી કોમ્યુનિટી હોલ, પેડક રોડ પર પંડિત દિનદયાલ ઉપાધ્યાય કોમ્યુનિટી હોલના બંને યુનિટ, ૮૦ ફૂટ રોડ પર અમુલ સર્કલ પાસે મોહનભાઈ સરવૈયા કોમ્યુનિટી હોલના બંને યુનિટ,કોઠારીયા મેઈન રોડ પર હુડકો ફાયર બ્રિગેડ પાસે કાંતિભાઈ વૈદ કોમ્યુનિટી હોલ, સંત કબીર રોડ પર મહારાણા પ્રતાપ કોમ્યુનિટી હોલ,મોરબી રોડ પર જુના જકાત નાકા પાસે નવનિર્મિત કોમ્યુનિટી હોલના બંને યુનિટ બંધ કરી દેવામાં આવશે અને ફાયર એનઓસી ન મળે ત્યાં સુધી બુકિંગ સ્વીકારવાનું બંધ કરી દેવામાં આવશે.

આ ઉપરાંત પહેલી ઓગસ્ટ પછીના જે બુકિંગ છે તેને ડિપોઝિટ પરત આપી બુકિંગ કેન્સલ કરવામાં આવશે. ત્રણ મહિનામાં તમામ હોલમાં ફાયર સેફટીના સાધનો લાગ્યા બાદ અને ફાયર એનઓસી મળ્યે ફરી બુકિંગ શરૂ કરવામાં આવશે.

## નિમણુંક પત્ર એનાયત....

જે સંસ્થા આપણને નોકરી આપે તે સંસ્થામાં આપણે શ્રેષ્ઠ, પ્રમાણિકતાથી અને પુરા ખંતથી કામગીરી કરી સંસ્થાનું ઋણ ચુકવવું જોઈએ.તેમ મેયરએ અંતમાં જણાવ્યું હતું.

## સ્પેન.....

તરીકે દર્શાવ્યો હતો. ૨૧મી મિનિટમાં, એક અદભૂત કર્લર કે જેણે તેની મૂર્તિ લિયોનેલ મેસ્સીને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરી, યુરોપિયન ફૂટબોલ સેટઅપમાં એક વિસ્ફોટક ક્ષણને ચિહ્નિત કરી. આ ગોલ તેને યુરોપિયન ચેમ્પિયનશિપના ઈતિહાસમાં સૌથી યુવા ગોલસ્કોરર તો બનાવ્યો જ, પરંતુ ઈન્ટરવલ પછી તરત જ લાંબા અંતરના શોટને રોકવાની તેની આદત પણ દર્શાવી. યુરોકપનો ફાઈનલ મેચ ૧૫ જુલાઈના રોજ રમાશે ત્યારે આવતીકાલે જે ઈંગ્લેન્ડ અને નેધરલેન્ડ વચ્ચેનો મેચ છે તેમાં જે તે વિજય થશે તે ફાઈનલમાં સ્પેન સામે ટકરાશે.

**(બારમાં પાનાનું ચાલુ)**

**અગ્નિકાંડ ગાજશે....**

**કામગીરી કરવામાં આવી છે કે કેમ તેનો સવાલ પૂછ્યો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મચ્છરજન્ય રોગચાળામાં કેટલો વધારો થયો છે તેની માહિતી પણ માંગી છે. સામાન્ય રીતે જનરલ બોર્ડમાં ગમે તેટલા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હોય પરંતુ એક જ પ્રશ્નની ચર્ચા થાય છે. ટીઆરપી ગેમ ઝોનને લગતા વશરામભાઈ સાગઠીયાના પ્રશ્નની ચર્ચા થવાની સંભાવના ખૂબ જ નહિવત છે છતાં વિપક્ષ કોંગ્રેસ અગ્નિકાંડ મામલે બોર્ડ ગજવાના મૂડમાં હાલ દેખાય રહ્યો છે.તેઓએ જ્યારે ગેમ ઝોનમાં આગ લાગી ત્યારે કયા કયા ફાયર સ્ટેશનમાંથી પાણીના કેટલા ટેન્કરો ગયા હતા કેટલા ડ્રાઈવર અને ફાયર મેન ગયા હતા.ગેમ ઝોનને ૨૬૦ (૨)મુજબ નોટિસ આપી હતી કે કેમ તેની પણ માહિતી માંગી છે.**

**જ્યારે ત્રીજા ક્રમે પૂર્વ ડેપ્યુટી મેયર કંચનબેન સિદ્ધપુરાનો પ્રશ્ન છે તેઓએ છેલ્લા બે માસ દરમિયાન દબાણ હટાવ વિભાગની કામગીરીની માહિતી માંગી છે. જ્યારે ચોથા ક્રમે રહેલા કુસુમબેન ટેકવાણીના પ્રશ્નમાં તેઓએ હાલ શહેરમાં કેટલી ટીપી સ્કીમ મંજૂર કરવામાં આવી છે અને કેટલી સ્કીમો બની રહી છે. કોમ્યુનિટી હોલનું બુકિંગ ઓનલાઈન થાય છે રિફંડ રકમ કેટલા દિવસમાં મળે છે તેની માહિતી માગી છે જ્યારે પાંચમાં ક્રમે બીપીનભાઈ બેરાનો પ્રશ્ન છે તેઓએ મિલકતમાં નામ ફેર અને નળ કનેકશનમાં નામ ફેર ની પ્રક્રિયા શું છે તેની માહિતી માંગી છે. રેસકોસ સંકુલમાં કયા કયા પ્રકારની રમત રમતની સુવિધા છે અને કેટલા નાગરિકો એનો લાભ લે છે તેની માહિતી માગી છે.**

**જનરલ બોર્ડમાં કુલ ૨૦ નગર સેવકોએ ૪૦ પ્રશ્નો રજૂ કર્યા હોવાનું જાણવા મળે રહ્યો છે.**

**છેલ્લા જનરલ બોર્ડમાં લોકસભાની ચૂંટણીની આચાર સંહિતાના કારણે કોઈ નિર્ણય લઈ શકાયો ન હતો. આગામી ૧૮મી મળનારી જનરલ બોર્ડની બેઠકમાં નાના મવા સર્કલ પાસેના પ્લોટની ફાળવણી રદ કરવા, કોર્પોરેશનની વિવિધ જગ્યાઓ ઉપર સિદ્ધિ ભરતી કે બઢતીથી નિયુક્ત થતા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ અનુસાર પગાર બાંધણી કરતા ઉદભવેલી વિસંગતતાઓ દૂર કરવા, દબાણ હટાવ ઈન્સ્પેક્ટરની નવ જગ્યાનો કાયમી સેટઅપમાં સમાવેશ કરવા, વોર્ડ નં.૧૨માં વાવડને લાગુ રામનગર વિસ્તારમાં પીવાના પાણીની સગવડતા આપવા, કડિયા નાકાથી નજીકના વિસ્તારમાં શ્રમિક બસેરા માટે જમીન ફાળવવા, જનરલ બોર્ડ, સ્ટેન્ડિંગ કમિટી અને ખાસ સમિતિની કાર્યવાહી સંબંધિત નિયમોમાં સુધારો કરવા વોર્ડ નાં. ૧૮ માં સ્વાતિ પાર્ક સાત રસ્તા પર આવેલા ચોકનું બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ચોક નામકરણ કરવા, વોર્ડ નં.૧૬માં કોઠારીયા મેઈન રોડ પર કેદારનાથ સોસાયટી મેઈન રોડનું ઉકાભાઈ નાનાભાઈ લાવડીયા નામકરણ કરવા તથા ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી. સાગઠીયા અને ચીફ ફાયર ઓફિસ ઈલેશ ખેરને ફરજમાંથી સસ્પેન્ડ કરવાનો હુકમ રજુ કરવા સહિતની દરખાસ્ત અંગે નિર્ણય લેવાશે.**

**કોર્પોરેટરોને એજન્ડા...**

**સ્પીડ પોસ્ટ, કુરિયર દ્વારા તેમજ અન્ય વિકલ્પ તરીકે સદસ્યના મોબાઈલ નંબર મારફત વોટસએપ કે ઈમેલ પર મોકલવામાં આવશે. હાલ બોર્ડમાં માત્ર ચાર જ માર્શલની નિમણૂક મેયર કરી શકે છે જેમાં હવે સુધારો કરી અગ્નિશામક દળમાંથી કે સુરક્ષા વિભાગમાંથી ૬ પુરુષ માર્શલ અને બે મહિલા માર્શલ સહિત આઠ માર્શલની નિમણૂક કરવામાં આવશે. દરેક સભામાં હાજર હોય તેવા સદસ્યોના નામ અને તેમાં ચાલેલી કાર્યવાહીની નોંધ સભા પછીના બીજા અથવા શક્ય હોય તેટલા જલ્દી મહાપાલિકાના મંત્રીએ તૈયાર કરી રાખવા આવે છે.જેમાં સભા અધ્યક્ષની સહી લેવામાં આવે છે જે હાલ કોઈપણ સદસ્ય ફી વગર અને બીજા વ્યક્તિ ૫૦ પૈસા ફી આપી જોઈ શકે છે હવેથી સભ્ય માટે જુનો નિયમ યથાવત રહેશે જ્યારે અન્ય વ્યક્તિ માટે ૨૦૦૦ થી નક્કી કરવામાં આવી છે.**

# જાનવી પાર્કમાં નવજાત શિશુનુ બેભાન હાલતમાં મોત

## કુબલિયા પરામાં પ્રૌઢનું રાત્રે સુતા બાદ સવારે બેભાન હાલતમા મોત

**અબતક,રાજકોટ**

શહેરના કુબલિયા પરામાં રહેતા પ્રદીપભાઈ રવજીભાઈ સોલંકી (ઉ.વ.૫૭) નામના પ્રૌઢ રાત્રે સુતા બાદ સવારે મોડે સુધી ન જાગતા પરિવારજનો તેમને જગાડવા જતા જાગતા ન હોઈ ૧૦૮ મારફતે બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલએ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃતક સાત ભાઈ અને ત્રણ બહેનમાં નાના હતા, સંતાનમાંત્રણ પુત્રી બે પુત્ર છે, પોતે મજૂરી કામ કરતા હતા. પરિવારજનોના કહેવા મુજબ પ્રદીપભાઈને નશાની ટેવ હતી રાત્રે જમીને સુતા બાદ સવારે જાગ્યા નહતા. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજા બનાવમાં અમીનમાર્ગ પર જલારામ હોસ્પિટલ નજીક જાનવી પાર્કમાં પાસેના નવી બનતી બાંધકામની સાઈટ પર રહેતા અને ત્યાં જ કામ કરતા મદ્રાસી દંપતીના એક મહિનાના પુત્રને આજે સવારે જગાડતા જાગતો ન હોવાથી બેભાન હાલતમાં ઝનાના હોસ્પિટલએ લઈ જતા ત્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા દંપતીમાં ગમગીની છવાઈ હતી. બનાવ અંગે હોસ્પિટલ દ્વારા પોલીસને જાણ કરતા પોલીસ સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કર્યા હતા. મૂળ મદ્રાસના દંપતીમાં અરુણભાઈ સાઈટ ઉપર મજૂરી કામ કરે છે અને પત્ની કાર્તિકાબેનએ ટ્વિન્સ બાળકોને જન્મ આપ્યો હતો જેમાં એક બાળકની તબિયત બરાબર ન હોવાથી કેટલાક દિવસ સુધી બાળકોના વિભાગમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા બાદ રજા અપાઈ હતી. જયારે આજે સવારે બેભાન થઈ જતા મોત થયું હતું,

**હેરાન-પરેશાન.....**

હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે વધુ એકવાર આરટીઓ કચેરીમાં આવી જ પરિસ્થિતિ ઉદભવી છે. ગઈકાલે વરસેલા બે ઈંચ વરસાદમાં જ આરટીઓના ટેસ્ટ ટ્રેકમાં ખામી સર્જાઈ હતી અને સવારથી જ ટેસ્ટ ટ્રેક ઠપ્પ થઈ ગયો હતો.

ટેસ્ટ ટ્રેક બંધ થઈ જતાં ટ્રાય આપવા આવેલા અરજદારોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ટેસ્ટ ટ્રેક બંધ થઈ જતાં આરટીઓ ઈન્સ્પેક્ટર કે એમ ખપેડ સહિતના અધિકારીઓએ જાતે જ ટેસ્ટ ટ્રેક શરૂ કરાવવા જહેમત ઉઠાવી હતી પરંતુ આ લખાઈ રહ્યું છે ત્યાર સુધીમાં ટેસ્ટ ટ્રેક રીપેર થઈ શક્યો ન હતો. ઉલ્લેખનીય બાબત છે કે, રાજકોટ આરટીઓ કચેરી ખાતે દૈનિક ૩૫૦ થી ૫૦૦ જેટલાં અરજદારો ટેસ્ટ આપવા માટે આવતા હોય છે.

નોંધનીય બાબત છે કે, ગત તા. ૧૫ માર્ચથી ટેક્નિકલ કારણોસર ટેસ્ટ ટ્રેક બંધ થતાં રાજકોટના ૧૦ હજાર સહીત રાજ્યભરના લાખો અરજદારોએ હાલાકી ભોગવી હતી. ગત ૧૫મી માર્ચથી ટેસ્ટ ટ્રેક બંધ થતાં અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ફકત રાજકોટ જિલ્લાના ૧૦ હજાર અરજદારોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ૨૮ માર્ચ સુધી એટલે કે ૧૩ દિવસ સુધી પોર્ટલ બંધ રહેતા ડ્રાયવિંગ લાયસન્સ કામગીરી ઠપ્પ થઈ હતી.

**નેવિગેશન સિસ્ટમ....**

માટેના ઓછા જોખમો, સર્જરીનો ટૂંકો સમય, ઝડપી રિકવરી ટાઈમ અને ઈમ્પ્રુવ્ડ ઓવરઓલ સર્જિકલ આઉટકમ્સનો સમાવેશ થાય છે.

ડો.મનીષ અગ્રવાલ, સેન્ટર હેડ, વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટએ જણાવ્યું હતું કે, "હોસ્પિટલની ટીમ તરીકે, સૌરાષ્ટ્રમાં ન્યુરો નેવિગેશન સિસ્ટમનો પરિચય કરાવવામાં અમને ખૂબ જ ગર્વ છે. આ નવીનતા વિશ્વ-કક્ષાની ન્યુરોલોજીકલ કેર પહોંચાડવા માટેના અમારા સમર્પણની પુનઃપુષ્ટિ કરે છે અને વેસ્ટર્ન ઈન્ડિયામાં અદ્યતન તબીબી તકનીકો માટે અગ્રણી કેન્દ્ર તરીકેની અમારી ભૂમિકાને રેખાંકિત કરે છે."

૩ડી ઈમેજિંગ કેપેબીલીટીઝ, રિયલ- ટાઈમ ઈન્સ્ટ્રુમેન્ટ ટ્રેકિંગ, ઈન્ટિગ્રેટેડ સોફ્ટવેર ફોર ડેટા ફ્યુઝન, હાઈ એક્યુરસી ઈન સર્જીકલ ટાર્ગેટીંગ, યુઝર- ફ્રેન્ડલી ઈન્ટરફેઝ અને કોમ્પેટેબીલીટી વિથ મલ્ટીપલ ઈમેજિંગ મોડેલિટીઝ જેવી અદ્યતન સુવિધાઓ સાથે ન્યુરો નેવિગેશન સિસ્ટમ ન્યુરો સર્જિકલ ચોકસાઈ અને દર્દીની સલામતીમાં એક નવું સ્ટાન્ડર્ડ સેટ કરે છે. આ સિસ્ટમ ન્યુરો સર્જિકલ પ્રક્રિયાઓની સલામતી, સચોટતા અને અસરકારકતામાં વધારા ઉપરાંતએ સુનિશ્ચિત કરે છે કે દર્દીઓને ઉચ્ચતમ ધોરણની સંભાળ મળે.

રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલ્સમાં ન્યુરો નેવિગેશન સિસ્ટમની શરૂઆત, સૌરાષ્ટ્રમાં ન્યુરોલોજીકલ કેરની પ્રગતિમાં એક મુખ્ય ક્ષણને ચિહ્નિત કરે છે, જે સામાન્ય રીતે મેટ્રોપોલિટન હોસ્પિટલોમાં જોવા મળતી અત્યાધુનિક તબીબી તકનીકને સ્થાનિક સમુદાયમાં લાવે છે.

**ગ્રેફાઈટ...**

છે. આ ગેલેરી અંગે વધુ વિગત આપતા રવિભાઈ પટેલ અને વિરલભાઈ જણાવે છે કે અહીં ટાઈલ્સનું ઉત્પાદન કરતી પ્રક્રિયાનું વર્ણન કરતી પેનલ અને તેનું લેયર્સની સાથે અહીં ગેલેરીની વર્ચ્યુલ ટુરની સાથે પ્રોડક્ટની ૩૬૦ ડિગ્રીની સાથે પ્રોડક્ટ કન્સલ્ટન્ટની સેવાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. અહીં સૂર્યપ્રકાશમાં ક્લિક કરેલા પ્રત્યેક ટાઈલ્સ ડિઝાઈનના ફોટોગ્રાફ તેમજ ટાઈલ્સ બિછાવ્યાં બાદ કેવી લાગશે તેનો ચિતાર મેળવવા માટે પ્રિવ્યુ ઈમેજ સાથે તમે કરેલી કલ્પનાની પ્રત્યેક ડિઝાઈનનો ૩૬૦ ડિગ્રીનો વ્યુ ઉપલબ્ધ કરવામાં આવશે.

રવિભાઈ પટેલ વધુમાં જણાવે છે કે આવનારા દિવસોમાં રાજકોટ બાદ સુરત, અમદાવાદ, મુંબઈ, ગુડગાંવ અને હૈદરાબાદ ખાતે પણ આ પ્રકારની ગેલેરી શરૂ કરવા જઈ રહ્યા છે.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**૧.૨૫ ફુટ પાણીની આવક....**

ફુલઝર (કોબા)માં ૦.૨૩ ફુટ અને રૂપાવટીમાં ૦.૯૮ ફુટ પાણીની આવક થવા પામી છે. ફુલઝર ડેમમાં ૨ દરવાજા ૦.૩ મીટર ખુલ્લા છે.

ઉમીયા સાગર ડેમના બે દરવાજા ૦.૪ મીટર ખુલ્લા છે. જામનગર જીલ્લાના ૨૧ ડેમમાં ૨૨.૬૧ ટકા પાણી સંગ્રહિત છે. દેવભૂમિ દ્વારકા જીલ્લા ઘી ડેમમાં ૧.૬૪ ફુટ, વર્તુ-૧ ડેમમાં ૧.૩૧ ફુટ, શેઢા ભાડથરી ડેમમાં ૨.૧૩ ફુટ, વેરાડી-૧ માં ૩.૭૭ ફુટ, કાબરકામાં ૦.૪૯ ફુટ, વેરાડી-૨માં ૧.૩૧ ફુટ, અને મીણસાર (વાનવડ)માં ૨.૧૩ ફુટ પાણીની અવાક થવા પામી હતી. દ્વારકા જીલ્લામાં ૮.૬૯ ફુટ પાણી સંગ્રહિત છે.

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ભોગાવો-૧ (નાયકા) માં ૦.૧૦ ફુટ, વઢવાણ ભોગાવો-૨ (ધોળી ધજા)માં ૧.૭૭ ફુટ, મોરસલ ડેમમાં ૦.૮૨ ફુટ પાણીની આવક થવા પામી છે. જીલ્લાના ૧૧ ડેમમાં ૨૬.૮૨ ટકા પાણી સંગ્રહિત છે. એક સપ્તાહ સુધી વિરામ લીધા બાદ મેઘરાજાએ મહેર ઉતારતા જગતાતમાં ખુશાલી વ્યાપી જવા પામી છે.

**મુખ્યમંત્રી...**

આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અને લોકસભાના વિપક્ષી નેદતા રાહુલ ગાંધી અમદાવાદમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના પીડિતોને મળ્યા હતા આ ઘટના બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ અગ્નિકાંડના પીડિતોને મળવાનું નકકી કર્યું હોવાનું મનાય રહ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળવા ગયેલા પરિવારના પૈકી પાંચ પરિવારોના સભ્યોએ અલગ અલગ મુદ્દે સીએમ સમક્ષ રજૂઆત કરી હતી. જેમાં વિવિધ પરિવારોને ઝડપથી ન્યાય મળે તે માટે અગ્નિકાંડનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવા માટેની માંગણી કરાઈ હતી આ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ પી.પી.ની ફાળવણી કરવા અને તુષાર ગોકાણીના આગળથી એડીશનલ શબ્દ કાઢી નાખવા માટેની પણ રજૂઆત કરાઈ હતી. જે પરિવાર પોતાની સ્વજન ગુમાવ્યા છે તે ભવિષ્યમાં યોગ્ય અને સારી રીતે જીવન નિર્વાહ કરી શકે તે માટે સરકાર દ્વારા કરવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ તમામને એવી ખાતરી આપી હતી કે આ ઘટના ઘણી દુઃખદ છે અને તેમાંથી તમામ સરકારી વિભાગે શીખ લેવા જેવી છે અગ્નિકાંડમાં જવાબદાર એકપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં.

આકરી સજા થાય તેવા પ્રયાસો કરવામાં આવશે. પીડિતોને મળ્યા બાદ મુખ્યમંત્રી શહેર ભાજપના હોદ્દેદારો અને રાજકોટના ધારાસભ્યોને મળ્યા હતા જેમાં એવી રજૂઆત કરાઈ હતી કે પીડિતોના પરિવારજનોને શક્ય તેટલી વધુ આર્થિક સહાય મળે તેવા પ્રયાસો સરકારે કરવા જોઈએ જે કરવા માટે સરકારે તૈયારી દર્શાવી છે.

# દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

## જસદણમાં અબ્બાસભાઈ ધનકોટની વફાતઃ ગુરૂવારે સવારે જીયારત



**જસદણઃ** દાઉદી વ્હોરા અબ્બાસભાઈ તાહેરભાઈ ધનકોટ (ઉ.વ.૭૮) તે મુર્તુઝાભાઈ, મુસ્તનશીરભાઈ, અલીફીયાબેન યાકુબભાઈ મકાતી (જામનગર) ના પિતા મ. શીરીનબેન (વિસાવદર) મેફુઝાબેન (મુમ્બ્રા) ના ભાઈ મ.ફઝલેહુશેનભાઈ તૈયબઅલીભાઈ કાંચવાલા (ભાવનગર) ના જમાઈ તા.૯ જુલાઈ ૨૦૨૪ ને મંગળવારના રોજ જસદણ મુકામે અવસાન પામેલ છે મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૧૧ જુલાઈ ૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સાંકડી શેરી, અકબરી મહોલ્લા, બુરહાની મસ્જિદ જસદણ ખાતે રાખવામાં આવેલ છે.શોક સંદેશો વ્યકત કરવા મો.૯૮૨૪૫૬૮૬૫૨, ૯૦૩૩૨૯૩૦૫૨ સંપર્ક કરવો.

**રાજકોટ :** રાજકોટ ગુર્જર સુથાર મધુબેન જયંતીભાઈ અંબાસણા (ઉ.વ.૮૨) તે સ્વ.જયંતીભાઈ મોહનભાઈ અંબાસણાના પત્ની તેમજ ચંદ્રેશભાઈ અંબાસણા તથા બિપીનભાઈ અંબાસણાના માતુશ્રી તથા પીઠડીયાવાળા સ્વ.નાગજીભાઈ ગોરધનભાઈ વલસાડીયાના દિકરીનું તા.૦૮ના રોજ અવસાન થયેલ છે. જેમનું બેસણું તા.૧૧ને ગુરૂવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૦:૦૦ કલાકે તેમના નિવાસસ્થાને (ગોલ ટ્રાયો એ-૨૦૨, મવડી કણકોટ રોડ, રાજકોટ) રાખેલ છે. મો.નં.૯૮૯૮૮૫૪૫૯૬, ૯૯૭૪૬૨૮૯૨૨ છે.

**રાજકોટઃ** શંકરલાલ ગીરધરલાલ ભટ્ટના પત્ની સરસ્વતિબેન શંકરલાલ ભટ્ટ (ઉ.વ.૭૮) તે અનિલભાઈ, કમલેશભાઈ, સ્વ. નિલેશભાઈ, સુધાબેનના બેન, જયેશભાઈ, નિશાંતભાઈ, ભાવનાબેન, સ્વ. પ્રફુલાબેન, કિરણબેન, ધરણીબેનના માતાનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૧ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાને પ્રથમ ફલેટસ, શિવનગર, શેરી નં.૪ દોશી હોસ્પિટલ પાસે, ગોંડલ રોડ, રજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. ચંદ્રીકાબેન ચંદ્રકાંતભાઈ ચંદારાણા તે ચંદ્રકાંતભાઈ મોહનભાઈ ચંદારાણાના પત્ની, ચેતનાબેન મહેશભાઈ લાખાણઈ તથા અજય, ચંદ્રેશ, દિનેશ, હિતેષના માતા, સ્વ. હસમુખભાઈ, અરવિંદભાઈ, સુભાષભાઈના ભાભીનું તા. ૯ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૧ ને ગુરુવાર સાંજે ૪ થી ૬ સહકારેશ્વર મહાદેવ મંદિર, સહકાર સોસાયટી શેરી નં.૭, સહકાર સોસાયટી મેઈન રોડ રાજકોટ ખાતે પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# હરણીકાંડમાં બે મ્યુ.કમિશનર વિરૂદ્ધ શિક્ષાત્મક પગલાંના આદેશ : ગેમઝોનની દુર્ઘટનામાં ક્યારે?

## મેસર્સ કોટિયા પ્રોજેક્ટ પાસે જરૂરી ક્વોલિફિકેશન નહીં હોવા છતાં તત્કાલિન મ્યુ. કમિશનરે જાતે જ પ્રોજેક્ટને મંજૂરી આપ્યાનો ખુલાસો

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં થોડા મહિનાઓ પહેલા બનેલી હરણી તળાવ દુર્ઘટનામાં કેટલાય બાળકોના અકાળે મોત થયા હતા. તેને લઈને ગુજરાત હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો. ત્યારે વડોદરા હરણી લેક બોટ દુર્ઘટના કાંડ મુદ્દે ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્વનો હુકમ કરવામાં આવ્યો છે. વિગતે વાત કરવામાં આવે તો, તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર એચએસ પટેલ અને વિનોદ રાવ સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે હાઈકોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. જયારે હરણીકાંડ દુર્ઘટનામાં બે મ્યુનિસિપલ કમિશ્નર વિરુદ્ધ પગલાં લેવા આદેશ કરવામાં આવ્યો છે ત્યારે રાજકોટની ટીઆરપી ગેમઝોનની ગોઝારી દુર્ઘટનામાં ૨૭ લોકો જીવતા ભડથું થયાં હતા ત્યારે આ દુર્ઘટનામાં મોટા અધિકારીઓ પર પગલાં ક્યારે લેવાશે તેવો સવાલ દરેક રાજકોટવાસીઓના મનમાં ઉદભવ્યો છે.

નોંધનીય છે કે, આમાંથી એક અધિકારી નિવૃત્ત થઈ ગયા છે, જ્યારે બીજા અધિકારી શિક્ષણ સચિવ તરીકે ફરજ બજાવે છે. ઉલ્લેખનીય છે કે, ઘટના માટે જવાબદાર કોઈને પણ છોડવામાં નહીં આવે તેવી સરકારે કટિબદ્ધતા બતાવી હતી. જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા રાજ્ય સરકાર કટિબધ હોવાનું એડવોકેટ જનરલે નિવેદન આપ્યું હતું. નોંધનીય છે કે, ગુજરાત હાઈકોર્ટ દ્વારા વખાણવા લાયક હુકમ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, મેસર્સ કોટિયા પ્રોજેક્ટ પાસે જરૂરી ક્વોલિફિકેશન નહીં હોવા છતાં તે સમયના મ્યુનિસિપલ કમિશનરે જાતે જ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી પહેલા મળી નહોતી તેમ છતાંય કમિશનરે મંજૂરી આપી હોવાનું કોર્ટનું અવલોકન સામે આવ્યું છે.

આ બંને અધિકારીઓએ કાયદાથી વિપરીત નિર્ણયો લીધા હોવાનું પણ કોર્ટનું અવલોકન છે. આ બંને અધિકારીઓ સામે જીએડી વિભાગ કાર્યવાહી કરશે તેવું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, કાર્યવાહી અંગેનો રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરવાનો રહેશે તેવો પણ કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. આ સાથે વધારે વિગતે વાત કરવામાં આવે તો, ૧૨ જુલાઈએ આ કેસની વધુ સુનાવણી થશે. ઉલ્લેખનીય છે કે, કેટલાય સમયથી ગુજરાત હાઈકોર્ટમાં આ કેસ ચાલી રહ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા ગુજરાત હાઈકોર્ટમાં વડોદરાના હરણી લેક બોટ દુર્ઘટના કેસ પીટીશન અંગે ચાલી રહેલી સુનાવણી દરમિયાન રાજય સરકારના શહેરી વિકાસ વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરીનો રિપોર્ટ રજૂ કર્યો હતો. જોકે એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ હાઈકોર્ટમાં રિપોર્ટ અંગે સ્વીકાર કર્યો હતો કે, વડોદરા મહાનગરપાલિકાના કમિશનરની જવાબદારી બને છે અને રાજ્ય સરકાર જવાબદાર તમામ અધિકારીઓ સામે ખાતાકીય તપાસ કરવા પણ તૈયાર છે. જેના પર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કડક ટિપ્પણી કરાઈ હતી કે, આ રજૂ થયેલો રિપોર્ટ સંતોષકારક નથી. કમિટી દ્વારા રજૂ કરાયેલો રિપોર્ટ શબ્દોની માયાજાળમાં સત્યને છુપાવવા માગતો હોવાનું અવલોકન કર્યું હતું. આ સાથે જ કોર્ટે એ પણ ટકોર કરી હતી કે, જવાબદાર પદ પર બેઠેલા લોકો પોતાનું કામ યોગ્ય રીતે કરે નહીં એ ચલાવી શકાય નહીં. સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલે કોર્ટની માફી માંગી અને આશ્વાસન આપ્યું હતું કે આ પ્રકારની દુર્ઘટનામાં સરકાર કોઈને છોડવા માંગતી નથી.

નોંધાનીય બાબત છે કે, વડોદરાના હરણી તળાવમાં બોટ પલટી જતાં ૧૮ જાન્યુઆરીએ મોટી કરુણાંતિકા સર્જાઈ હતી. હરણી તળાવમાં બોટ પલટી જતાં ૧૪ ના મોત થયા હતા. જેમાં ૧૨ માસુમ બાળકો અને ૨ શિક્ષકોનો સમાવેશ થાય છે. ન્યુ સનરાઈઝ સ્કુલના વિદ્યાર્થીઓ પીકનીક માટે હરણી તળાવમાં આવ્યા હતા. જ્યાં બોટિંગ દરમિયાન ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડાતાં બોટનું બેલેન્સ બગડ્યું હતું. જેના પગલે બોટ પલટી જતાં બાળકો તળાવમાં ડૂબ્યા હતા. સેફ્ટીની ઐસીતૈસી કરીને બોટમાં ઠાંસી ઠાંસીને લોકોને ભરી સેફ્ટી વિના બોટરાઈડ કરાવાતી હોવાનો ખુલાસો થયો હતો.જે મામલે સમગ્ર ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. તેમજ બીજી તરફ વડોદરા મહાનગરપાલિકા દ્વારા બોટ દુર્ઘટનામાં જવાબદાર અધિકારીઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

હવે જ્યારે હરણી બોટ દુર્ઘટના કે જેમાં ૧૨ માસુમ બાળકો સહીત ૧૪ નિર્દોષ લોકોના મોત મામલે બે મ્યુનિસિપલ કમિશ્નરની જવાબદારી ફિક્સ કરીને તેમના વિરુદ્ધ પગલાં લેવાની શરૂઆત કરવામાં આવી છે તો રાજકોટમાં ટીઆરપી ગેમઝોનની ગોઝારી ઘટના કે જેમાં ૨૭ લોકો જીવતા ભડથું થયાં હતા. અનેક બાળકો સહીત મૃતકોની મરણચિસોથી આખેઆખુ રાજકોટ હિબકે ચડ્યું હતું. ત્યારે આ કરુણ ઘટનામાં જવાબદાર મોટા અધિકારીઓ વિરુદ્ધ હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. તપાસને સસ્પેન્ડેડ ટીપીઓ સાગઠીયાને કેન્દ્ર બિંદુમાં રાખી સંકેલી લેવામાં આવી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે ત્યારે દરેક રાજકોટવાસીઓ સવાલ પૂછી રહ્યા છે કે, જે ગેમઝોનના લીધે ૨૭ નિર્દોષ લોકોના જીવ ગયાં તેમાં બેદરકારી દાખવનાર વિરુદ્ધ પગલાં ક્યારે લેવાશે?

# "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ



**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે "એક પેડ માં કે નામ" અભિયાન શરૂ કરાવેલ છે. તેમજ ભારત તથા વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજિલ રૂપે એક વૃક્ષ વાવવાનું આહવાન કર્યું છે. જે અંતર્ગત રાજકોટ વિધાનસભા - ૬૯નાં ધારાસભ્ય દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ ધારાસભ્ય દ્વારા "એક વૃક્ષ માં કે નામ" "એક વૃક્ષ ભારત માતા કે નામ" "એક વૃક્ષ સરસ્વતી માતા કે નામ", "એક વૃક્ષ સાસુમાં કે નામ", "એક વૃક્ષ ગૌમાતા કે નામ" સાથે વૃક્ષારોપણ કરેલ તથા શહેરીજનોને પણ વધુને વધુ વૃક્ષારોપણ કરી આ અભિયાનમાં જોડાવવા અપીલ કરેલ છે.

# રઘુવંશી અગ્રણી સમીરભાઇ રાજાણીનું નિધન થતા આગેવાનોએ આપ્યા શ્રધ્ધાસુમન

**અબતક, રાજકોટ**

સામાજીક આગેવાન અને જલારામ સેવા મંડળ સાથે સંકળાયેલા સમીરભાઈ જયસુખભાઈ રાજાણી તા.૨૨/૬ના રોજ અવસાન થતા ઘેરો શોક છવાયો હતો. સ્વર્ગસ્થ અંજલિ આપવા જલારામ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા શ્રધ્ધાજંલિ કાર્યક્રમમાં સામાજીક, રાજકીય, આગેવાનોએ સમીરભાઈને અંજલિ આપી હતી. લીના સમીરભાઈ રાજાણી અને સલોની સમીરભાઈ રાજાણીએ તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો.

# ગુજરાત પ્રજાપતિ સમાજના શતાબ્દિ વર્ષની ઉજવણીમાં રવિવારે યોજાશે મહિલા જાગૃતિ સંમેલન

## કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના મુખ્ય મહેમાન પદે યોજાયેલ સંમેલનમાં વિશાળ સંખયામાં બહેનો હાજરી આપશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં વસતાં નામે પ્રજાપતિના સર્વાંગી વિકાસ માટે ૧૦૦ વર્ષ પહેલા અમદાવાદના થલતેજ વિસ્તારમાં સ્થપાયેલ ગુજરાત પ્રજાપિ સમાજની શતાબ્દિ ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાય રહ્યા છે. સમાજના સર્વાંગી વિકાસ અને શિક્ષણનો વ્યાય વધે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન થઇ રહ્યું છે.

આગામી તા. ૧૪ જુલાઇ રવિવારે સવારે સંસ્થાની શતાબ્દિ ઉજવણીના ભાગરુપે અમદાવાદમાં થલતેજ વિસ્તારમાં પ્રજાપતિ સમાજ પટેલ છાત્રાલય, ડ્રાઈવ-ઈન સીનેમા રોડ, ટી.વી ટાવર સામે સવારે ૯ કલાકે મહિલા પ્રતિભા સન્માન અને જાગૃતિ સંમેલન યોજવામાં આવ્યું છે. જેમાં વિવિધ ક્ષેત્રે આગાવી પ્રતિભા ધરાવતી અનેક પ્રજાપતિ મહિલાઓનું સન્માન કરવામાં આવશે આ સંમેલનના અદયક્ષ સ્થાને પ્રજાપતિ સમાજના વરિષ્ઠ મહિલા સમાજ સેવક સવિતાબેન કેશુભાઇ પ્રજાપતિ અને મુખ્ય મહેમાનપદે ગુજરાત સહકાર મહિલા અને બાલકલ્યાણ વિભાગના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા હાજરી આપશે. આ મહાસંમેલનની આયોજન સંસ્થા અને તેમના દ્વારા યોજાયેલ કાર્યક્રમોની વિશેષ વિગતો આપતાં અખિલ ગુજરાત પ્રજાપતિ સમાજના ટ્રસ્ટી અને સેવાભાવી પ્રજાપતિ આગેવાન વસંતભાઇ ચૌહાણ જણાવે છે કે ગુજરાતી પ્રજાપતિ સમાજ ગુજરાતની ૧૦૦ વર્ષ જુની સંસ્થા છે.

સંસ્થાના વર્તમાન પ્રમુખ કેશુભાઇ પ્રજાપતિ, મહામંત્રી ભીખુભાઇ પ્રજાપતિ, મહિલા કન્વીનર રંજનબેન પ્રજાપતિ, અગ્રણી મહીલા કાર્યકર વર્ષાબેન હારેજાની ગુજરાતની પ્રજાપતિ મહિલાઓને સંમેલનમાં હાજરી આપવા જાહેર આમંત્રણ અપાયું છે. આ મહાસંમેલનની વિશેષ વિગતો માટે રાજકોટના વસંતભાઇ ચૌહાણ મો. નં. ૮૮૪૯૩ ૧૪૬૯૪ નો સંપર્ક કરવા જણાવયું છે.

# સેલવાસઃ ભાજપની કાર્ય સમિતિની બેઠકમાં કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે કાર્યકરોને આપ્યું માર્ગદર્શન

**અબતક શિવભાણ સિંહ**
**સેલવાસ**

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ ભાજપ પ્રદેશ કારોબારી સમિતિની બેઠક ગમન જિલ્લા ના કડિયા મંડેલમાં યોજાય હતી બાહ્ય વંશી સમાજ હોલમાં આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી નિત્યાનંદ રાય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત રાજ્યના પ્રભારી દુષ્યંત પટેલ પ્રદેશ પ્રમુખ દિપેશ ટંડેલ દાદરા કલાબેન ઢેલકર રાજ્યના પૂર્વ સાંસદ લાલુભાઈ પટેલ નટુભાઈ પટેલ સહિતના મહાનુભાવો નો સમાવેશ થાય છે કાર્યકારી સમિતિની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવતો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો પ્રદેશ ઉપાધ્યક્ષ નવીનભાઈ રમણભાઈ પટેલ દ્વારા રાજહરી દરખાસ્ત અને આભાર દર્શન રજૂ કરવામાં આવ્યું હતું અને તેના પ્રદેશ ઉપાધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ ચૌહાણ મંજુર કર્યું હતું બેઠકમાં પ્રદેશ મહામંત્રી જીતુભાઈ મેડા દ્વારા સ્થાનિક વિકાસની રજૂઆત અને દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી તેને મસ્જિદ લાધાણી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.કાર્ય સમિતિની બેઠકમાં જમ્મુના કઠવા માં આંતકવાદી હુમલામાં શહીદ થયેલા ભારતીય સેનાના પાંચ બહાદુર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી તથા બે મિનિટનું મૌન પાડી દીવો પ્રગટાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ દિપેશ ટંડેલ નટુભાઈ પટેલ સાંસદ કલાબેન પ્રદેશ પ્રભારી દુષ્યંત પટેલે ઉદબોધન કર્યું હતું બેઠકના અંતે નિત્યાનંદ રાયજીએ સંગઠનાત્મક સેમિનાર યોજથી વખતે કાર્યકરો સાથે વાતચીત કરી હતી.

# વ્યાજખોરો પર તૂટી પડતી રાજકોટ શહેર પોલીસ : ૨૪ કલાકમાં ત્રણ ગુના દાખલ

## મોટા બહેનની સારવાર માટે આપેલા રૂ. ૪૦ હજારને બદલે રામ રજપૂતે ઓટો લખાવી લીધી : દરરોજ રીક્ષા ચલાવવા પેટે રૂ. ૩૦૦ તેમજ ૧૫% લેખે વ્યાજ વસુલ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસે વ્યાજખોરો વિરુદ્ધ પગલાંરૂપી ધોકો ઉગામ્યો છે. શહેર પોલીસે ફક્ત ૨૪ કલાકમાં ત્રણ વ્યાજખોરીની ફરિયાદ દાખલ કરી ૬ જેટલાં વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે. વ્યાજખોરો કમ્મરતોડ વ્યાજ વસુલીને પણ ભોગ બનનારને બખ્સતા ન હોય તેવા ચાર જેવા બનાવ સામે આવ્યા છે. બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલી એક ફરિયાદમાં વ્યાજખોરે ૪૦ હજાર રૂપિયાના બદલે રીક્ષા પડાવી લઈ તે જ રીક્ષા ચલાવવા દરરોજ ૩૦૦ રૂપિયા આપવા પડશે તેમજ માસિક ૧૫% વ્યાજ પણ ચૂકવવું પડશે તેવું દબાણ કરી ત્રાસ આપ્યાની રાવ ઉઠવા પામી છે. ઉલ્લેખનીય બાબત છે કે, થોડા સમય પૂર્વે જ વ્યાજંકવાદ વિરુદ્ધ શહેર પોલીસ દ્વારા લોક દરબાર યોજવામાં આવ્યો હતો.

બી ડિવિઝન પોલીસ મથકમાં રીક્ષા ડ્રાયવર ગોપાલ હિંમતભાઈ વાઘવા નામના ૩૧ વર્ષીય યુવાને નોંધાવેલી ફરિયાદ અનુસાર પોતે ભગવતીપરા સ્થિત નવીન ટાવરમાં રહે છે. તેમના મોટા બહેનને લોહી ઉડી જવાની બીમારી હોય તેના માટે ગ્રીનલેન્ડ ચોકડી પાસે શિવનગર સોસાયટીમાં રહેતા રામભાઈ રજપૂત નામના વ્યાજખોર પાસે સારવાર માટે ૨૫ હજાર લીધા હતા. જે પેટે પોતાની માલિકીનું ટુ વ્હીલર ગીરવે મૂક્યું હતું. જે રૂપિયા ૧૫ દિવસમાં વ્યાજ સાથે ૨૮૫૦૦ ચૂકવી દઈ ટુ વ્હીલર છોડાવી લીધું હતું. જે બાદ ફરીવાર બહેનની સારવાર માટે વ્યાજખોર પાસેથી રૂ. ૪૦ હજાર લીધા હતા. જેનું ૮૨ મહિને ૬૦૦૦ એટલે કે ૧૫% વ્યાજ નક્કી કર્યું હતું. તેમજ પોતાની માલિકીની ઓટો રીક્ષા તેમજ આરસી બુક ગીરવે મૂકી હતી. વ્યાજખોરે ઓટો રીક્ષાના કાગળો મેળવી વેચાણ કરાર પણ કરાવી લીધો હતો અને તે જ રીક્ષા ફરિયાદીને ભાડેથી ચલાવવા આપી હતી અને દરરોજ ૩૦૦ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. પ્રથમ વ્યાજ કાપીને વ્યાજખોરે ૩૪ હજાર જ હાથમા આપ્યા હતા. ભોગ બનનારે માસિક વ્યાજ પેટે ૬ હજાર અને દરરોજનું રીક્ષાનું ભાડુ ચૂકવી દેતા હોય તેમ છતાં વધુ પૈસાની માંગણી સાથે વ્યાજખોર ફરિયાદીના ઘરે ધસી જઈ શાંતિથી જીવવા નહિ દઉં તેવી ગર્ભિત ધમકી ઉચ્ચારી હતી. મામલામાં બી ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતા તેમજ મની લેન્ડર્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વ્યાજખોરની શોધખોળ હાથ ધરી છે. અન્ય બનાવમાં ભક્તિનગર પોલીસ મથકમાં ૩૬ વર્ષીય યુવાન દીપેશ જગદીશભાઈ બારભાયાએ નોંધાવેલી ફરિયાદના વ્યાજખોર તરીકે આહીર ચોકના જતીન મેઘાણી અને તેના મિત્રનું નામ આપ્યું હતું. ફરિયાદીએ જણાવ્યું છે કે, લોકડાઉનના સમયગાળામાં નોકરી ધંધા બંધ હોવાથી ખરખર્ચ અને દીકરાની સ્કૂલ ફી ભરવાડ માટે વ્યાજખોરો પાસેથી પોતાની માતાના રૂ. ૧.૫૫ લાખના સોનાના દાગીના ગીરવે મૂકી ૭% વ્યાજે ૯૦ હજાર રૂપિયા લીધા હતા. જેની સામે ભોગ બનનારે વ્યાજ સહીત રૂમ ૨,૨૬,૮૦૦ ચૂકવી દીધા છતાં વ્યાજના રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી માર માર્યાની ફરિયાદ યુવાને નોંધાવી છે.

### મેટોડાના યુવાનને રૂ. ૫ લાખ રૂપિયા કમ્મરતોડ ૧૦% વ્યાજે આપી વ્યાજની પઠાણી ઉઘરાણી કરાતા આપઘાતનો પ્રયાસ

મેટોડામાં રહેતા અજયદેવજીભાઈ ચાવડા નામના ૨૫ વર્ષીય યુવાને મેટોડા જીઆઈડીસીના ગેટ નંબર બે પાસે ઉંદર મારવાની દવા ખાઈ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. યુવાને હોસ્પિટલના બિછાનેથી આપેલી વિગત અનુસાર પોતે ધારીનો વતની હોય અને લગ્ન સમયે અલગ અલગ ત્રણ શખ્સો પાસેથી અંદાજિત રૂપિયા ૫ લાખ ૧૦% વ્યાજે લીધા હતા. થોડો સમય સુધી વ્યાજ ચૂકવ્યા બાદ પોતે વ્યાજ ચૂકવવા સક્ષમ ન હોય પોતે ધારીથી મેટોડા રહેવા આવી ગયો હતો. તેમ છતાં વ્યાજખોરો સતત ફોન કરીને વ્યાજની ઉઘરાણી કરી ધમકી આપતાં હોય તેણે અંતે કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

### અલ્પેશ દોંગાએ ૧૦ના ૨૦ લાખ, ધમભા ગોહિલે ૨૮ના ૩૫ લાખ અને ગંભીરસિંહ રેવરે ૧૩ના ૧૫ લાખની માંગણી કરી બે એકર જમીન પડાવી લીધી

શહેરના આજીડેમ પોલીસ મથકમાં દર્પણ હંસરાજભાઈ પાનસુરીયાએ નોંધાવેલી ફરિયાદમાં અલ્પેશ દોંગા, ધમભા ગોહિલ અને ગંભીસિંહ રેવર નામના ત્રણ વ્યાજ ખોરના નામ આપ્યા છે. ફરિયાદીએ જણાવ્યું છે કે, અલ્પેશ દોંગાએ ૧૦ લાખ રૂપિયા ત્રણ ટકા વ્યાજે આપી રૂ. ૨૦ લાખની માંગણી કરી હતી. જયારે ધમભા ગોહિલ ૨૮ લાખના ત્રણ ટકાના વ્યાજે આપી ૩૫ લાખ અને ગંભીરસિંહ રેવરે ૧૩ લાખ રૂપિયાના ૧૫ લાખની માંગણી શરૂ કરી હતી. ફરિયાદી વ્યાજ ચૂકવતા હોય તેમ છતાં સતત પૈસાની ઉઘરાણી કરીને ફરિયાદીના પિતાના નામની બે એકર જમીન વ્યાજખોરોએ પડાવી લીધી હતી.


# ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થી સહિત ૨૫૪૭૮ વ્યક્તિઓના આપઘાત

## ૨૦૨૧માં ૮૩૦૭ લોકોએ, ૨૦૨૨માં ૮૬૧૩ લોકોએ અને ૨૦૨૩માં ૮૫૩૮ લોકોએ અકળ કારણોસર જીવન ટૂંકાવ્યુંઃ વિદ્યાર્થીઓના આપઘાતના કેસમાં ૨૧ ટકાનો વધારો

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓ સહિત ૨૫૪૭૮ વ્યક્તિઓએ અકળ કારણોસર આપઘાત કરી લીધો છે. ભારતમાં આત્મહત્યા કરનાર દર ચોથી વ્યક્તિ રોજમદાર છે. દર બે કલાકે ત્રણ બેરોજગાર અને દર ૨૫ મીનીટે એક ગૃહિણીઓ આપઘાત કરી લ્યે છે.


દેશમાં અને ગુજરાતમાં સતત વધતા યુવાનો, ખેડૂતો, મહિલાઓ, નાના વેપારીઓની આત્મહત્યાની ઘટનાઓ શું આ 'અમૃતકાળ' છે? તેવો વેધક પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પાછળના ત્રણ વર્ષમાં ૪૯૫ વિદ્યાર્થીઓ સહીત ૨૫,૪૭૮ વ્યકિતઓએ આત્મહત્યા કરી. ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૬૮૭૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. રાજ્યમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાની ઘટનાઓમાં ૨૧ ટકાનો વધારો થયો છે. ગુજરાતના મુખ્ય શહેરો જેવા કે અમદાવાદમાં ૩૨૮૦, સુરતમાં ૨૮૬૨, રાજકોટમાં ૧૨૮૭ આત્મહત્યાઓ ચિંતાજનક છે. ભાજપ સરકાર જરૂરિયાતમંદ લોકોને રોજગાર, આર્થિક સહાયતા, માનસિક સ્વાસ્થ્યતા આપવામાં નિષ્ફળ નીવડી છે. વર્ષમાં ૨૦૨૨માં ૧,૬૪ ૦૩૩ લોકોએ આત્મહત્યા કરી હતી. જેમાં ૧૨,૦૫૫ વેપારીઓ,



૮૧૭૬ સ્વરોજગાર કરનાર એમ કુલ ૨૦,૨૩૧ લોકોએ આત્મહત્યા કરી. વર્ષ ૨૦૨૨માં ૧,૬૪ ૦૩૩ લોકોએ આત્મહત્યા કરી જેમાં ૧૨,૦૫૫ વેપારીઓ, ૮૧૭૬ સ્વરોજગાર કરનાર એમ કુલ ૨૦,૨૩૧ લોકોએ આત્મહત્યા કરી. દેશમાં છેલ્લા છ વર્ષ અનુસાર ૨૦૧૭માં ૧,૨૯,૮૮૭, વર્ષ ૨૦૧૮માં ૧,૩૪,૫૧૬, વર્ષ ૨૦૧૯માં ૧,૩૯, ૧૨૩, વર્ષ ૨૦૨૦માં ૧,૫૩,૦૫૨, વર્ષ ૨૦૨૧માં ૧,૬૪,૦૩૩, વર્ષ ૨૦૨૨માં ૧,૭૧,૯૨૪ લોકોએ એમ કુલ ૯,૯૨,૫૩૫ લોકોએ દેશમાં આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું હતું જે દેશ માટે અતિગંભીર બાબત છે. ત્યારે અહંકારી ભાજપા શાસકો જનતા માટે ક્યારે વિચારશે?

'અચ્છે દિન', 'ખેડૂતોની આવક બમણી', 'દર વર્ષે બે કરોડ રોજગાર', 'મોંઘવારીના મારથી મુક્તિ મળશે', સહિતના વાયદાથી તદ્દન વિપરીત ભાજપની નીતિનો ભોગ દેશના પરિવારો બની રહ્યા છે. દેશમાં રોજમદાર, શ્રમિકો, મહિલાઓ, ખેડૂતો, ખેતમજદૂરો વિદ્યાર્થીઓ, વેપારીઓ સેવા નિવૃત લોકો, સહીત સહપરિવાર આત્મહત્યા થઈ રહી છે તે ચિંતાજનક છે. વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી સતત છ વર્ષથી આત્મહત્યાનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા ૬ વર્ષમાં ૯,૯૨,૫૩૫ લોકોએ આત્મહત્યા કરી હતી. દેશમાં સરેરાશ દરરોજ ૪૦૭થી વધુ લોકો દેશમાં આત્મહત્યા કરી રહ્યા છે તેમજ ભારતમાં આત્મહત્યા કરનાર દર ચોથી વ્યક્તિ રોજમદાર છે. દર બે કલાકે ત્રણ બેરોજગાર અને દર પચ્ચીસ મીનીટે એક ગૃહિણી આત્મહત્યા કરી રહી છે. આર્થિક સંકટ, બેરોજગારી, ગંભીર શારીરિક સમસ્યાઓ, પારીવારીક મુશ્કેલીઓ સહીતના કારણોસર આત્મહત્યાઓ સતત વધી રહી છે.

| શહેર-જીલ્લાનું નામ | ૨૦૨૧ (આત્મહત્યા) | ૨૦૨૨ (આત્મહત્યા) | ૨૦૨૩ (આત્મહત્યા) |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૧૦૫૩ | ૧૧૦૮ | ૧૧૧૯ |
| સુરત શહેર | ૯૧૫ | ૯૯૭ | ૯૫૦ |
| રાજકોટ શહેર | ૪૩૪ | ૪૧૦ | ૪૪૩ |
| રાજકોટ જીલ્લો | ૪૭૩ | ૫૦૯ | ૪૪૧ |
| જુનાગઢ જીલ્લો | ૩૩૦ | ૩૭૪ | ૩૬૩ |
| વલસાડ | ૩૩૩ | ૨૬૧ | ૨૯૮ |
| જામનગર જીલ્લો | ૨૭૪ | ૨૯૨ | ૨૮૦ |
| ભાવનગર જીલ્લો | ૩૩૪ | ૩૦૯ | ૨૭૧ |
| મહેસાણા | ૧૬૭ | ૨૦૬ | ૨૭૦ |
| સુરત જીલ્લો | ૨૭૦ | ૩૧૫ | ૨૬૯ |
| વડોદરા શહેર | ૩૦૦ | ૨૯૨ | ૨૪૪ |
| અન્ય | ૩૨૪૨ | ૩૫૪૦ | ૩૫૯૦ |
| કુલ | ૮,૩૦૭ | ૮,૬૧૩ | ૮,૫૩૮ |



# ભારત-રશિયા વચ્ચેનો વેપાર ૬ વર્ષમાં ૧૦૦ બિલિયન ડોલરે પહોંચાડવાનો લક્ષ્યાંક

## વેપાર, રાષ્ટ્રીય ચલણનો ઉપયોગ, ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર, કૃષિ ઉત્પાદનો, પરમાણુ ઉર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, ડિજિટલ અર્થતંત્ર, દવાઓના પુરવઠા સહિતના ક્ષેત્રોમાં સહકાર આપવાનો બન્ને દેશોનો નિર્ધાર

**અબતક, નવી દિલ્હી**

ભારત અને રશિયા બુધવારે દ્વિપક્ષીય વેપારને ૨૦૩૦ સુધીમાં ૧૦૦ બિલિયન ડોલર સુધી વધારવા માટે સંમત થયા છે, જેમાં રોકાણ વધારવા, વેપાર માટે રાષ્ટ્રીય ચલણનો ઉપયોગ કરવા અને ઉર્જાથી લઈને કૃષિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધીના ક્ષેત્રોમાં સહકાર વધારવાનું નક્કી કરવામાં આવ્યું છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મોસ્કોમાં ૨૨મી વાર્ષિક દ્વિપક્ષીય સમિટ પછી જારી કરાયેલ સંયુક્ત નિવેદનમાં, બંને પક્ષોએ વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીના વિકાસ અને રશિયા-ભારત વેપાર અને આર્થિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. દ્વિપક્ષીય સંવાદને વધુ ગાઢ બનાવવા માટે વધારાના પ્રોત્સાહનો પૂરા પાડવાનો ઠરાવ કર્યો હતો.

બંને પક્ષો સહકાર માટે નવ મુખ્ય ક્ષેત્રો પર સંમત થયા હતા, જેમાં વેપાર, રાષ્ટ્રીય ચલણનો ઉપયોગ કરીને વેપાર સમાધાન, ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર જેવા નવા માર્ગો દ્વારા કાર્ગો ટર્નઓવર વધારવો, કૃષિ ઉત્પાદનોમાં વેપારમાં વધારો, ખાદ્ય અને ખાતરનો સમાવેશ થાય છે. પરમાણુ ઉર્જા સહિત ઉર્જા ક્ષેત્રમાં સહયોગને વધુ ગાઢ બનાવવો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર સંવાદને મજબૂત બનાવવો, ડિજિટલ અર્થતંત્રમાં રોકાણ અને સંયુક્ત પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવું, દવાઓના પુરવઠામાં સહકાર અને માનવતાવાદી સહકાર વિકસાવવો સહિતના વિષયો ઉપર સહમતી બનાવાય હતી.

બંને દેશોના વડાઓ દ્વિપક્ષીય વેપાર ઉદારીકરણના ક્ષેત્રમાં સંવાદ ચાલુ રાખવા સંમત થયા હતા, જેમાં ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષીય વેપાર સંબંધિત બિન-ટેરિફ વેપાર અવરોધોને દૂર કરવા અને ઈએઈયુ -ભારત મુક્ત વેપાર ક્ષેત્રની સ્થાપનાની સંભાવનાનો સમાવેશ થાય છે. વધુમાં, ખાસ રોકાણ પ્રણાલીઓના માળખામાં રોકાણ પ્રવૃત્તિઓને ફરીથી સક્રિય કરવા માટે સંમત થયા હતા.

### પરમાણુ ઉર્જા, કૃષિ, પશુ ચિકિત્સાનો કરારમાં સમાવેશ

બંને નેતાઓએ જણાવ્યું હતું કે તેઓ કૃષિ ઉત્પાદનો, ખાદ્ય અને ખાતરોમાં દ્વિપક્ષીય વેપારના જથ્થાને વધારવા તેમજ વેટરનરી, સેનિટરી અને ફાયટોસેનિટરી પ્રતિબંધો અને પ્રતિબંધોને દૂર કરવાના હેતુથી સઘન સંવાદ જાળવવાના પક્ષમાં છે. જ્યારે પરમાણુ ઉર્જા, તેલ શુદ્ધિકરણ અને પેટ્રોકેમિકલ્સ સહિતના મુખ્ય ઉર્જા ક્ષેત્રોમાં સહકારનો વિકાસ અને ઉર્જા માળખાકીય સુવિધાઓ, ટેક્નોલોજી અને સાધનોના ક્ષેત્રમાં સહયોગ અને ભાગીદારીના વિસ્તૃત સ્વરૂપો પણ કરારનો એક ભાગ હતા.

### અનેક ક્ષેત્રોમાં સંયુક્ત કંપનીઓ ઉભી કરવાનો લક્ષ્યાંક

સંયુક્ત નિવેદનમાં ડિજિટલ અર્થતંત્ર, વિજ્ઞાન અને સંશોધન, શૈક્ષણિક વિનિમય અને ઉચ્ચ તકનીકી કંપનીઓના કર્મચારીઓ માટે ઈન્ટર્નશીપના વિવિધ ક્ષેત્રોમાં રોકાણ અને સંયુક્ત પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેઓ સાનુકૂળ રાજકોષીય વ્યવસ્થા પૂરી પાડીને નવી સંયુક્ત કંપનીઓની રચનાની સુવિધા આપવા માટે પણ સંમત થયા હતા. બંને પક્ષો માનવતાવાદી સહકાર વિકસાવવા અને શિક્ષણ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, સંસ્કૃતિ, પર્યટન, રમતગમત, આરોગ્યસંભાળ અને અન્ય ક્ષેત્રોમાં સતત ક્રિયાપ્રતિક્રિયા વધારવાના પક્ષમાં હતા.

### રશિયા ભારતમાં લશ્કરી સાધનો બનાવવા સંયુક્ત સાહસ સ્થાપશે

સમિટ દરમિયાન, રશિયા ભારતમાં સંયુક્ત ઉત્પાદન સુવિધાઓ સ્થાપિત કરીને રશિયન મૂળના લશ્કરી પ્લેટફોર્મ માટે સ્પેરપાર્ટસના પુરવઠામાં વિલંબ અંગે ભારતની ચિંતાઓને દૂર કરવા સંમત થયું હતું. વિદેશ સચિવે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શિખર મંત્રણામાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે સપ્લાયમાં વિલંબનો મુદ્દો ઉઠાવ્યો હતો.

### ભારત ક્રૂડ અને ખાતરની આયાત ચાલુ જ રાખશે

ભારત દ્વારા રશિયામાંથી ખાતર અને ક્રૂડ ઓઈલની સતત આયાતનો સ્પષ્ટ સંકેત આપતાં વડાપ્રધાન મોદીએ મંગળવારે કહ્યું હતું કે ભારત-રશિયાની મિત્રતાએ સુનિશ્ચિત કર્યું છે કે ખેડૂતોને જમીનમાં પોષક તત્વોની અછત ન આવે અને સામાન્ય માણસને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે દ્વિપક્ષીય સહકારે ખાતરની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં મોટી ભૂમિકા ભજવી છે અને ‘‘અમે ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છીએ‘‘. રશિયા ભારતને ખાતરના મુખ્ય સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે, છેલ્લા ત્રણ વર્ષમાં આયાતમાં 300% થી વધુનો વધારો થયો છે. ભારત રશિયા પાસેથી ક્રૂડ અને ખાતરની આયાત ચાલુ જ રાખવાનું છે.

# મોદી ઓસ્ટ્રીયાની મુલાકાતેઃ રાષ્ટ્રપતિ અને ચાન્સેલર સાથે કરી બેઠક

## ૪૦ વર્ષ બાદ ભારતીય વડાપ્રધાને ઓસ્ટ્રીયાનો પ્રવાસ ખેડયો મોદી ત્યાંના ઉદ્યોગકારો અને મૂળ ભારતીયોને પણ મળ્યા



**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના પ્રવાસે ઓસ્ટ્રિયા પહોંચ્યા છે. આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ છે કારણ કે ચાર દાયકામાં ભારતીય પીએમની આ પ્રથમ મુલાકાત છે. પીએમ મોદીની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત અને ઓસ્ટ્રિયા રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યા છે.

રશિયાની બે દિવસની મુલાકાત બાદ પીએમ મોદી મંગળવારે ઓસ્ટ્રિયાની રાજધાની વિયેના પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન, બંને દેશો તેમના દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર વિચારણા કરી છે અને અનેક ભૌગોલિક રાજકીય પડકારો પર નજીકથી સહયોગ આપવાની ખાતરી કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ પહેલી ઓસ્ટ્રિયા મુલાકાત છે. જો કે આ પહેલા તેઓ ઓસ્ટ્રિયાના ચાન્સેલરોને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન પીએમ મોદી ઓસ્ટ્રિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝાંડર વેન ડેર બેલેન સાથે મુલાકાત કરી છે. આ સિવાય તેઓ ચાન્સેલર કાર્લ નેહામર સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી કજે. મોદી ભારત અને ઓસ્ટ્રિયાના બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરી છે. તેઓએ વિયેનામાં ભારતીયો સાથે પણ વાતચીત કરી છે. આ મુલાકાતથી ઓસ્ટ્રિયા અને ભારત વચ્ચેના સંબંધો મજબૂત થવાની આશા છે. વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ કહ્યું, ’આ મુલાકાત અમને અમારી ભાગીદારીને વિસ્તૃત કરવામાં મદદ કરશે જ્યારે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓને ઉકેલવામાં અમને મદદ કરશે.’

### વડાપ્રધાનની ઑસ્ટ્રિયાની મુલાકાતથી શું ફાયદાઓ થશે?

વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ કહ્યું કે ઓસ્ટ્રિયા મધ્ય યુરોપમાં એક મુખ્ય દેશ છે. ઑસ્ટ્રિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિન્યુએબલ એનર્જી, હાઈ ટેક્નોલોજી, સ્ટાર્ટ-અપ્સ અને મીડિયા અને મનોરંજન જેવા ક્ષેત્રોમાં સહકારની મોટી તકો પ્રદાન કરે છે. ક્વાત્રાએ કહ્યું કે તે એક મહત્વપૂર્ણ મધ્ય યુરોપિયન દેશ છે. તે ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સી, યુનાઈટેડ નેશન્સ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, યુનાઈટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ, અને યુરોપમાં સુરક્ષા અને સહકાર માટેનું સંગઠનનું બેઝ છે. ફેબ્રુઆરીમાં ભારત-ઓસ્ટ્રિયા સ્ટાર્ટઅપ બ્રિજ શરૂ થયાના થોડા મહિના બાદ આ મુલાકાત આવી છે. આ બ્રિજનો હેતુ બંને દેશોમાં સ્ટાર્ટઅપ્સ વચ્ચે સહયોગ અને જ્ઞાનની વહેંચણીને પ્રોત્સાહન આપવાનો છે. ફાઈનાન્શિયલ એક્સપ્રેસના રિપોર્ટ અનુસાર, ૨૦૨૩માં ભારત અને ઓસ્ટ્રિયા વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૨.૯૩ બિલિયન ડોલર થશે. ભારત ઓસ્ટ્રિયાને ઈલેક્ટ્રોનિક્સ, ટેક્સટાઈલ, શૂઝ અને કેમિકલ વેચે છે. ઑસ્ટ્રિયા મશીનરી, ઓટોમોટિવ ભાગો અને રસાયણો મોકલે છે.

# ૭૬૦ જિલ્લામાં બાળકોની દત્તક પ્રક્રિયા 30 ઓગસ્ટ સુધીમાં નિયમિત નહીં થાય તો કોર્ટના તિરસ્કારનો કેસ દાખલ થશે

## ગુજરાત સહિત અનેક રાજ્યમાં વિશેષ દત્તક એજન્સીનથી જેના કારણે દતક આપવાની પ્રક્રિયામાં થઈ રહ્યો છે વિલંબ

**અબતક, નવીદિલ્હી**

૩૧ જાન્યુઆરી સુધીમાં દેશના ૭૬૦ જિલ્લાઓમાં વિશેષ દત્તક એજન્સીઓની સ્થાપના કરવાના તેના નિર્દેશ પ્રત્યે રાજ્યોની ઉદાસીનતા પર નારાજગી વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે મંગળવારે ચેતવણી આપી હતી કે જો 30 ઓગસ્ટ સુધીમાં જરૂરી પગલાં લેવામાં નહીં આવે તો મુખ્ય સચિવો સામે તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ આંકડા રજૂ કર્યા, જે એસ.એ.એ. બનાવવા માટે સુપ્રીમ કોર્ટના ૨૦ નવેમ્બર, ૨૦૨૩ના આદેશનું પાલન કરવાના રાજ્યો દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને ખરાબ રીતે પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે ૩૭૦ જિલ્લામાં એસ.એ.એ.ની રચના થઈ નથી.

કોર્ટે કહ્યું કે જે રાજ્યોમાં ૫૦% થી વધુ જિલ્લાઓમાં એસ.એ.એ નથી તેમાં દિલ્હી, યુપી, પંજાબ, તેલંગાણા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, ઝારખંડ,



નPIલS અ ન ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે ચંદીગઢ, ગોવા, કર્ણાટક, રાજસ્થાન અને કેરળએ સુપ્રીમ કોર્ટના નિર્દેશનું સંપૂર્ણ પાલન કર્યું છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ અને જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે કહ્યું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે કે રાજ્યોએ આદેશનું પાલન કર્યું નથી. અમે પાલન ન કરવાના કિસ્સામાં કડક કાર્યવાહીની ચેતવણી આપી હતી, બેન્ચે આદેશ આપ્યો.

કારણ કે વારંવારના પ્રયાસો છતાં દરેક જિલ્લામાં એસ.એ.એ ની સ્થાપના કરવામાં આવી નથી. તમામ ડિફોલ્ટર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો 30 ઓગસ્ટના રોજ અથવા તે પહેલાં એક અનુપાલન સોગંદનામું ફાઈલ કરશે, જેમાં નિષ્ફળ જાય તો તેઓ સુપ્રીમ કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર થશે અને સમજાવશે કે તેમની સામે કોર્ટની અવમાનનાની કાર્યવાહી કેમ શરૂ ન થવી જોઈએ કે દત્તક લેવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે કોર્ટના હસ્તક્ષેપને પગલે, જે દત્તક લેવા માટે કાયદેસર રીતે મફત બાળકોને ઓળખવા અને નોંધણી કરવા માટે માળખાકીય સુવિધાઓ અને મિકેનિઝમ્સની ગેરહાજરીથી વધુ ખરાબ થઈ હતી, આવી છે.

પ્રક્રિયાએ વેગ પકડ્યો છે અને સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ એજન્સીએ યુગલો દ્વારા ૪,૦૨૯ દત્તક લેવાનો રેકોર્ડ હાંસલ કર્યો છે. ૨૦૧૯-૨૦માં ઈઅછઅ દ્વારા કુલ ૩,૭૪૫ અનાથ, ત્યજી દેવાયેલા અને આત્મસમર્પણ કરાયેલા બાળકોને દત્તક લેવામાં આવ્યા હતા, ૨૦૨૦-૨૧માં આ સંખ્યા ૩,૫૫૯ હતી, ૨૦૨૧-૨૨માં આ સંખ્યા ૩,૪૦૫ હતી, ૨૦૨૨-૨૩માં આ સંખ્યા ૩,૪૪૨ અને અ. ૨૪માં આવા કુલ ૪,૦૨૯ બાળકોને દત્તક લેવામાં આવ્યા હતા.

# મહિલામાંથી પુરૂષ બનતી ભારતની પ્રથમ મહિલા અધિકારી

## હૈદરાબાદમાં તૈનાત ભારતીય મહેસૂલ સેવાની મહિલા અધિકારી એમ અનુસૂયા હવે અનુકથિર સૂર્ય એમ તરીકે ઓળખાશેઃ ઓર્ડર બાદ તેમની ઓળખ સત્તાવાર રેકોર્ડમાં અપડેટ કરાશે

**અબતક, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે ભારતીય મહેસૂલ સેવાની એક વરિષ્ઠ મહિલા અધિકારીની અપીલને મંજૂર કરી છે, જેમાં સત્તાવાર રીતે તેનું નામ અને લિંગ બદલવાની પરવાનગી માંગવામાં આવી છે. આ અંગે આદેશ પણ જારી કરવામાં આવ્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઈઝ એન્ડ કસ્ટમ્સની સૂચના મુજબ, સુશ્રી એમ અનુસુયા, આઈઆરએસ એ મંત્રાલયને એક પિટિશન સબમિટ કરી હતી, જેમાં સરકારને તેમનું નામ બદલીને શ્રી એમ અનુકથિર સૂર્યા રાખવા અને તેનું લિંગ સ્ત્રીમાંથી પુરૂષમાં બદલવાની વિનંતી કરવામાં આવી હતી. પાસેથી મંજૂરી માંગવામાં આવી હતી. તેને સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.



મળતી માહિતી મુજબ, હૈદરાબાદમાં તૈનાત ભારતીય મહેસૂલ સેવાની મહિલા અધિકારી એમ અનુસૂયા હવે પોતાનું લિંગ પરિવર્તન કરાવ્યા બાદ અનુકથિર સૂર્ય એમ બની ગઈ છે. હવે ચીફ કમિશનર ઓફિસરને તમામ સત્તાવાર દસ્તાવેજોમાં અનુકથિર સૂર્ય એમ તરીકે ઓળખવામાં આવશે. એમ અનુસુયા સેન્ટ્રલ બોર્ડ ઓફ પરોક્ષ કર અને કસ્ટમના અધિકારી છે. હાલમાં, તેઓ હૈદરાબાદમાં કસ્ટમ્સ, એક્સાઈઝ અને સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલના ચીફ કમિશનરની ઓફિસમાં જોઈન્ટ કમિશનર છે. ૯ જુલાઈના રોજ નાણા મંત્રાલયે તેમના નામ અને લિંગ બદલવાનો આદેશ જારી કર્યો હતો. અહેવાલો સૂચવે છે કે અનુસુયાએ તેનું નામ અને લિંગ સ્ત્રીમાંથી પુરુષમાં બદલવાની વિનંતી કરી હતી. ઓર્ડર બાદ તેમની ઓળખ સત્તાવાર રેકોર્ડમાં અપડેટ કરવામાં આવશે.

# લોકોના કોલ અને મેસેજ ઉપર લગામ રાખી પાક.માં આઈએસઆઈ લોકશાહીનું ગળું ટુંપશે

## સરકારે આઈએસઆઈને રાષ્ટ્રીય સુરક્ષાનું કારણ ધરી લોકોના ફોન ટેપ કરવાની ખુલ્લી છૂટ આપી દીધી

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાનમાં આઈએસઆઈ હવે લોકશાહીનું ગળું ટુંપવાની છે. આવું કરવા માટે ખુદ પાકિસ્તાન સરકારે તેને છૂટ આપી છે. જેમાં હવે પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આખા દેશમાં કોઈપણ વ્યક્તિના કોલ ઈન્ટરસેપ્ટ કરી શકશે.

હકીકતમાં, પાકિસ્તાન સરકારે ઔપચારિક રીતે ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને કોલ ઈન્ટરસેપ્ટ અને ટ્રેસ કરવા માટે અધિકૃત કર્યા છે. પાકિસ્તાન સરકારે તેની પાછળ રાષ્ટ્રીય સુરક્ષાને કારણ ગણાવ્યું છે. પાકિસ્તાનના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને ટેલિકોમ્યુનિકેશન મંત્રાલયે પણ આ અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું છે.

નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે ગ્રેડ ૧૮થી નીચેના આઈએસઆઈ ઓફિસર કોઈપણ કોલ અને મેસેજને ઈન્ટરસેપ્ટ કરી શકે છે અને તેને ટ્રેસ પણ કરી શકે છે. નોટિફિકેશનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સરકાર વિદેશી જોખમો સામે રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાથમિકતા આપશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફની કેબિનેટ તરફથી ઔપચારિક આદેશ પસાર થયા બાદ આ સૂચના જારી કરવામાં આવી છે. જો કે, પાકિસ્તાનમાં તેને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ક્રેક ડાઉન કરવાના સરકારના પ્રયાસોના ભાગ રૂપે જોવામાં આવી રહ્યું છે. કારણ કે પાકિસ્તાનની મુખ્ય વિપક્ષી પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફએ મીડિયામાં ઓછી જગ્યા મળ્યા બાદ સોશિયલ મીડિયા પર તેની સક્રિયતા વધારી દીધી છે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન સરકારે ફેબ્રુઆરીમાં જ ઈલોન મસ્કની કંપની એક્સ (ટ્વિટર)ને બ્લોક કરી દીધી છે. જ્યારે આ મામલો સિંધ કોર્ટમાં પહોંચ્યો ત્યારે સરકારે પણ પોતાની કાર્યવાહીનો બચાવ કર્યો છે. સરકારના આ નિર્ણય બાદ ઈમરાનની પાર્ટી પીટીઆઈના નેતાએ પોતાની પ્રતિક્રિયા આપી છે. પીટીઆઈના નેતા ઓમર અયુબ ખાને કહ્યું છે કે સરકાર અને તેના સહયોગીઓએ જાણવું જોઈએ કે સત્તામાંથી હાંકી કાઢ્યા પછી તેમના નેતાઓ સામે પણ આવું જ કરવામાં આવશે. અયુબે વધુમાં જણાવ્યું હતું કે તેઓ (પાકિસ્તાન સરકાર) જે પગલાં અમલમાં મૂકે છે તે એકવાર તેઓ કોર્ટનો સંપર્ક કરશે.

### ભીખ મંગાની નિકાસ કરવી એ પાકનો મુખ્ય વ્યવસાય બની ગયો છે

પોતાની અર્થવ્યવસ્થાની કથળતી જતી અર્થવ્યવસ્થાને કારણે પાકિસ્તાન અન્ય દેશો અને બહુપક્ષીય સંસ્થાઓને આર્થિક મદદ માટે અપીલ કરી રહ્યું છે. આનાથી ’ભીખ માંગવા’ને તેના રાજકીય પ્રવચનનો એક મહત્વપૂર્ણ ભાગ બનાવી દેવામાં આવ્યો છે, તેના નાગરિકોએ શોક વ્યક્ત કર્યો છે કે તેમના દેશને વિદેશી સહાય માટે ’ભીખ માગવી’ પડે છે, જે ઘણી વખત મળવી મુશ્કેલ હોય છે, અને સરકારે સતત આગ્રહ રાખવો પડે છે. બે વર્ષ પહેલાં, વડા પ્રધાન શહેબાઝ શરીફે દેશની ઘટી રહેલી અર્થવ્યવસ્થાની નિરાશાજનક તસવીર રજૂ કરી હતી, જેમાં તેમણે અફસોસ વ્યક્ત કર્યો હતો કે મિત્ર દેશોએ પણ પાકિસ્તાનને એવા દેશ તરીકે જોવાનું શરૂ કર્યું છે જે હંમેશા પૈસાની ભીખ માંગે છે. આજે જ્યારે આપણે કોઈ મિત્ર દેશની મુલાકાત લઈએ છીએ અથવા ફોન કરીએ છીએ ત્યારે તેઓ વિચારે છે કે આપણે પૈસાની ભીખ માંગવા આવ્યા છીએ. જ્યારે પાકિસ્તાન સરકાર ભીખ માંગવાનો બાઉલ હાથમાં લઈને ફરે છે, ત્યારે દેશમાં ભીખ માંગવી એ એક પ્રકારનો ઉદ્યોગ બની ગયો છે. મોટા શહેરોમાં વ્યવસ્થિત ભીખ માંગવાનું કામ ચાલી રહ્યું છે અને નાના શહેરોમાં પણ ભિખારીઓને મોકલવામાં આવે છે. સરકારે તાજેતરમાં ૨,૦૦૦ થી વધુ ભિખારીઓના પાસપોર્ટ સાત વર્ષ માટે બ્લોક કરવાનો નિર્ણય લીધો છે. સરકાર ભિખારીઓને વિદેશ મોકલનારા એજન્ટોના પાસપોર્ટ પણ બ્લોક કરશે. સરકાર કહે છે કે તે વિદેશમાં ભીખ માંગવાના વ્યવસાય પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરી રહી છે કારણ કે અન્ય દેશોમાં તેને મળેલા કલંકને કારણે. પાકિસ્તાની ભિખારીઓ મુખ્યત્વે સાઉદી અરેબિયા, ઈરાન અને ઈરાકમાં તેમનો વ્યવસાય કરે છે.

# ભારતીય ટીમનું 'સુકાન' સાડા ત્રણ વર્ષ ગૌતમ સંભાળશે

## કોચ તરીકે ગંભીર પોતાનું અભિયાન શ્રીલંકા સામેની સિરીઝથી શરૂ કરશેઃ આ સિરીઝમાં ભારત ૩ વન-ડે અને ત્રણ ટી૨૦ મેચ રમશે જે ૨૭ જુલાઈથી શરૂ થશે






**અબતક, નવીદિલ્હી**

ટીમ ઈન્ડિયાને નવા હેડ કોચ મળી ગયા છે. ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહે ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ઓપનર ગૌતમ ગંભીરને રાહુલ દ્રવિડના ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. ગંભીરના નામની જાહેરાત માત્ર ઔપચારિકતા હતી. દ્રવિડનો કાર્યકાળ ભારતીય ક્રિકેટ ટીમ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં ચેમ્પિયન બનવાની સાથે જ પુરો થયો હતો. ગયા વર્ષે વન ડે વર્લ્ડ કપ બાદ તેમનો કાર્યકાળ વધારવામાં આવ્યો હતો. ગંભીર ૩.૫ વર્ષ સુધી આ પદ પર રહેશે. આ કાર્યકાળ ૨૦૨૭ના અંતમાં સમાપ્ત થશે.

ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે ગંભીરનું પ્રથમ કાર્ય શ્રીલંકા સામેની આગામી સીમિત ઓવરોની શ્રેણી હશે. ટીમ ઈન્ડિયા ૨૭ જુલાઈથી ૩ વનડે અને ૩ ટી૨૦ મેચ રમવા માટે તૈયાર છે. બીસીસીઆઈએ પણ ગંભીરનું ટીમ ઈન્ડિયામાં તેની ભૂમિકામાં સ્વાગત કર્યું હતું. ભૂતપૂર્વ ભારતીય ઓપનિંગ બેટ્સમેન તેની સાથે અનુભવ અને રમતની ઊંડી સમજ લઈને આવે છે. તેની અસાધારણ બેટિંગ કૌશલ્ય અને વ્યૂહાત્મક કુશળતા માટે જાણીતા, ગંભીર ભારતીય ક્રિકેટમાં એક મહત્વપૂર્ણ વ્યક્તિ છે.

જયારે ગંભીર ચાર્જ સંભાળશે, ત્યારે તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય ભારતીય ટીમ ઉચ્ચ સ્તરે પ્રદર્શન કરવાનું ચાલુ રાખે તે સુનિશ્ચિત કરવાનો રહેશે. તેઓએ ખેલાડીઓ અને સહાયક સ્ટાફ સાથે નજીકથી કામ કરવું પડશે જેથી સુધારણાના ક્ષેત્રોને ઓળખવામાં આવે અને કોઈપણ નબળાઈઓને દૂર કરવા માટે વ્યૂહરચના વિકસાવવામાં આવે. વિશ્વના ટોચના ક્રિકેટ રાષ્ટ્રોમાંના એક તરીકે ભારતની સ્થિતિને ધ્યાનમાં રાખીને ગંભીર પાસેથી ઘણી અપેક્ષાઓ છે. જો કે, એક ખેલાડી તરીકેના તેના બહોળા અનુભવ અને રમતની તેની ઊંડી સમજ સાથે, તે દબાણને હેન્ડલ કરવા અને ટીમને વધુ સફળતા તરફ લઈ જવા માટે સારી રીતે સજ્જ છે.બીસીસીઆઈ સચિવ જય શાહે ગૌતમ ગંભીરને કોચ બનાવવાની જાહેરાત કરતા એક્સ પર કહ્યું કે ભારતીય ક્રિકેટ ટીમના નવા મુખ્ય કોચ તરીકે ગૌતમ ગંભીરનું સ્વાગત કરતા મને આનંદ થાય છે. આધુનિક સમયમાં ક્રિકેટનો ઝડપથી વિકાસ થયો છે અને ગૌતમે આ બદલાતા દશ્યને ખૂબ નજીકથી જોયું છે. મને પુરો વિશ્વાસ છે કે પોતાની પુરી કારકિર્દી દરમિયાન ઘણા પ્રકારના પડકારોનો સામનો કરવા અને વિવિધ ભૂમિકાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યા પછી ભારતીય ક્રિકેટને આગળ વધારવા માટે ગૌતમ આદર્શ વ્યક્તિ છે.

૪૨ વર્ષના ગૌતમ ગંભીરે ૪ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. ગંભીરે ભારત માટે છેલ્લી ટેસ્ટ ૨૦૧૬માં રાજકોટમાં ઈંગ્લેન્ડ સામે રમી હતી. ગંભીરે ૫૮ ટેસ્ટ મેચોમાં ૪૧.૯૫ની એવરેજથી ૪૧૫૪ રન બનાવ્યા જેમાં નવ સદીનો સમાવેશ થાય છે. ગંભીરે ૧૪૭ વનડેમાં ૩૯.૬૮ની એવરેજથી ૫૨૩૮ રન બનાવ્યા છે. આમાં ૨૦૧૧ વર્લ્ડ કપ ફાઈનલમાં રમાયેલી ૯૭ રનની યાદગાર ઈનિંગ પણ સામેલ છે, જેના કારણે ભારત બીજી વખત વર્લ્ડ કપ જીત્યું હતું. તેણે વનડેમાં ૧૧ સદીની ઈનિંગ્સ રમી હતી. ગંભીરે ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં પણ પોતાની છાપ છોડી હતી. તેણે ૩૭ મેચમાં સાત અડધી સદીની મદદથી ૯૩૨ રન બનાવ્યા, જેમાં તેની એવરેજ ૨૭.૪૧ હતી.

# કોર્પોરેશનના તમામ કોમ્યુનિટી હોલ ૧ ઓગસ્ટથી બંધઃ બુકિંગ પણ નહીં લેવાય

## તમામ ૧૭ કોમ્યુનિટી હોલના ૨૧ યુનીટમાં ફાયર સેફ્ટીના સાધનો લાગ્યા બાદ બુકિંગ શરૂ કરાશે

## પ્રમુખસ્વામી ઓડિટોરિયમ, અટલ બિહારી વાજપેયી ઓડિટોરિયમ, અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ અને અમૃત કાયલ કોમ્યુનિટી હોલ ચાલુ રહેશે







**અબતક-રાજકોટ**

ફાયર સેફ્ટીના પર્યાપ્ત સાધનો વિના ધમધમતા રાજકોટ મહાનગરપાલિકાના ૧૭ કોમ્યુનિટી હોલના ૨૧ યુનિટ આગામી પહેલી ઓગસ્ટથી જનતા માટે બંધ કરી દેવામાં આવશે.એટલું જ નહીં નવા બુકિંગ પણ સ્વીકારવામાં નહીં આવે. તમામ કોમ્યુનિટી હોલમાં ફાયર સેફ્ટીના સાધનો લાગી ગયા બાદ એનઓસી પ્રાપ્ત થયા બાદ જ બુકિંગ સ્વીકારવામાં આવશે. અટલ બિહારી વાજપેયી,

ઓડિટોરિયમ,પ્રમુખસ્વામી ઓડિટોરિયમ, અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલ અને અમૃત ઘાયલ કોમ્યુનિટી હોલમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ હોય આ ચારેય ચાલુ રાખવામાં આવશે.

શહેરના અલગ અલગ વિસ્તારોમાં કોર્પોરેશન દ્વારા કોમ્યુનિટી હોલ અને ઓડિટોરિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે.જે શહેરીજનોને ખૂબ જ નજીવા દરે સારા તથા માઠા પ્રસંગો માટે ઉપયોગ માટે આપવામાં આવે છે. તાજેતરમાં ગેમ ઝોનમાં બનેલી અગ્નિકાંડની ઘટના બાદ કોર્પોરેશન દ્વારા પોતાની મિલકતોનો સર્વે કરવામાં આવ્યો હતો જેમાં ફાયર સેફ્ટી વિનાની મિલકતોમાં ફાયર એનઓસી મેળવવા માટે ફાયરના પર્યાપ્ત સાધનો ફીટ કરવા ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જે હાલ ફાઈનલ સ્ટેજે છે. દરમિયાન તકેદારી અને સલામતીના ભાગરૂપે કોર્પોરેશનની એસ્ટેટ શાખા હસ્તકના ૧૭ કોમ્યુનિટી બોલના ૨૧ યુનિટો આગામી એક ઓગસ્ટથી બંધ કરી દેવામાં આવશે.નવા કોઈ જ બુકિંગ સ્વીકારવામાં આવશે નહીં.અંદાજે ત્રણેક મહિનામાં તમામમાં ફાયર સેફ્ટીના સાધનો લાગી ગયા બાદ ફરી બુકિંગ શરૂ કરવામાં આવશે. આગામી ૧ ઓગસ્ટથી જાગનાથમાં આવેલા એકલવ્ય કોમ્યુનિટી હોલ, ગાયકવાડીમાં ગુરુનાનક કોમ્યુનિટી હોલ, નીલકંઠ સિનેમા સામે વિનોદભાઈ શેઠ કોમ્યુનિટી હોલ, ગુરુપ્રસાદ ચોકમાં વસંતરાવ ગજેન્દ્ર ગડકર કોમ્યુનિટી હોલના બંને યુનિટ,ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં

(અનુ. આઠમા પાને)

# મહાપાલિકા દ્વારા સફાઈ કામદારોના વારસદારોને નિમણુંક પત્ર એનાયત









**અબતક, રાજકોટ**

રાજકોટ મનપા દ્વારા ૫ (પાંચ) અજયભાઈ દિલીપભાઈ વાઘેલા, સુમિત દિનેશભાઈ પરમાર, જયદેવ બટુકભાઈ વાઘેલા, શૈલેષ મંગેશભાઈ પરમર, રવિકુમાર વિનોદભાઈ વાઘેલા સફાઈ કામદારોના વારસદારોને સફાઈ સહાયક તરીકે મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુના હસ્તે નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા.

આ અવસરે મેયર નયનાબેન પેઢડીયાએ સૌપ્રથમ નિમણુંક પામતા તમામ સફાઈ કામદારોને શુભેચ્છા પાઠવી પ્રામાણિકતાથી અને શિસ્તબધ્ધ રીતે ફરજ નિભાવવા તેમજ શહેરની સ્વચ્છતા માટે તમારું ખુબ મોટું યોગદાન હોય છે તેવું જણાવેલ. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારોને વખતોવખત તેઓની કામગીરી બદલ બેસ્ટ સફાઈ કામદાર એવોર્ડપણ આપવામાં આવે છે. (અનુ. આઠમા પાને)

# સ્પેનના ટબુડીયાએ ફ્રાંસને યુરો કપના ફાઈનલમાંથી બહાર કાઢ્યું



## આજે મધરાત્રીએ નેધરલેન્ડ V/S ઈંગ્લેન્ડના વિજેતા રવિવારે મોડી રાત્રે સ્પેન સામે ફાઈનલમાં ટકરાશે



**અબતક, નવીદિલ્હી**

સ્પેન એવી ટ્રેનમાં મુસાફરી છે જેને કાયલિયાન એમ.બાપ્પે પણ પકડી શકતો નથી. સ્પેનિશ ટીમે યુરો ૨૦૨૪માં તેમનું શાનદાર ફોર્મ ચાલુ રાખ્યું હતું કારણ કે તેણે ફ્રાન્સ સામે ૨-૧થી જીત મેળવીને ફાઈનલમાં પોતાનું સ્થાન બુક કર્યું હતું. આ સ્પેનિશ ટીમને યુરો ૨૦૨૪ની સર્વશ્રેષ્ઠ ટીમ કહી શકાય અને ડી લા ફુએન્ટેની ટીમે છ મેચમાં અપરાજિત રહેવાની અને ફાઈનલમાં લાયક બેઠક મેળવીને આ ખિતાબને વધુ મજબૂત બનાવ્યો છે. મ્યુનિકના એલિયાન્ઝ એરેના ખાતે રમાયેલી હાઈવોલ્ટેજ અથડામણમાં, ફ્રાન્સે ૮મી મિનિટમાં કોલો મુઆનીના હેડર દ્વારા પ્રારંભિક લીડ મેળવી હતી, તે પહેલાં ૨૧મી મિનિટે યમલે શાનદાર લાંબા અંતરના કર્લર સાથે સ્કોરને બરોબરી કરી હતી. જ્યારે તેઓ ગોલ કરવાના હતા ત્યારે જ ફ્રેન્ચ ડિફેન્સ સ્તબ્ધ થઈ ગયા હતા કારણ કે ડેની ઓલ્મોએ માત્ર ચાર મિનિટમાં જ બીજા ગોલ સાથે સંપૂર્ણ ફેરબદલ કરી દીધો હતો. આ મેચમાં યુવા ખેલાડીઓ અને સ્પેનિશ ખેલાડીઓના મિશ્રણને કારણે અનુભવી ફ્રેન્ચ ટીમ વિશેની પ્રસિદ્ધિ સંપૂર્ણપણે શાંત થઈ ગઈ હતી.

ફ્રેન્ચ કપ્તાન કિલિયન એમ.બપ્પે માટે તે નિરાશાજનક શાંત સાંજ હતી, જે ટૂંક સમયમાં રીઅલ મેડ્રિડમાં જોડાવા માટે સ્પેન જશે. કિલિયન એમ.બપ્પેનું સ્પેનિશ પ્રકરણ આદર્શ રહ્યું નથી, ઓછામાં ઓછું તેના માટે નહીં, તેણે બરાબરી કરવાની સુવર્ણ તક ગુમાવી દીધી છે. આ મેચ ૧૬ વર્ષીય લેમિન યામલની આસપાસ કેન્દ્રિત હતી, જેણે પોતાને મજબૂત ફેશનમાં પ્રતિભાશાળી ખેલાડી

(અનુ. આઠમા પાને)

# કોર્પોરેશનમાં ૧૮મીએ જનરલ બોર્ડઃ અગ્નિકાંડ ગાજશે

## ભાજપના નિંભર કોર્પોરેટરોના અગ્નિ કાંડ અંગે પ્રશ્ન ન પૂછ્યોઃ કોંગી કોર્પોરેટર વશરામ સાગઠીયા ટીઆરપી ગેમ ઝોનને લગતો પ્રશ્ન બોર્ડમાં પૂછ્યોઃ જો કે ચર્ચાની સંભાવના નહિવત છતાં વિપક્ષ આક્રમક રહેશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં આગામી ૧૮મી જુલાઈ રોજ જનરલ બોર્ડની બેઠક મળશે. જેમાં ટીઆરપી ઝેમ ઝોનમાં સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડનો મુદ્દો ગાજે તેવી સંભાવના જણાય રહી છે. ભાજપ અને કોંગ્રેસના ૨૦ કોર્પોરેટરોએ જનરલ બોર્ડમાં ૪૦ પ્રશ્નો રજૂ કર્યા છે.એકમાત્ર વશરામભાઈ સાગઠીયાએ ટીઆરપી ગેમ ઝોનને કોર્પોરેશન દ્વારા મંજૂરી આપવામાં આવી હતી કે કેમ? તે અંગે સવાલ મુક્યો છે.અગ્નિકાંડ મુદ્દે વિપક્ષ બોર્ડમાં આક્રમક રહે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી.

કોર્પોરેશનમાં દર બે મહિને જનરલ બોર્ડની બેઠક મળે છે. જેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ શહેરીજનોને અસર કરતા અલગ અલગ પ્રશ્નો પૂછે છે જેના અધિકારીઓ દ્વારા જવાબ આપવામાં આવે છે. આગામી ૧૮મી જુલાઈને રોજ મેયર નયનાબેન પેઢડીયા અધ્યક્ષસ્થાને મળનારી જનરલ બોર્ડની બેઠકમાં ભાજપ અને કોંગ્રેસના ૨૦ કોર્પોરેટરો ૪૦ પ્રશ્નો રજૂ કર્યા છે. સૌપ્રથમ વોર્ડ નં. ૧૦ના ભાજપના નગરસેવિકા જયોષનાબેન ટીલાળાના પ્રશ્નની ચર્ચા થશે.તેઓએ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા રાજકોટને મળતી ગ્રાન્ટ અને છેલ્લા એક વર્ષમાં થયેલા એક્શન પ્લાનના કામો અંગે માહિતી માંગી છે.બીજા ક્રમે કોંગ્રેસના કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયાનો પ્રશ્ન છે.બોર્ડની વણલખી પરંપરા મુજબ માત્ર એક જ પ્રશ્નની ચર્ચામા પ્રશ્નોત્તરીકાળનો એક કલાકનો સમય વેડફી નાખવામાં આવે છે.આવામાં આ વખતે પણ જ્યોશનાબેન ટીલાળાના ગ્રાન્ટ અને એકશન પ્લાન લગતા પ્રશ્નોમાં એક કલાક વેડફાઈ જાય તેવી શક્યતા નકારી શકાતી નથી. કોંગી કોર્પોરેટર વશરામ સાગઠીયાએ દેશભરમાં ચર્ચાનો વિષય બનેલા રાજકોટ અગ્નિકાંડને લગતો પ્રશ્ન રજૂ કર્યો છે.જેમાં ટીઆરપી ગેમઝોનને રાજકોટ મહાપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા, ટીપી શાખા ફુડ શાખા અને જગ્યા રોકાણ શાખા દ્વારા મંજૂરી આપવામાં આવી હતી કે કેમ તે અંગેનું સવાલ પૂછ્યો છે. આ ઉપરાંત તેઓએ પ્રીમોનસુન કામગીરીમાં વોકળા તથા આજી નદીની

(અનુ. આઠમા પાને)



### કોર્પોરેટરોને એજન્ડા હવે વોટ્સએપ કે ઈ-મેલ થકી મોકલાશે

#### જનરલ બોર્ડ,સ્ટેન્ડિંગ કમિટી અને ખાસ સમિતિની કાર્યવાહીના નિયમોમાં થશે સુધારો

રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા, સ્થાયી સમિતિ અને ખાસ સમિતિઓની કાર્યવાહી સંબંધી અલગ અલગ છ નિયમોમાં સુધારો કરવા માટે જનરલ બોર્ડમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.બોર્ડમાં મંજુર થયા બાદ આ દરખાસ્તને રાજ્ય સરકારમાં મોકલાશે જે સરકાર મંજુર કરશે અને ગેઝેટમાં પ્રસિદ્ધ થયા બાદ નવા નિયમ અમલમાં આવશે. હાલ ખાસ સમિતિઓના રોજ કામની બુક કોઈપણ સમયે કોઈ પણ નગરસેવક ચાર્જ ભર્યા વિના જોઈ શકે છે જ્યારે અન્ય વ્યક્તિએ પ્રત્યેક કલાકના ૫૦ પૈસા ચૂકવવા પડે છે. જેમાં સુધારો કરાશે અને સામાન્ય વ્યક્તિએ હવે કલાકના રૂ.૨૦૦૦ ચૂકવવાના રહેશે. જ્યારે સામાન્ય સભામાં પેક્ષક ગેલેરીમાં જે પ્રવેશ આપવામાં આવે છે તેમાં હાલ જે નિયમો છે તેમાં પણ મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવશે. હાલ બોર્ડમાં મેયરના ગેરહાજરીમાં ડેપ્યુટી મેયર સભા અધ્યક્ષ રહે છે. બંને ગેરહાજર હોય તો કોઈપણ એક નગરસેવકની સભા અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવે છે.હવે મેયર અને ડેપ્યુટી મેયરની ગેરહાજરીમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સભા અધ્યક્ષનું સ્થાન લઈ શકશે. હાલ કોર્પોરેટરોને જનરલ બોર્ડ ,સ્ટેન્ડિંગ કમિટી કે ખાસ સમિતિની કાર્યવાહીની નોંધ એક નકલ સદસ્યના સરનામે સાધારણ ટપાલથી મોકલવામાં આવે છે. જેમાં નકલ મોડી મળતી હોવાની ફરિયાદ ઊઠી રહી હોય હવેથી દરેક સભ્યને આ નકલ ટપાલ રજીસ્ટર એડી,

(અનુ. આઠમા પાને)

### જનરલ બોર્ડમાં ૨૦ કોર્પોરેટરોના ૪૦ પ્રશ્નોની થશે ચર્ચાઃ નાના મવા સર્કલના પ્લોટની ફાળવણી રદ કરવા સહિતની ૧૦ દરખાસ્તો અંગે નિર્ણય લેવાશે

# ટ્રાફિક પોલીસે ધોકો પછાડ્યો : પીયુસી, હેલ્મેટ અને ઓવર સ્પીડના ૪૧૪ જેટલાં કેસો કરાયા

## એરપોર્ટ અને ખોખળદડ ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગ કરાયું : બ્લેક ફિલ્મ, હેલ્મેટ અને ઓવરસ્પીડિંગ બદલ રૂ. ૩.૦૯ લાખનો દંડ ફટકારાયો

**અબતક, રાજકોટ**

શહેર ટ્રાફિક પોલીસે ધોકો પછાડી એક જ દિવસમાં હેલ્મેટ, બ્લેકફિલ્મ અને ઓવરસ્પીડિંગ બદલ ૪૧૪ જેટલાં કેસો કરીને રૂ. ૩.૦૯ લાખનો દંડ ફટકાર્યો છે.

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસે એક જ દિવસમાં નિયમતોડ લોકોને કાયદાનું ભાન કરાવવા ડ્રાઈવનું આયોજન કર્યું હતું. ટ્રાફિક પોલીસે બ્લેકફિલ્મ, ઓવરસ્પીડિંગ અને હેલ્મેટ સહિતના નિયમોના ઉલ્લંઘન બદલ કેસો કર્યા હતા. ટ્રાફિક પોલીસે એરપોર્ટ ચેકપોસ્ટ અને ખોખળદળ ચેકપોસ્ટ પર ડ્રાઈવ હાથ ધરીને એક જ દિવસમાં ૪૧૪ જેટલાં કેસો કર્યા હતા. ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવેલા કેસો બદલ કુલ રૂ. ૩,૦૯,૮૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. ડ્રાઈવ ચલાવી ૧૨ સ્કૂલ રીક્ષાને રૂ.૬ હજારના દંડ સહીત પીયુસી વિનાના વાહનોને રૂ. ૨૪,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે એક સ્કૂલ રીક્ષા ડિટેઈન કરવામાં આવી હતી. જ્યારે હેલ્મેટ ડ્રાઈવ યોજી ૩૦૭ કેસો કરીને રૂ. ૧,૨૩,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. ઉપરાંત ઓવરસ્પીડિંગ બદલ ટ્રાફિક પોલીસે ૮૩ કેસો કરીને ઈ ચલણ સ્વરૂપે કુલ રૂમ ૧.૬૬ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.





# અસુવિધા કે લિયે ખેદ હૈ.... વધુ એકવાર આરટીઓનો ટેસ્ટ ટ્રેક બંધ થતાં અરજદારો હેરાન-પરેશાન

## વરસાદી પાણીને લીધે ટેક્નિકલ ખામી સર્જાતા ફોર વ્હીલરનો ટેસ્ટ ટ્રેક ઠપ્પ

**અબતક, રાજકોટ**

વાહન કે લાયસન્સ સંબંધિત કામો માટે આવતા અરજદારોએ હેરાન-પરેશાન થવું જ પડે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. વારંવાર આરટીઓ કચેરીનું સર્વર અને ટેસ્ટ ટ્રેક બંધ થઈ જતાં અરજદારોએ ધરમના ધક્કા ખાવાનો વારો આવતો હોય છે. ત્યારે વધુ એકવાર રાજકોટ આરટીઓનું ફોર વ્હીલરનું ટેસ્ટ ટ્રેક બંધ થઈ જતાં ટ્રાય આપવા આવેલા અરજદારોએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

રાજકોટ સહીત રાજ્યભરની મોટાભાગની આરટીઓ કચેરીમાં અવાર નવાર સર્વરના ધાંધિયા ચાલુ જ રહેતા હોય છે. સર્વર ચાલતું હોય તો ટેસ્ટ ટ્રેક ટેક્નિકલ કારણોસર બંધ પડી જતાં વાહનની ટ્રાય આપવા આવેલા અરજદારોએ ભારે

(અનુ. આઠમા પાને)



### સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રથમવાર આધુનિક સારવાર મળશે

# વોકહાર્ટ હોસ્પિટલમાં એડવાન્સ ન્યુરો નેવિગેશન સિસ્ટમનો પ્રારંભ

## ન્યુરો નેવિગેશન સિસ્ટમ ન્યુરો સર્જરી માટે ગેમ ચેન્જર સાબિત થશેઃ નાનામાં નાની સર્જરીની ચોકસાઇ, ઉચ્ચ સલામતી અને કાર્યક્ષમતા સાથે કોમ્પ્લેક્સ પ્રોસિજરમાં મદદ કરશે

**અબતક, રાજકોટ**

પેશન્ટ કેરમાં નવીનતા અને શ્રેષ્ઠતા માટે અગ્રણી એવી એન. એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ આધુનિક સુવિધાઓ સાથે ન્યુરો નેવિગેશન સિસ્ટમની ઘોષણા કરે છે. વોકહાર્ટ હોસ્પિટલ્સએ સૌરાષ્ટ્ર- કચ્છ પ્રદેશમાં પ્રથમ હોસ્પિટલ છે કે જે આ ટેક્નોલોજી સાથે આવી છે. ન્યુરોસર્જિકલ પ્રક્રિયાઓમાં ક્રાંતિ લાવવાની સાથે આ ટેક્નોલોજી ન્યુરોલોજિકલ કન્ડિશન્સમાં દર્દીની સારવારમાં અભૂતપૂર્વ ચોકસાઈ અને સલામતી પ્રદાન કરે છે. આ અત્યંત આધુનિક ટેક્નોલોજી અંગે ડો.કાંત જોગાણી (સિનિયર કન્સલ્ટન્ટ- બ્રેઈન એન્ડ સ્પાઈન સર્જન, વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટ), ડો. વિરલ વસાણી (કન્સલ્ટન્ટ- બ્રેઈન એન્ડ સ્પાઈન સર્જન, વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટ) અને ડો.મનીષ અગ્રવાલ (સેન્ટર હેડ, વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ) દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરી નેવિગેશન સિસ્ટમની માહિતી આપી છે.

ડો.કાંત જોગાણી (સિનિયર કન્સલ્ટન્ટ- બ્રેઈન એન્ડ સ્પાઈન સર્જન, વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટ)એ જણાવ્યું હતું કે, ''ન્યુરો નેવિગેશન સિસ્ટમએ ન્યુરોસર્જરી માટે ગેમ-ચેન્જર છે. તેની ચોકસાઈ અમને ઉચ્ચ સલામતી અને કાર્યક્ષમતા સાથે કોમ્પ્લેક્સ પ્રોસિજરમાં મદદ કરે છે. આ ટેક્નોલોજી સૌરાષ્ટ્રને અત્યાધુનિક ન્યુરોલોજીકલ સંભાળ માટે અગ્રણી હબ તરીકે સ્થાન આપે છે.''

ડો.વિરલ વસાણી (કન્સલ્ટન્ટ- બ્રેઈન એન્ડ સ્પાઈન સર્જન, વોકહાર્ટ હોસ્પિટલ, રાજકોટ)એ જણાવ્યું હતું કે, ''આ પ્રગતિ દર્દીની સારવારના સમય અને પરિણામોમાં નોંધપાત્ર સુધારો કરશે. તે માત્ર અમારી હોસ્પિટલની અંદર જ નહીં પરંતુ સમગ્ર પ્રદેશમાં તબીબી સંભાળને આગળ વધારવાની અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.''

સિસ્ટમ પ્રી-ઓપરેટિવ એમઆરઆઈ અથવા સીટી સ્કેનને રીઅલ-ટાઈમ ઈન્ટ્રા-ઓપરેટિવ ડેટા સાથે એકીકૃત કરીને, સર્જનોને વિગતવાર 3ડી મેંપ અને પ્રોસિજર દરમિયાન ચોક્કસ માર્ગદર્શન પ્રદાન કરીને કાર્ય કરે છે. મુખ્ય ફાયદાઓમાં તંદુરસ્ત પેશીઓ

(અનુ. આઠમા પાને)



તસવીરઃ શૈલેષ વાડોલિયા

### બ્રેઈટ ટ્યુમર-કરોડરજ્જુની ગાંઠો સહિતના સ્પેક્ટ્રમના શ્રેષ્ઠ નિદાન થશે

ન્યુરો નેવિગેશન સિસ્ટમ બ્રેઈન ટ્યુમર, કરોડરજ્જુની ગાંઠો, એપીલેપ્સી, પાર્કિન્સન રોગ, એન્યુરિઝમ્સ, ટ્રોમા સબંધિત ઈજાઓ અને હાઈડ્રોસેફાલસ સહિત ન્યુરોલોજીકલ પરિસ્થિતિઓના સ્પેક્ટ્રમના નિદાન અને સારવાર માટે રચાયેલ છે. આ નોંધપાત્ર સીમાચિહ્ન-સર્જિકલ સેફ્ટી, એફિશિયન્સી અને દર્દીના પરિણામોને વધારવા માટે તૈયાર છે.

# બેનમૂન ટાઈલ્સ મેચિંગની નવી પરિભાષા ગ્રેફાઈટ ગેલેરીનો શનિવારથી શુભારંભ

## મોરબી સ્થિત ગ્રેફાઈટ સીરામીક પ્રાઈવેટ લિ.ના ચીફ મેનેજીંગ ડિરેક્ટર રવિ પટેલનું સાહસઃ દરેક ટાઈલ્સની ડિઝાઈનની ૩૬૦ ડિગ્રી વર્ચ્યુલ ટુર પણ કરાવવામાં આવશે

**અબતક, રાજકોટ**

વિટ્રીફાઈડ ટાઈલ્સ ક્ષેત્રે અવ્વલ નામ ધરાવતી મોરબી સ્થિત કંપની ગ્રેફાઈટ સીરામીક પ્રાઈવેટ લિમિટેડ હવે રાજકોટમાં નવું સોપાન શરૂ કરવા જઈ રહ્યું છે. ૧૩ જુલાઈ શનિવારના રોજ કંપની દ્વારા રાજકોટના ન્યુ ૧૫૦ ફીટ રિંગ રોડ પર ફન બ્લાસ્ટની સામે અને કાઠિયાવાડ ઈન્ટીરીયરમાં પ્રથમ ગ્રેફાઈટ ગેલરીનું લોન્ચિંગ કરવા જઈ રહી છે. ગ્રેફાઈટ સિરામિક્સની ગુજરાતની આ પ્રથમ ગેલેરીનું લોન્ચિંગ કરવામાં આવી રહ્યું છે.

આ અંગે વધુ વિગત આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં ગ્રેફાઈટ સીરામીક પ્રાઈવેટ લિમિટેડમાં ચીફ મેનેજીંગ ડિરેક્ટર રવિભાઈ પટેલે જણાવ્યું હતું કે મોરબીમાં અમે વિટ્રીફાઈડ ટાઈલ્સ બિઝનેસ સાથે જોડાયેલા છીએ પણ વ્યક્તિગત રીતે આ મારૂં ડ્રિમ હતું કે રાજકોટમાં હું પ્રથમ વિટ્રીફાઈડ ગ્રેફાઈટ ગેલરી લોન્ચિંગ કરૂં અને આજે મને ખુશી છે કે બહુ જ ટૂંકા સમયમાં અમે આ ગેલેરીનું લોન્ચિંગ રાજકોટમાં શનિવાર તારીખ ૧૩ જુલાઈના રોજ સાંજે ૪ વાગ્યે કરવા જઈ રહ્યા છીએ.

રાજકોટમાં આ પ્રકારની ગેલેરી શરૂ કરવાના ઉદ્દેશ અંગે ગ્રેફાઈટ સીરામીક પ્રાઈવેટ લિમિટેડના ચીફ મેનેજીંગ ડિરેક્ટર રવિભાઈ પટેલ જણાવે છે કે એક તો અમારી કંપનીની સંપૂર્ણ પ્રોડક્ટ રેન્જનું નિદર્શન અહીં કરવામાં આવશે. વિટ્રીફાઈડ ટાઈલ્સની વિવિધ શ્રેણીની બહુ મોટી રેન્જ માર્કેટમાં જોવા મળતી હોય છે. પરંતુ મેચિંગ સૌથી મહત્વનું હોય છે. હું પણ એક આર્કિટેક્ટ અને ઈન્ટિરિયર ડિઝાઈનર છું અને ત્યારે કોઈપણ આર્કિટેક્ટ કેવી ડિઝાઈન ઈચ્છે છે. તેનું નિદર્શન અહીં નિહાળી શકાશે. ટાઈલ્સના નાના નમૂના દ્વારા ૬૦૦૦થી પણ વધારે શક્યતાઓ જેમાં સરફેઈસ તથા ડિઝાઈનને આર્કિટેક્ટ ચોઈસ મુજબ મેચ મેકિંગ કરી બનાવી શકાશે અને ઓર્ડર મુજબ મનગમતી ડિઝાઈન પસંદીદાર સરફેસ તથા જરૂરિયાત મુજબની સાઈઝમાં બનાવી આપે

(અનુ. આઠમા પાને)




તસવીરઃ શૈલેષ વાડોલિયા

### કંપની દ્વારા રાજકોટ બાદ હૈદરાબાદ, સુરત, અમદાવાદ, ગુડગાંવ અને મુંબઈમાં પણ ગેલેરી શરૂ કરવાની નેમ

### સ્પેનથી કાચો માલ મંગાવી ટાઈલ્સને ફાઈનલ ટચ અપાઈ છે

મોરબીના ઘૂંટુ રોડ સ્થિત ગ્રેફાઈટ સીરામીક પ્રાઈવેટ લિમિટેડ કંપની ૧૨ એકરમાં પથરાયેલું છે. વિદેશી કંપની સાથે જોડાણ પણ કરવામાં આવ્યું છે અને હાલમાં ફેક્ટરી ખાતે વાર્ષિક ૫૦ લાખ ચોરસ મીટરનું ટાઈલ્સનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. હાલ કંપની દ્વારા 1200MM X 1800MM, 1200MM X 1200MM, 800MM X 1600 MM અને 600MM X 1200MMની સાઈઝમાં GVT / PGVT ટાઈલ્સનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. હાલ દેશ વિદેશમાં કંપની દ્વારા ટાઈલ્સ મોકલવામાં આવી રહી છે. કંપની દ્વારા હાલ સ્પેનથી કાચો માલ મંગાવવામાં આવે છે અને કંપની દ્વારા ફાઈનલ ટચ જે આપવામાં આવે છે તે એક-એક ટાઈલ્સને વર્લ્ડ ક્લાસ પ્રોડક્ટની ફીલ કરાવે છે. ગ્રેફાઈટ સિરામિક્સ કુલ ૧૦ સરફેસીંઝમાં ટાઈલ્સનું ઉતાળ કરે છે. સરફેસિઝના બે કન્વેનશનલ અને પ્રીમિયમ વિભાગમાં સંબોધિત કરેલ છે.

# ૩૫ વર્ષ સુધીની વયના યુવક-યુવતીઓ માટે સાહસિક પ્રવૃત્તિની પાંચ દિવસની નિવાસી શિબિર તાલીમ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે માટે પાંચ દિવસની નિવાસી શિબિરનું આયોજન કરાશે. આ તાલીમ શિબિરમાં ૧૫ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓની શારીરિક ક્ષમતા વધે, યુવાઓમાં સાહસિકતાના ગુણનો વિકાસ થાય અને તેઓમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર આવે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

પૂર, વાવાઝોડું, આગ, ભૂકંપ જેવી કુદરતી/કૃત્રિમ આપદાઓના સમયમાં યુવાનો સ્વબચાવ સાથે અન્યોને પણ મદદ કરી શકે તે માટે તાલિમ શિબિરનું આયોજન કરાશે. આ તાલીમમાં સરકાર દ્વારા શિબિરાર્થીઓને રહેવા, જમવા અને પ્રવાસ ભાડું આપવામાં આવશે. આ તાલીમમાં એન.સી.સી. અને એન.એસ.એસ., રમત ગમત, સાહસિક પ્રવૃત્તિઓ/ અન્ય એડવેન્ચર પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ શિબિરાર્થીઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે. આ તાલીમમાં લેવા ઈચ્છુક યુવક-યુવતીઓએ રાજકોટના જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૫/૫, બહુમાળી ભવન રેસકોર્ષ રોડ ખાતે અરજી ફોર્મ સાથે જરૂરી આધાર પુરાવા સ્વ.પ્રમાણિત કરી તા.૧૦/૦૭/૨૦૨૪ સુધીમાં કચેરી સમય દરમ્યાન મોકલી આપવાનું રહેશે. તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# શ્રેયાંસ સ્કૂલના પરમાર દિવ્યરાજ ફૂટબોલ ટુર્નામેન્ટમાં ઝળહળ્યો



**અબતક, રાજકોટ**

શ્રેયાંસ સ્કૂલ (બજરંગવાડી) ના ધોરણ-૯ ના વિદ્યાર્થી પરમાર દિવ્યરાજ ફૂટબોલ ટુર્નામેન્ટમાં જિલ્લા લેવલે વિજેતા થયેલ છે. તેઓએ શ્રેયાંસ સ્કૂલ અને પરિવારનું ગૌરવ વધારેલ છે. શ્રેયાંસ સ્કૂલ આ પ્રસંગે તેમને અભિનંદન પાઠવે છે અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે અને દેશનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવે છે.

# પ્રગટ ચેરી. ટ્રસ્ટ દ્વારા ચોપડા સાડી વિતરણ કરાયું

## પૂર્વ ડે.મેયર માવજીભાઇ ડોડીયા સહિતના મહાનુભાવોના હસ્તે કરાયું વિતરણ




**અબતક, રાજકોટ**

પ્રગટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૭ ના રોજ દાતાઓના સાથ અને સહકારથી ગંગા સ્વરુપ માતાઓને નિઃશુલ્ક સાડી વિતરણ તથા જરુરીયાત મંદ વિદ્યાર્થીઓને ફુલસ્કેપ ચોપડા વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ તેમજ મથુરાદાસ નરભેરામ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટના આર્થીક સહયોગથી ચાલતા રાજચંદ્ર નિઃશુલ્ક આજીવન ખીચડી કેન્દ્ર આ ખીચડી કેન્દ્ર માતાઓને દર મહિનાના પહેલા રવિવારે ૨ કિલો કાચી ખીચડી તથા ૨ કિલો ઘંઉનો લોટ આર.કે. બિલ્ડર પ્રા.લી.ના તરલાબેન રસિકભાઈ મહેતા તથા તેમના પુત્ર હરેનભાઈ મહેતા અને નરેનભાઈ મહેતાના સંપૂર્ણ સાથ અને સહકારથી આ ખીચડી કેન્દ્ર સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે.

ઉપરોકત પ્રસંગે પૂર્વ ડે.મેયર માવજીભાઈ ડોડીયા, હિરેનભાઈ હાપલીયા, વિપુલભાઈ રાઠોડ, સોફટકોમવાળા મહેશભાઈ તન્ના પરિવાર, રાઠોડ મશીન ટુલ્સ વાળા અશોકભાઈ રાઠોડ, વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના મનોજભાઈ ડોડીયા વગેરે મહેમાનોના વરદ હસ્તે વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ. આ માનવ સેવા કાર્યમાં સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ ભટ્ટની આગેવાની હેઠળ જયમીલ પંડયા, દેવાંગ ભટ્ટ, પરેશ ગોહેલ, વગેરે કાર્ગકરો એ નિઃસ્વાર્થ ભાવે સેવા આપેલ.

# સેલવાસઃ રેઈનકોટ ઉતારી નદીમાં છલાંગ લગાવનાર યુવાન લાપતા શોધખોળ જારી

**અબતક શિવભાણસિંહ સેલવાસ**



સેલવાસમાં સવારે ૧૧ ના સોમવારે રેનકોટ પહેરીને અખાલ બ્રિજ પર આવેલા સકસે આસપાસ નજર કરી રેનકોટ ઉતારીને રેલિંગ પર ચડી નદીમાં છલાંગ લગાવી દીધી હતી સીસીટીવી સ્ક્રીન ઉપર દ્રશ્ય જોઈને પોલીસે તાત્કાલિક મરજીવાઓને નદીમાં ઝંપલાવી છલાંગ લગાવનાર સકસને શોધવાના આદેશો આપતા તાત્કાલિક મરજીવાઓએ નદીમાં શોધખોળ આજ ધરી હતી પરંતુ સવારથી સાંજ સુધી પતો લાગ્યો ન હતો ઉથલ બ્રિજ પર છલાંગ લગાવનાર યુવક ગુજરાતની સરહદમાં પહોંચી ગયો હોવાની સંભાવના ના પગલે પોલીસે તપાસ કરી છે છેલ્લા કેટલાક વર્ષોથી પથલ પુન સુસાઇડ પોઇન્ટ બની ચૂક્યો હોય તેમ દર વર્ષે સૌથી વધુ ઘટનાઓ અથાલ બ્રિજ પર થી નદીમાં છલાંગ લગાવી આપઘાત કરી લીધાની બને છે.

# સેલવાસઃ નવનિયુક્ત ભાજપ પ્રભારી દુષ્યંત પટેલનું ઉમળકાભેર સ્વાગત

**અબતક શિવભાણ સિંહ સેલવાસ**



ભાજપ દાદરા નગર હવેલી અને દમણ દીવના પ્રદેશ પ્રભારી તરીકે નવનિયુક્ત દુષ્યંતભાઈ પટેલ( ભરૂચપૂર્વ ધારાસભ્ય) નાની દમણ કાર્યાલય ખાતે પ્રભારી નિયુક્તિ બાદ સૌપ્રથમવાર આવતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું .પ્રદેશ પ્રમુખ દિપેશભાઈ ટંડેલ ની આગેવાની માં સ્વાગત સત્કાર કરવામાં આવ્યું હતું. દમણ પ્રવેશ સમયે ડાભોલ વિસ્તારમાં ભાજપના યુવા નેતા અને પ્રદેશ મંત્રી જીગ્નેશભાઈ પટેલ દ્વારા મોટી સંખ્યામાં યુવાનો સાથે પ્રભારીનું સ્વાગત કર્યું હતુ પ્રદેશ કાર્યાલય દમણ ખાતે પૂર્વ સાંસદ લાલુભાઈ ની ઉપસ્થિતિમાં સ્વાગત કાર્યક્રમમાં અટળ ભવન ખાતે સાંસદ કલાબેન સહિતના આગેવાનોએ દુષ્યંત પટેલને આવકારી શુભકામના પાઠવી હતી

# સેલવાસઃ કાલી માતાના મંદિરે પ્રથમ પાટોત્સવની ભાવભેર ઉજવણી, રાજપુત સમાજે કર્યું હવન પૂજન

**અબતક શિવભાણસિંહ સેલવાસ**



સલવાર નરોલી હવેલી ફળિયામાં આવેલ કાલી માતા મંદિરે પ્રથમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી પાટોત્સવ નિમિત્તે સમગ્ર મંદિરને છોડે શણગાર થી સજાવ્યું હતું રાજપૂત સમાજ ના કુળદેવી કાલી માતા નું મંદિર ગયા વર્ષે જ બનાવવામાં આવ્યું હતું. મંદિરમાં મહાકાલી ની પ્રતિમા કરવામાં આવી હતી ત્યારથી મંદિર રાજપૂત સમાજ અને મહાકાલીના ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યું છે આજે કાલી માતા મંદિરના પ્રથમ પાટોત્સવ નિમિત્તે સવારથી જ ધાર્મિક કાર્યક્રમોનું પ્રારંભ કરવામાં આવ્યો હતો. સવારની પૂજા બાદ હવનમાં રજપૂત સમાજની મહિલા અને ભાઈઓએ લોક મંગલની કામના સાથે હવનમાં આવું થયું આપી હતી પૂજા આરતી બાદ બપોરે મહાપ્રસાદ નો આવી કોને લાભ આપવામાં આવ્યો હતો. રાજપૂત સમાજ સાથે અન્ય સમાજના માય ભક્તો એ ભક્તિ ભાવથી પ્રસાદી લીધી હતી

# લોહાણા કર્મચારી મંડળના તેજસ્વી તારલાઓને કરાશે સન્માનીત

## ૨૮મીએ મહાનુભાવોના હસ્તે સન્માનીત કરાશેઃ ફોર્મ વિતરણ શરૂ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર લોહાણા કર્મચારી મંડળ દ્વારા અવારનવાર કર્મચારીઓ માટે કાર્યક્રમોનું આયોજન કરતુ રહેતું હોય છે. ત્યારે ૧૬ જૂનના રોજ મંડળની નિયમનુસાર સાધારણ સભા મળી હતી.

જે અન્વયે પ્રતિભા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટેના ફોર્મ મંડળ કાર્યાલય ૩૦૬-૩૦૭ ગુરૂરક્ષા કોમ્પ્લેક્ષ, ટાગોર રોડ રાજકોટ ખાતેથી સાંજે ૦૬.૩૦ થી ૦૮.૦૦ દરમ્યાન મળી શકશે.

રઘુવંશી કર્મચારીઓ માટેની અગ્રગણ્ય સંસ્થા શ્રી રાજકોટ શહેર લોહાણા કર્મચારી મંડળ દ્વારા પ્રતિવર્ષ સંસ્થાના સભ્યોના બાળકો માટે પ્રતિભા સન્માન સમારોહનું આયોજન કરે છે. તે જ રીતે આ વર્ષે પણ તા.૨૮ જુલાઈનાં રોજ સાંજે ૪.૦૦ કલાકે કોટક સભાગૃહ, C/o. કોટક સ્કુલ, મોટી ટાંકી ચોક, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટ શહેર લોહાણા કર્મચારી મંડળના કાયમી સભ્યોના બાળકો કે જેઓએ ચાલુ વર્ષ દરમિયાન ધો.૧ થી ધો.૧૨માં પ્રથમ પ્રયત્ન ઉતીર્ણ થયા છે. તેમજ જે બાળકોએ ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન તથા ડોક્ટરેટની પદવી મેળવેલ હોય, તે તમામ બાળકો આ પ્રતિભા સન્માન સમારોહ- ૨૦૨૪ માટે ફોર્મ ભરી શકશે.

ધો.૧૦માં સમસ્ત રઘુવંશી સમાજના ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર બહેનને શ્રી ત્રિકમજીભાઈ અંદરજીભાઈ ચતવાણી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા ગોલ્ડ પ્લેટેડ મેડલથી સન્માનીત કરવામાં આવશે. તેમજ ધો.૧૨ સાયન્સમાં પ્રથમ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીને મંગુભાઈ દતાણી ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ દ્વારા તથા ધો.૧૨ કોમર્સમાં પ્રથમ ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીને દિલીપભાઈ સોમૈયા, અંકિત એસ્ટેટ, રાજકોટ દ્વારા ગોલ્ડ પ્લેટેડ મેડલથી સન્માન કરવામાં આવશે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૩ બાદ રાજકોટ ખાતે સરકારી, અર્ધસરકારી નોકરી મેળવનાર રઘુવંશી કર્મચારીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે.

આ પ્રતિભા સન્માન સમારોહનાં ફોર્મ તા.૦૮ થી તા.૧૫ જુલાઈ સુધી રાજકોટ શહેર લોહાણા કર્મચારી મંડળ, ૩૦૬-૩૦૭ ગુરૂરક્ષા કોમ્પ્લેક્ષ, વિરાણી હાઈસ્કૂલ ચોક, ભારત ટ્રાવેલ્સની બાજુમાં, ટાગોર રોડ, રાજકોટ પરથી સાંજે ૦૬.૩૦ થી ૦૮.૦૦ (સોમવાર થી શનિવાર) તેમજ રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ મળી શકશે.

## ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી

# શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઢસાના બે વિદ્યાર્થીઓ ચમક્યાં





**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ધોરણ-૬ ના બાળકો માટે પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા લેવામાં આવે છે. જેમાં મેરીટમાં આવનાર બાળકોને સરકાર તરફથી ખાસ શિષ્યવૃતિ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં લેવાયેલ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષાનું મેરિટ લિસ્ટ આજે બહાર પડ્યું. જેમાં સમગ્ર ગઢડા તાલુકામાંથી માત્ર ૪ વિદ્યાર્થીઓ મેરીટમાં આવ્યા. આ ૪ વિદ્યાર્થીઓમાં ૨ વિદ્યાર્થીઓ વિવેકાનંદ વિદ્યા પ્રતિષ્ઠાન, ઢસા (ગામ)ના છે. ૧. રાઠોડ ધ્વનિ નિકુંજભાઈ અને ૨. કળથીયા દિવ્ય હિતેશભાઈ. આ બન્ને વિદ્યાર્થીઓ તથા શાળાના શિક્ષક મિત્રોએ આજે ફરી શાળાનું નામ જિલ્લામાં ગુંજતું કર્યું છે. બન્ને બાળકો અને એમને માર્ગદર્શન આપનાર શાળાના સૌ શિક્ષક મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# એડવોકેટ જયેશ જાનીએ સેવાકાર્યો થકી જન્મ દિવસની ઉજવણી કરી

**અબતક, રાજકોટ**



રાજકોટના સીનીયર ધારાશાસ્ત્રી અને રાજકોટ શહેરની અનેકવિધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા એવા જયેશભાઈ જાની નો જન્મદિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.

જયેશભાઈ જાની તેમના પત્ની ડો. નીલાબેન જાની, પુત્ર.નંદીશ, નંદન, ભાઈ વિરેનભાઈ, તરુણભાઈ અને જાની પરિવારના અન્ય સભ્યો રાજકોટ ના એડવોકેટ નોટરી અને શુભેચ્છકોની ઉપસ્થિતિમા જાનીના નવા નિવાસ્થાન કેવલમ રેસીડેન્સી પુષ્કરધામ મેઈન રોડ ખાતે ખાતે એક કાર્યક્રમ યોજાયો હતો. જયેશભાઈ જાની તરફથી તેમના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના એક ક્ષેત્ર ''સેવા ભારતી'' ગુજરાતમાં રૂપિયા ૨૫,૦૦૦/ નું અનુદાન કરવામાં આવેલ હતું. રાજકોટ ખાતે સેવા ભારતી ગુજરાતના અધતન કાર્યાલયની માહિતી પંકજભાઈ રાવલે આપી હતી. તેમની સાથે એડવોકેટ વિનુભાઈ વ્યાસે રૂપિયા ૫૦૦૦ આપેલા હતા. જન્મદિવસના જુના સ્વયંસેવકો ઓલ્ડ ઈઝ ગોલ્ડ કાર્યક્રમમાં પ્રવીણભાઈ ધોળકિયા( પૂર્વ ચેરમેન; વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક)'' પંકજભાઈ રાવલ, દર્ષિત જાની, પ્રશાંત જોશી, ડો. કિરીટ પાઠક ,.ડો. પરેશ ઠાકર; અતુલ પંડિત, જનાર્દન આચાર્ય, સુરભીબેન આચાર્ય, કમલેશ મીરાણી, ઉમેશ રાજ્યગુરુ; જયેશ સંઘાણી (મહામંત્રી સહકાર ભારતી) સહિત અનેક સ્વયંસેવકો જોડાયા હતા.

# જન કલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિંછીયામાં રકતદાન કેમ્પ ૧૫૧ બોટલ રકત એકત્રીત

**અબતક, રાજકોટ**



જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૯૬ માં ચક્ષુદાતા જયંતિલાલ લક્ષ્મીચંદ બગડીયા (મામા) તથા માલતીબેન જયંતિલાલ બગડીયા અને નેહાબેન રૂપેશકુમાર બગડીયાના જન્મ દિવસ નીમીતે વીંછીયામાં રકતદાન કેમ્પનું આયોજન કરેલ. રુપેશભાઈ જેન્તીભાઇ, નીતેશભાઇ જેન્તીભાઈ તેના સમગ્ર બગડીયા પરિવાર અને ટીમ દ્વારા સફળ આયોજન કરેલ. આ કેમ્પમાં ૧૫૧ બોટલ રકત એકત્રિત થયેલ દરેક રકતદાતાઓને આકર્ષત ગીફટ આપવામાં આવેલ હતી.

રાજકોટની રેડક્રોસ બેંકનો સહયોગ મળેલ આ કેમ્પને સફળ બનાવવા જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા ની સાથે નૈમિષભાઈ વોરા, સંજયભાઈ ગાંગાણી, તથા પ્રશાંતભાઈએ સહયોગ આપેલ. સૌરાષ્ટ્રમાં કેમ્પ માટે ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવો અનુરોધ કર્યો છે.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિય મેરેજ બ્યૂરો કાર્યરત

**અબતક, રાજકોટ**

યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ દ્વારા સમાજ જીવનને સ્પર્શતી અનેક સમસ્યાઓના નિરાકરણ વાસ્તે નમ્ર પ્રયાસ કરીને જરૂરતમંદોના જીવનમાં ખુશહાલી આવે તે માટે અથાક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ જ શૃંખલા અંતર્ગત યુવા સેના ટ્રસ્ટનું સર્વજ્ઞાતિય મેરેજ બ્યુરો કાર્યરત છે. જેમાં હેતુથી માત્ર રૂ.૫૦૦/- માં આજીવન સભ્ય ફી ભરી દીકરાના ફોર્મ ભરી લગ્નની સમસ્યાથી રાહત મેળવો. યુવા સેના મેરેજ બ્યુરો દીકરા/દીકરીની સગાઈમાં સેતુ બનશે. સંસ્થાની આ સેવામાં વધુમાં વધુ ઉમેદવારો નામ રજીસ્ટર કરાવીને યોગ્ય જીવનસાથી પસંદગી કરે તે જ એકમાત્ર સંસ્થાનો ઉદ્દેશ્ય છે. સંસ્થા દ્વારા દીકરા/દીકરીઓની બાયોડેટા ગુપ્ત રાખવામાં આવશે. સંસ્થા દ્વારા દીકરા/દીકરીઓની બાયોડેટા સોશીયલ મિડીયામાં મુકવામાં આવતી નથી. જેની ખાસ નોંધ લેશો. દિકરીઓ ઓફીસે મેરેજબ્યુરોનું ફોર્મ ભરવા આવે ત્યારે સંસ્થા તરફથી રૂ.૧૦૧ રોકડ પુરસ્કારની ભેટ આપવામા આવે છે.

સમાજ જીવનને વ્યાપક રીતે સ્પર્શતી આ સમસ્યા માટે યુવા સેના ટ્રસ્ટ દ્વારા મેરેજ બ્યુરો કાર્યરત છે. આ પ્રશ્નના સમાધાન મેળવવા વિવાહ યોગ્ય વર-કન્યા અથવા વાલીઓએ ટ્રસ્ટના કાર્યાલય, ''સેવાભવન'', ભોલેનાથ સોસાયટી શેરી નં.૪, ગુરૂપ્રસાદ ચોકથી નજીક, અંકુર વિદ્યાલય મેઈન રોડ, રાજકોટ ખાતે રૂબરૂ સંપર્ક સાધવાનો રહેશે. જેનો સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૫ થી ૭ અને રવિવારના દિવસે મેરેજ બ્યુરો કાર્યાલય બંધ રહેશે. ટોકન દરે ફી ભરી રજીસ્ટ્રેશન કરાવીને મેરેજ બ્યુરોના સભ્ય બની શકાય છે. દીકરાઓ માટે આજીવન સભ્ય ફી રૂ.૫૦૦/- રાખવામાં આવેલ છે. સંસ્થાની વધુ વિગત માટે ઓફિસ મો.નં.૮૪૬૦૬ ૯૬૧૦૮ પર સંપર્ક કરવો.

# ખેલ મહાકુંભ સ્વિમીંગ સ્પર્ધામાં મોદી સ્કુલના જોષી વેદાંત રાજ્ય કક્ષાએ ઝળહળ્યો

## સિલ્વર અને બ્રોન્ઝ મેડલ સાથે રૂ.૨૦,૦૦૦નું પુરસ્કાર એનાયત

**અબતક, રાજકોટ**



શિક્ષણની સાથો-સાથ રમત-ગમત પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહેતી એવી મોદી સ્કૂલ. ગુજરાત સરકાર દ્વારા રાજ્ય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધાનું આયોજન હિંમતનગર ખાતે કરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યના ઘણાં બધા સ્પર્ધકો દરેક જિલ્લામાંથી આવેલ, તેમાંથી સૌરાષ્ટ્રની ખ્યાતનામ શ્રી પી.વી.મોદી સ્કૂલ ધો.૧૨ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જોષી વેદાંત આશિષભાઈ એ 4 X 100 મી. મીડલે રીલેમાં સિલ્વર મેડલ બીજો નંબર, ૫૦ મી. ફ્રિ સ્ટાઈલમાં ત્રીજો નંબર બ્રોન્ઝ મેડલ અને ૧૦૦ મી. ફ્રિ સ્ટાઈલમાં ત્રીજો નંબર અને બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. ઉપરાંત રૂ.૨૦,૦૦૦ નું પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે. જોષી વેદાંતએ એસજીએફઆઈ નેશનલ લેવલે પણ ભાગ લીધેલ છે તથા રાજકોટ જિલ્લાનું સ્વિમિંગ સ્પર્ધામાં પ્રતિનિધિત્વ કરે છે. ઉપરાંત દ્વારકા થી સોમનાથ દરિયાઈ સ્વિમિંગ સ્પર્ધામાં ભાગ લીધેલ શાળાના પ્રિન્સિપાલઓ, સેક્શનહેડઓ, સ્ટાફ ગણ તેમજ વિદ્યાર્થીઓ અભિનંદન પાઠવેલ. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. આર.પી.મોદી સર તથા મેનેજિંગ ડાયરેક્ટર ધવલભાઈ મોદી દ્વારા વિદ્યાર્થીની આ જ્વલંત સફળતા બદલ આર્શીવાદ પાઠવેલ ઉપરાંત ભવિષ્યમાં પણ ખૂબ સારી સફળતા પ્રાપ્ત કરી શાળા તથા પરિવારનું નામ રોશન કરે એવી શુભેચ્છા પાઠવી હતી.

## આયુર્વેદ, મોર્ડન મેડિસીનના ભીષ્મપિતામહ સમા

# રાજકોટના પનોતા પુત્ર ડો.અશોકભાઇ વૈધનો મુંબઇ ખાતે ૮૯ વર્ષની જૈફ વયે દેહવિલય

### ‘રિવર્સ ફોર્મકોલોજી’ જેવા નવા જ સંશોધન સિદ્ધાંતોના જનક, ૧૫૦થી વધુ સંશોધન લેખો તેમજ ૧૫થી વધુ પારિતોષિકથી વિભૂષિત, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતેના ડ્રગ ડિસ્કવરી સેન્ટર તેમજ મેડિસિનલ પ્લાન્ટ ગાર્ડનના માર્ગદર્શક રહ્યા‘તા



**અબતક, રાજકોટ**

રાજકોટના પનોતા પુત્ર અને વિશ્વ વિખ્યાત ઔષધ સંશોધક ડો.અશોકભાઈ ડી.બી. વૈદ્યનું ૮૮ વર્ષે મુંબઈમાં લાંબી બીમારી બાદ નિધન થયું છે. ડો.અશોકભાઈ વૈદ્ય ભારતમાં તેમના આયુર્વિજ્ઞાન ફોર્મોકોલોજી, મોડર્ન મેડિસીન અને ઔષધીય વનસ્પતિઓના સાત દાયિકાના સંશોધન કાર્યથી દેશના ટોચના વૈજ્ઞાનિકોની હોળમાં ગણાતા હતા. જેતપુરના વૈદ્ય મયારામ સુંદરજીના પ્રપોત્ર એવા અશોકભાઈ સ્વતંત્ર સેનાની અને નીડર પત્રકાર તથા અપક્ષ ધારાસભ્ય રહેલા. સ્વ.બાબુભાઈ પ્રાગજી વૈદના પુત્ર થાય. વિરાણી વલ્લભ કન્યા વિદ્યાલયમાં સ્થાપકોમાંના સુમતિબેન વૈદના ભાઈ હતા. મુંબઈ ખાતે સ્થાયી અશોકભાઈના પત્ની અને મુંબઈના ખ્યાતનામ એન્ડોત્રાઈનોલોજીસ્ટ ડો.રમાબેન વૈદ્ય પણ તેમની સાથે કસ્તુરબા હેલ્થ સોસાયટીમાં અનેક સંશોધનોમાં પ્રેરક બળ રહ્યા છે. અશોકભાઈ રમાબેનની પુત્રી ડો.વિદીતા વૈદ્ય શાંતિ સ્વરૂપ ભટનાગર જેનું ઉચ્ચ ભારતીય સન્માન પ્રાપ્ત છે અને હમણામાં કેન્સર સંશોધન માટે રૂપિયા એક કરોડનું ઈમ્ફોસિસ એવોર્ડ વિજેતા છે હાલ તેઓ આઈટીએફઆરમાં બાયોટેકના અધ્યક્ષ છે શેઠ જીએસ મેડિકલ કોલેજમાં અભ્યાસ કર્યા બાદ ત્યાં જ એમ.ડી. (ઈન્ટર્નલ મેડિસીન) ડિગ્રી પ્રાપ્ત કરી. અશોકભાઈ તેમના સહધ્યાયી રમા સાથે અમેરિકાની યેલ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય ફેલોશીપ મળતા વધુ સંશોધનાર્થે પહોંચ્યા અને ત્યાંથી ડોક્ટરેટ મેળવી સ્વદેશ પરત આવ્યા પછી હિન્દુસ્તાન સીબા - ગાઈગીના ઔષધ સંશોધન કેન્દ્રના નિયામક તરીકે કારકિર્દી આરંભી પછી પાછું વાળીને જોયું નથી. અશોકભાઈ વૈદ્યને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ ઈન્ડિયન સોસાયટી ઓફ કેમિસ્ટ એન્ડ બાયોલોજીસ્ટ સાથે તેમજ રાજકોટ સાથે વિશેષ નાતો રહ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિ ડો.કનુભાઈ માવાણીના સમયમાં ઈન્ટર યુનિવર્સિટી મેડિસિનલ પ્લાન્ટ નર્ચર એન્ડ થેરાપેટિકસ ૩૫૦ મેડિસીનલ પ્લાન્ટ ગાર્ડન અને તેના સંશોધનમાં નેચરલ ફેસીલીટી ફોર ડ્રગ ડિસ્કવરી સેન્ટરમાં પ્રોફેસર તરીકે તેમજ રાજકોટમાં ડ્રગ ડીસ્કવરી સેન્ટર થાય તે માટે ૨૦૦૫ ની આઈએસસીબીમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં અને તે પછી પણ રાજકોટ સાથે સંશોધનમાં તેમનો નાતો ચાલુ રહ્યો હતો. સંશોધનમાં જીવનભર કાર્યરત હોવા છત્તાં પણ અશોકભાઈ તેમના સાહિત્યકાર પિતા બાબુભાઈ પ્રા.વૈદ્ય તેમજ મામા અને કવિ સાંઈ મકરંદ દવેનો આધ્યાત્મિક વારસો જામવ્યો હોય તેમ તેમના લેખો, વિચારો, ચિંતન તેમજ કાવ્યો વગેરેમાં પ્રગટ થાય છે.

# રાજકોટમાં બે ઈંચ વરસાદઃ સિઝનનો કુલ ૯ ઈંચ

## સતત ૪૫ મિનિટ સુધી પડેલા અનરાધાર વરસાદના કારણે શહેરભરમાં પાણી-પાણી જેવી સ્થિતિઃ અનેક વિસ્તારોમાં વરસાદના પાણી ભરાયાઃ ટ્રાફિક જામની સમસ્યા સર્જાય





તસવીરઃ શૈલેષ વાડોલિયા



**અબતક,રાજકોટ**

રાજકોટમાં છેલ્લા એકાદ સપ્તાહથી વાદળછાંયુ વાતાવરણ જામે છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળોનો જમાવડો પણ જોવા મળે છે. પરંતુ મેઘરાજા મહેર ઉતારતા નથી. ગઈકાલે સાંજે શહેરમાં મેઘાનો અષાઢી અંદાજ જોવા મળ્યો હતો. માત્ર ૪૫ મિનિટમાં શહેરમાં દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી જવાના કારણે સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતુ. વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. અનેક વિસ્તારોમાં વરસાદના પાણી ભરાયા હતા ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટમાં આજ સુધીમાં સિઝનનો ૯ ઈંચ વરસાદ વરસી ગયો છે.

દિવસ દરમિયાન ભારે ઉકળાટ અને વાદળછાંયા વાતાવરણ વચ્ચે સમી સાંજે મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું હતુ. શરૂઆતમાં થોડા સમય ધીમીધારે હેત વરસાવ્યા બાદ અનરાધાર વરસવાનું શરૂ કર્યુ હતુ શહેરનાાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૨૬મીમી વરસાદ વરસી ગયો હતો. સિઝનનો કુલ ૨૧૯ મીમી વરસાદ વરસી ગયો છે. જયારે વેસ્ટ ઝોનમાં ૩૩ મીમી વરસાદ પડયો હતો. અહી સીઝનનો ૨૦૪ મીમી વરસાદ વરસી ગયો છે. જયારે ઈસ્ટઝોન વિસ્તારમાં ૨૭ મીમી વરસાદ વરસ્યો હતો. અહી સિઝનનો કુલ ૧૭૭ મીમી વરસાદ વરસી ગયો છે. હવામાન વિભાગના રેકોર્ડ પર શહેરમાં ૩૦ મીમી વરસાદ વરસી ગયો છે. સિઝનનો ૧૬૨ મીમી વરસાદ પડયો હોવાનું નોંધાયું છે.

માત્ર ૪૫ મીનીટમાં દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી જવાના કારણે શહેરનાં ૧૫૦ ફૂટ રીંગરોડ પર ગોઠણડુબ પાણી ભરાયા હતા બીઆરટીએસ રૂટની બંને બાજૂની સોસાયટીમાં જાણે નદીઓ વહેતી હોય તે રિતે વરસાદના પાણી વહેતા હતા આ ઉપરાંત શહેરનાં નીચાણ વાળા વિસ્તારોમાં પણ વરસાદના પાણી ભરાયા હોવાની ફરિયાદ ઉઠી હતી.

માત્ર દોઢ ઈંચ વરસાદમાં આખુ રાજકોટ પાણી પાણી થઈ ગયું હતુ. જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાય જવા પામી હતી. કોર્પોરેશનની પ્રિ-મોનસુન કામગીરીની પોલ મેઘરાજાએ ખોલી નાખી હતી. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. દરમિયાન આજે સવાર વરાપ નિકળ્યો છે. હજી ૧૪મી સુધી રાજયભરમાં ભારેથી અતી ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

રાજકોટ શહેર ઉપરાંત રાજકોટ જિલ્લામાં પણ મેઘરાજાની મહેર ઉતરી હતી ધોરાજીમાં ૮૫મીમી, ગોંડલમાં ૪૧ મીમી, જામકંડોરણામાં ૫૭ મીમી, જસદણમાં ૫ મીમી જેતપુરમાં ૨૨ મીમી, કોટડાસાંગાણી ૮ મીમી, લોધીકામાં ૧૩૦ મીમી, પડધરીમાં ૪ મીમી, રાજકોટમાં ૩૦ મીમી, ઉપલેટામાં ૨૧ મીમી અને વિંછીયામાં માત્ર ૨ મીમી વરસાદ પડયો હતો.

# સૌરાષ્ટ્રના દરિયા સમા ભાદર ડેમમાં નવા ૧.૨૫ ફુટ પાણીની આવક

## ૨૪ જળાશયોની જળસપાટીમાં વધારો નોંધાયોઃ મેઘરાજાએ અમીદ્રષ્ટિ કરતાં જળ વૈભવ વધ્યો

**અબતક, રાજકોટ**

એકાદ સપ્તાહના વિરામ બાદ મંગળવાર બપોરે બાદ મેઘરાજાએ ફરી અષાઢી અંદાજ દેખાડયો હતો. સૌરાષ્ટ્રમાં સચરારાર હળવા ઝાપટાથી લઈ સવા પાંચ ઈંચ સુધી વરસાદ વધી જવાના કારણે ભાદર સહિતના ૨૪ જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. જુનાગઢ જીલ્લાનો ખારો ડેમ ઓવર ફલો થઈ ગયો છે. સૌરાષ્ટ્રના દરિયા સમા ભાદર ડેમમાં નવું ૧.૨૫ ફુટ પાણી આવ્યું છે.



રાજકોટ સિંચાઈ વર્તુળ પુર એકમ ના સૂત્રોના જણાવ્યાનુસાર આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૨૪ જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. ફુલ લેવલ જાળવી રાખવા માટે હાલ ચાર જળાશયોના દરવાજા ખોલી પાણી છોડવામાં આવી રહ્યું છે. જયારે ઉમિયા સાગર ડેમ ૦.૪ મીટરની સપાટીએ ઓવરફલો થઈ રહયો છે.

ભાદર ડેમમાં નવું ૧.૨૫ ફુટ પાણી આવ્યું છે. ૩૪ ફુટે ઓવર ફલો થતાં ભાદરની સપાટી હાલ ૧૨.૧૦ ફુટે પહોંચી જવા પામી છે. ડેમમાં હાલ ૬૫૩ એમસીએફટી પાણી સંગ્રહિત છે. આ ઉપરાંત રાજકોટ જીલ્લાના ફોફળ ડેમમાં ૧.૭૧ ફુટ, આજી-૩ ડેમમાં ૧.૪૪ ફુટ, ડોડી ડેમમાં ૯.૩૫ ફુટ, ન્યારી-૨ ડેમમાં ૦.૩૩ ફુટ, છાપરવાડી ડેમમાં ૧.૯૭ ફુટ પાણીની આવક થવા પામી છે. રાજકોટ જીલ્લાના જળાશયોમાં ૨૭.૭૨ ફુટ પાણી સંગ્રહિત છે.

મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૨.૨૩ ફુટ નવુ પાણી આવ્યું છે. આ ઉપરાંત મચ્છુ-૨ ડેમમાં ૧.૫૧ ફુટ, ડેમી-૧ ડેમમાં ૦.૪૬ ફુટ અને ડેમી-૨ ડેમમાં ૨.૪૬ ફુટ પાણી આવ્યું છે. મચ્છુ-૩ ડેમનો ૧ દરવાજો ૦.૨૫ મીટર ખુલ્લો છે. જીલ્લાના ૧૦ જળાશયોમાં ૨૨.૨૪ ફુટ પાણી સંગ્રહિત છે. જામનગર જિલ્લાના ફોફળ-૨ ડેમમાં ૧.૫૧ ફુટ, રંગમતિમાં ૭.૫૫ ફુટ,

(અનુ. આઠમા પાને)

## ૧૩ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

હવામાન વિભાગ દ્વારા ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આજે ફરી વરસાદની આગાહી આપવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્રના ચાર, મધ્ય ગુજરાતના ત્રણ તો દક્ષિણ ગુજરાતના ૬ જિલ્લામાં આજે ભારે વરસાદ વરસી શકે છે. જેમાં સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે તો મધ્ય ગુજરાતના પંચમહાલ, દાહોદ અને છોટા ઉદેપુરમાં વિજળીના કડાકા-ભડાકા સાથે વરસાદની આગાહી આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના ૬ જિલ્લામાં જેમાં સુરત, તાપી, નર્મદા, નવસારી, ડાંગ અને વલસાડમાં ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત સંઘ પ્રદેશ દમણ, દાદરાનગર હવેલી અને દીવમાં પણ વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. બીજી બાજુ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું હતું કે ૧૭ થી ૨૪ જુલાઇ વચ્ચે રાજ્યમાં ભારે વરસાદ ખાબકશે તો ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે તો દક્ષિણ-સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદનું અનુમાન આપવામાં આવ્યું છે.

## ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા નોડલ અધિકારીઓને એલર્ટ રહેવા સૂચના

રાહત કમિશનર જેનુ દેવનના અધ્યક્ષસ્થાને વેધર વોંચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી સમયમાં ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને લાઈન ડિપાર્ટમેન્ટના નોડલ અધિકારીઓ સાથે મુદ્દાવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં આઈએમડીના અધિકારી દ્વારા વરસાદની સ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી તથા આગામી ૧૪ જુલાઈ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ભારે વરસાદની ચેતવણીના ભાગરૂપે એનડીઆરએફ-એસડીઆરએફ ટીમનું જિલ્લાઓ ખાતે ડિપ્લોયમેન્ટ કરવામાં આવ્યું છે અને રાહત બચાવની કામગીરી કરવા સૂચના અપાઈ છે તેમજ આરોગ્ય વિભાગ સાથે ઋતુજન્ય રોગચાળાની સ્થિતિને લઈ ચર્ચા કરવામાં આવી હતી. શહેરી વિકાસ વિભાગ અને પાણી પૂરવઠા વિભાગ સાથે જરૂરી સંકલનમાં રહી ક્લોરીનેશન અને સફાઈની યોગ્ય કામગીરી કરવા રાહત કમિશનરે સૂચના આપી હતી તેમજ બેઠકમાં હાજર રહેલ નોડલ અધિકારીઓને સંભવિતઃ ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા એલર્ટ અપાયું છે.

# ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડના પીડિતોને મળતા મુખ્યમંત્રી

## અગ્નિકાંડમાં મોતને ભેંટેલા ૨૭ હતભાગીઓ પૈકી ૨૪ના પરિવારજનો ભૂપેન્દ્રભાઈ પટેલને મળ્યાઃતમામની આંખોમાં આંસુ

### સરકાર આપની સાથે જ છે, એકપણ કસુરવાનને બક્ષવામાં નહી આવેઃ મુખ્યમંત્રીનું પીડિતોનાં પરિવારોને આશ્વાસન

**અબતક,રાજકોટ**

શહેરના નાના મવા મઈન રોડ પર ટીઆરપી ગેમ ઝોનમાં ગત ૨૫મી મેના રોજ સર્જાયેલા વિનાશક અગ્નિકાંડમાં ૨૭ વ્યકિતઓનાં કરૂણ મોત નિપજયા હતા આ ઘટનામાં કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ શાખા તથશ ફાયર બ્રિગેડ શાખાની બેદરકારી ખૂલવા પામી છે. આજે બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અગ્નિકાંડમાં હોમાયેલા ૨૭ હતભાગીઓનાં પરિવારજનોને મળ્યા હતા અને તેઓનાં આસુ લુછી સાંત્વના આપી હતી. ગત સપ્તાહે લોકસભાના વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અગ્નિકાંડના પીડિતોને મળ્યા બાદ સીએમએ પણ તત્કાલ પીડિતોને મળવાનું નકકી કર્યું હોવાનું ચર્ચાય રહ્યું છે.

ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડમાં ૨૭ લોકોના કરૂણ મોત નિપજયા હતા. ૨૭ હતભાગીઓનાં પરિવાર પૈકી ૨૪ મૃતકોનાં પરિવારજનો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને બપોરે ૧૨.૩૦ કલાકે સી.એમ. હાઉસ ખાતે મળ્યા હતા એક મૃતકનો પરિવાર નેપાળ છે. જયારે એક હરિદ્વાર ગયો છે. આ ઉપરાંત પ્રકાશ જૈનના પરિવારજનો સી એમને મળવા ગયા ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

શહેર ભાજપ પ્રમુખ મૂકેશ દોશી, મહામંત્રી માધવ દવે, અશ્વિન મોલીયા અને વિરેન્દ્રસિંહ ઝાલા ઉપરાંત સાંસદ રામભાઈ મોકરિયા, પરસોતમભાઈ રૂપાલા, ઉપરાંત ચારેય ધારાસભ્ય ભાનુબેન બાબરીયા (કેબીનેટ મંત્રી), ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા અને ડો. દર્શિતાબેન શાહ પણ આ મૂલાકાતમાં સામેલ થયા હતા. આજે સવારે કેબિનેટ બેઠક પૂર્ણ થયાબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના સરકારી નિવાસ સ્થાને સીએમ હાઉસ ખાતે



ફાઈલ તસવીર

રાજકોટ ટીઆરપી ગેમ ઝોનનાં અગ્નિકાંડનાં હતભાગીઓનાં પરિવારજનોને મળ્યા હતા તમામને સીએમએ સાંત્વના પાઠવી હતી. સાથોસાથ એવી પણ ખાતરી આપી હતી કે, આ કરૂણ અને હૈયા હચમચાવી દેતી ઘટનામાં એકપણ કસુરવાનને છોડવામાં આવશે નહીં. રાજય સરકાર દ્વારા ધડારૂપ કાર્યવાહી કરવામાં આવશે. જેથી ભવિષ્યમાં કોઈપણ સરકાર વિભાગના અધિકારી કે કર્મચારીઓ ફરજમાં બેજવાબદારી દાખવતા પૂર્વ ૧૦૦ વાર વિચાર કરશે.અત્રે ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહે ગુજરાતની મૂલાકાતે

(અનુ. આઠમા પાને)

## આજે બહાર જમવા જવાનું પ્લાનીંગ ન કરતા

# કોર્પોરેશન દ્વારા કરાતા આડેધડ સીલીંગના વિરોધમાં હોટલ-રેસ્ટોરન્ટ બંધ

### બંધના એલાનમાં બે ફાંટા પડયા, અનેક હોટલ-રેસ્ટોરન્ટ ચાલુઃ કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરને આવેદન પત્ર આપ્યા

**અબતક,રાજકોટ**

ટીઆરપી ગેમ ઝોનમા સર્જાયેલા જીવલેણ અગ્નિકાંડની ઘટના બાદ ગુજરાત હાઈકોર્ટની આકરી ટકોર અને રાજય સરકાર દ્વારા આપવામાં આવેલા આદેશનાં પગલે રાજકોટમાં મ્યુનીસિપલ કોર્પોરેશન દ્વારા શહેરભરમાં ફાયર એનઓસી અને બીયુ પરમિશન વિના ધમધમતી કોમશિયલ મિલ્કતો સીલ કરવામાં આવી રહી છે.

ફાયર એનઓસી માટે પૂરતો સમય કે માર્ગદર્શન આપ્યા વિનાજ આડેધડ સીલીંગની કાર્યવાહી કરવાામં આવતા આજે શહેરમાં હોટલ રેસ્ટોરન્ટ, કાફે તથા ખાણીપીણક્ષની દુકાનોનાં સંચાલકો દ્વારા ૨૪ કલાકનો બંધ પાળી પ્રતિકાત્મક વિરોધ કરવામાં આવ્યો હતો જેમાં બે ફાંટા પડી ગયા હોવાનું ચર્ચાય રહ્યું છે. અનેક હોટલ રેસ્ટોરન્ટ સવારના સમયે ચાલુ રહ્યા હતા.







તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

કોર્પોરેશન દ્વારા શહેરભરમાં ફાયર એનઓસી અને બીયુ પરમીશન વિના ધમધમતા હોટલ, રેસ્ટોરન્ટ, કાફે, પાર્ટીપ્લોટ, બેન્કવેટ હોલ સીલ કરવામાં આવી રહ્યા છે. આડેધડ સીલીંગનાં વિરોધમાં આજે હોટલ રેસ્ટોરન્ટના સંચાલકો દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતુ જે હોટલમાં રૂમની વ્યવસ્થા છે અને અહી રોકાણ માટે ઉતરેલા લોકોને હાલાકી ન વેઠવી પડે તે માટે આવી હોટલોનાં રસોડા ચાલુ રાખવામાં આવ્યાહતા.

બંધના એલાનમાં પણ બે ફાંટા પડી ગયા હતા. હોટલ રેસ્ટોરન્ટ સજજડ બંધ રહ્યા ન હતા. સવારના સમયે અનેક હોટલો ચાલૂ હોવાના પણ અહેવાલ મળી રહ્યા છે. દરમિયાન આજે હોટલ રેસ્ટોરન્ટનાં સંચાલકો દ્વારા જિલ્લા કલેકટર અને મ્યુનીસિપલ કમિશનરને આવેદન પત્ર આપવામાં આવશે.

### પોલીસ દ્વારા રેલીની મંજૂરી ન અપાયઃ જે હોટલમાં રહ્યાની વ્યવસ્થાન છે ત્યાં રસોડા ચાલું રહ્યા